
# શ્રી જૈન શાસનની અમૂલ્ય ભેટ

યાને

# પરલોકનું ભાતું



લેખક :
પ.પૂ.આ.ભ.
શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી
મહારાજા



ગીતાર્થ મૂર્ધન્ય, સચ્ચારિત્ર ચૂડામણિ, સંઘસ્થવિર

**આચાર્ય ભગવંત શ્રીમદ વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજા**

अर्हं

सुगृहीतनामधेयश्रीमद्विजयसिद्धिसूरीश्वरेभ्यो नमः

# શ્રી જૈન શાસનની અમૂલ્ય ભેટ

યાને

# પરલોકનું ભાતું




લેખક : વર્ધમાન તપોનિધિ પ.પૂ.આ.ભ.

**શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજા**

સંપાદક : પ.પૂ.આ.ભ.શ્રી નરરત્નસૂરીશ્વરજી મહારાજા

શ્રી જૈનશાસનની અમૂલ્ય ભેટ યાને

# પરલોકનું ભાતું

વીર સં. ૨૫૩૯, વિ. સં. ૨૦૬૯
આવૃત્તિ : દ્વિતીય, નકલ : ૨૦૦૦
મૂલ્ય : રૂા. ૬૦/-

પ્રકાશક :
આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી સમાધિધામ ટ્રસ્ટ

પ્રાપ્તિસ્થાન :
આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી સમાધિધામ ટ્રસ્ટ
એકતા ટાવરની પાછળ, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ.
સંપર્ક : નીલેશભાઈ, મો : ૯૪૨૭૧ ૦૯૦૨૦.

શ્રી જોટવા પાર્શ્વનાથ તીર્થ (ભદ્રંકર ધર્મધામ)
હાઈવે રોડ, પો.ધીણોજ, તા.ચાણસ્મા, જિ.પાટણ (ઉ.ગુ.)

મુદ્રક : જયશ્રી પ્રિન્ટર્સ, બોરીવલી-મુંબઈ.

# શ્રી નવકારમંત્રનું આહ્‌વાન-ઘોષણા

"ताव न जायइ चित्तेण, चिंतियं पत्थियं च वायाए ।
काएण समाढत्तं, जाव न सरिओ नमुक्कारो ।।१।।"

"શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રને જ્યાં સુધી સ્મર્યો નથી, ત્યાં સુધી ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી આરંભેલું કાર્ય સિદ્ધ થતું નથી."

નવકાર એ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની જેમ શાશ્વતો છે, શ્રી તીર્થંકરોની દેશનાની જેમ એના ઉપકારો અનંતા છે.

જગતમાં કોઈ પણ એવું પાપ નથી જેનો પ્રતિકાર નવકારના આશ્રયથી અશક્ય હોય.

નવકારના અક્ષરો કેવળ અક્ષરો જ નથી, કિન્તુ અક્ષરમયી સાક્ષાત્ દેવતાઓ-જ્યોતિઃપુંજો છે. એનો આશ્રય લેનાર, એનું વિધિપૂર્વક શ્રવણ કે સ્મરણ કરનાર સર્વદા સુરક્ષિત છે.

નવકારની એ પ્રતિજ્ઞા છે કે-'મારો આશ્રય લેનાર કોઈ પણ હોય, તેના સર્વ પાપોનો મારે સમૂલ નાશ કરવો' આ પ્રતિજ્ઞાને જૂઠી પાડનાર આજ સુધી કોઈ નીકળ્યું નથી, એને જૂઠી પાડવાનો પ્રયાસ કરનાર પોતે જૂઠો પડે છે.

નવકારની બીજી પ્રતિજ્ઞા એ છે કે-મારા આશ્રયને લેનારનો આશ્રય સર્વ કોઈને લેવો પડે છે. દુનિયામાં જેટલા શુભ અને શ્રેષ્ઠ, સજીવ કે નિર્જીવ પદાર્થો છે તે સઘળા નવકારના દાસ છે. નવકારની આ બીજી પ્રતિજ્ઞા છે અને તે ટંકશાળી છે. એની સત્યતાની કસોટી કરવા માટે નવકારનું સમગ્ર વિશ્વને આમંત્રણ છે.

વિશ્વની સામે નવકારનું આહ્‌વાન છે-જાહેર ઉદ્‌ઘોષણા છે. ઉઠો, જાગો અને નવકારના આહ્‌વાનનો હર્ષપૂર્વક સ્વીકાર કરો !

લેખક -

પ.પૂ.આ.શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજા



ॐ ह्रीं नमो गोयमसामिस्स

"यस्योपसर्गाः स्मरणात् प्रयान्ति,
विश्वे यदीयाश्च गुणा न मान्ति ।
यस्याङ्गलक्ष्म्याः कनकस्य कान्तिः,
सङ्घस्य शान्तिं स करोतु शान्तिः ॥"

# આમુખ

સ્વાનુભવથી સમજાય તેવી વાત છે કે જગતમાં ખરેખર ! ઉપકારી હોય તો એક જ શ્રી જૈનશાસન છે. તેનું શરણું પામીને આત્મા અનંતી દુ:ખની બેડીઓનાં બંધનો તોડી અજરામર બને છે, અનંતા સુખનો ભોગી બને છે. આવું શાસન પામવું એ અતિ દુર્લભ છે, તે માટેનો મનુષ્યભવ પણ જ્ઞાનીઓએ દશ દષ્ટાન્તે દુર્લભ વર્ણવ્યો છે.

આવી અણમોલ સામગ્રી પામીને પણ મોહને વશ પડેલા ઘણા જીવો તેને વ્યર્થ ગુમાવે છે, દુરુપયોગ કરી પોતાનાં ભાવિ દુ:ખોને સર્જે છે. શ્રીમંતને પોતાને પ્રાપ્ત થએલી સંપત્તિની કિંમત તે કાળે સમજાતી નથી, પણ દરિદ્રને કે અશુભ કર્મોદયે લક્ષ્મી ગુમાવે ત્યારે તેને પોતાને પણ સમજાય છે.

આ જૈનશાસનને પામીને હારી ગએલા દેવો કે બીજી ગતિઓમાં રહેલા કેટલાય જીવો આજે શ્રી જૈન શાસનની ઝંખના કરે છે, અજૈન કુળોમાં જન્મેલા પણ તેની ભૂરી ભૂરી પ્રશંસા કરે છે. એમ છતાં જૈન કુળમાં જન્મેલા મોટા ભાગને આજે તેની કિંમત સમજાતી નથી. કારણ કે મોહાવૃત્ત જીવની પ્રકૃતિ 'અપ્રાપ્તપ્રિય' હોય છે, મલ્યા પછી તેને વસ્તુની કિંમત ભાગ્યે જ સમજાય છે.

આ એક એવી પરિસ્થિતિ છે કે અજૈન કુળમાં જન્મેલા કરતાં જૈન કુળમાં જન્મીને પણ જેઓ શ્રી જૈનશાસનની કિંમત નથી સમજતા તેઓ પ્રત્યે જ્ઞાનીઓને વધુ કરુણા ઉપજે.

શ્રી જૈનશાસન જેટલું ઉત્તમ છે, તેની સેવા જેટલી ઉપકારક અને આવશ્યક છે, તેટલી જ તેની પ્રાપ્તિ અને સેવા દુર્લભ છે.

માત્ર જૈન કુળમાં જન્મ લેવાથી કે તેના કુળાચારો પાળવા માત્રથી જીવને એ શાસનનું ફળ મળી જતું નથી, કિન્તુ તેને સમર્પિત થવું પડે છે અને તેની ખાતર સગવડ કે સાનુકૂળતાને તિલાંજલિ આપવી પડે છે. એ સામાન્ય મનુષ્યથી શક્ય નથી, તેને માટે સત્ત્વ-શુદ્ધઆત્મવીર્ય જોઈએ છે. આવું વીર્ય પ્રગટાવવા ગમે કે ન ગમે તો પણ ઔષધની જેમ શ્રદ્ધા રાખી વીતરાગની આજ્ઞાને અનુસરવું જોઈએ.

એ સુનિશ્ચિત છે કે શ્રદ્ધાથી સેવેલું પણ ઔષધ કદાચ નિષ્ફળ જાય પણ શ્રીવીતરાગની આજ્ઞાનું પાલન નિષ્ફળ થતું નથી. જીવ ન સમજી શકે તેવી રીતે તે જીવની આંતરશુદ્ધિ કરે છે, અને પછી તો ઉત્તરોત્તર એને શાસનની સેવામાં શ્રીજિનાજ્ઞાના પાલનમાં એવો રસ પેદા કરે છે કે ઈન્દ્રાસનની

લાલચો પણ તેને લલચાવી શકતી નથી. એક સમર્થ સુભટની જેમ કર્મસેનાની સામે ઝુઝુમી જીવ મોહને પરાસ્ત કરે ત્યારે જ ઝંપે છે.

પ્રભુ મહાવીર દેવના શાસનમાં ભૂતકાળમાં પણ એવું જીવન જીવનારા થઈ ગયા છે અને આજે પણ યથાશક્ય નિર્મોહી બનવામાં પ્રયત્નશીલ કેટલાય આત્માઓ છે. ભલે, તેઓ સંખ્યામાં થોડા હોય, પણ તેઓ જ માનવતાનું સાચું ફળ સાધનારા છે, બાકી તો રાજા હોય કે ધનાઢ્ય, પંડિત હોય કે પામર, બધા અનાદિના માર્ગે છે. આટલું સત્ય સમજીને જીવો આરાધક બને એ ઉદ્દેશથી બાળજીવોને ઉપકારક એવો થોડો સંગ્રહ આ પુસ્તિકામાં કરવામાં આવ્યો છે, એના શ્રદ્ધાપૂર્વકના સેવનથી જીવનું મરણ સુધરવાનો અચૂક સંભવ છે. જોઈએ પોતામાં વીતરાગના વચનોની શ્રદ્ધા અને

આરાધનાનું સત્વ !

જો કે અનેક ભાગ્યવંત આત્માઓ આ શાસનની આરાધના કરી સુખ સાધી ગયા છે, તેમનાં ઘણાં દૃષ્ટાન્તો જૈનશાસનનો જ્વલંત ઉપકાર સમજાવી શકે તેવાં છે, તો પણ આમાં મુનિ શ્રી અરૂણવિજયજીના જીવનનું આલંબન લેવામાં આવ્યું છે, તેનાં બે કારણો છે-એક તો તેમની અંતિમ આરાધના જોયા પછી આવું કંઈક લખવા સ્ફૂરણા થઈ અને બીજું તેઓનો અને મારો ગૃહસ્થાવસ્થાથી સંબંધ. તેમના જીવનમાં હું કેટલો સાથીદાર બન્યો તે તો હું જાણતો નથી પણ મારા જીવનમાં તેઓનો ઉપકાર ઘણો છે. એથી યત્કિંચિત્ ઋણમુક્તિના લક્ષ્યથી પણ તેઓના જીવનની લીધેલી નોંધ અસ્થાને નહિ ગણાય એમ સમજી મૂળ આશય શ્રીજૈનશાસનના અપૂર્વ મહિમાને

વર્ણવવાનો છતાં તેમના જીવનની કંઈક નોંધ લીધી છે. વાચકો તેને વાંચીને વિચારીને પોતાને પ્રાપ્ત થએલી અમૂલ્ય સામગ્રીને ઓળખે અને સફળ કરવા ઉદ્યમ કરે, એજ એક શુભેચ્છા !!

અંતે આ પુસ્તકના લખાણમાં કંઈ શાસ્ત્ર-વિરૂદ્ધ લખાયું હોય કે છદ્મસ્થ સુલભ અજ્ઞાન, ઉપયોગશૂન્યતા કે પ્રેસ દોષથી કંઈ ભૂલ રહેવા પામી હોય તેનો મિચ્છામિ દુક્કડં દઈ વિરમું છું.

અમદાવાદ.
પૂજ્ય આ. શ્રી વિજયમનોહરસૂરીશ્વર શિષ્ય
ભદ્રંકરવિજય
સં. ૨૦૧૩, માગશર સુદ ૫

* * *

# સામાન્ય જિનસ્તવન

(રાગ : બાજી બાજી બાજી ભૂલ્યો બાજી)

અરજી સુણો પ્રભુ મ્હારી .... અરજી મ્હારી
તું પ્રભુ કરૂણાકારી .... અરજી મ્હારી
મોહની છાકે મૂઢ બનીને,
ત્હારી વાત ન ધારી;
પાપ કરી કરી નિજધન ખોયું,
હાર્યો જેમ જુગારી... અરજી૦ (૧)

હિંસા કીધી જૂઠું બોલ્યો,
ચોરીશું કરી યારી;
વેશ્યા-પરદારાશું રમીયો,
ભમીઓ કામવિકારી.... અરજી૦ (૨)

પરવસ્તુમાં પ્રેમ કરીને,
        પોષ્યો મોહ ધૂતારો;
ક્રોદાદિક કરી રાગ દ્વેષનો,
        સાધ્યો સાથ ઠગારો... અરજી૦ (૩)

ઝગડ્યો જ્યાં ત્યાં ચાડી કીધી,
        કૂડાં આળ ચડાવ્યાં;
રતિ અરતિ ને પરનિંદાથી,
        ભવતરૂના બીજ વાવ્યાં...અરજી૦ (૪)

કપટે જૂઠું બોલી માચ્યો,
        મિથ્યા ભાવે રાચ્યો;
પાપ પુરાં કરી ભવનાટકમાં,
        નવ નવ વેષે નાચ્યો.... અરજી૦ (૫)

શત્રુને મિત્રો કરી માન્યા,
મિત્રો જાણ્યા વૈરી;
અંધ ભમ્યો હું મ્હારા દોષે,
આપદ વેઠી ઘેરી.... અરજી० (૬)

ચારગતિ ચક્રાવે ચઢીઓ,
નાઠાની નથી બારી;
ભદ્રંકર પ્રભુ નાથ તું મ્હારો,
શરણે આવ્યો ત્હારી.... અરજી० (૭)

* * *

# અંતિમ આરાધનાનો વિધિ

આરાધના માટે શ્રીસંઘને તથાયોગ હોય તો ગુરુને વિનયપૂર્વક આમંત્રણ કરી તેઓ પધારે ત્યારે 'આસન આપવું, વન્દન કરવું' વિગેરે વિનય કરીએ.

મંગલ માટે ઘીનો દીપક કરી ધૂપ વિગેરેથી વાતાવરણ પવિત્ર કરીએ,

રડવું, છીંકવું વિગેરે અમંગળ ટાળીએ,

યથાશક્ય ગુરુપૂજન, જ્ઞાનપૂજન વિગેરે કરી ગુરુને મુખે આરાધના સાંભળીએ,

તેમાં વચ્ચે પ્રસંગે પ્રસંગે 'મિચ્છામિ દુક્કડં'-ક્ષમાપના વિગેરે કરી આત્મશુદ્ધિ કરીએ,

છેલ્લે યાદ હોય તેટલાં દુષ્કૃતોની નિષ્કપટ ભાવે ગુરુ પાસે (ન હોય તો સિદ્ધની સાખે) આલોચના કરી શલ્ય દૂર કરીએ.

સર્વ પાપોનો, શય્યાનો, વપરાતી ભૂમિ-વસ્ત્રો સિવાયના પરિગ્રહનો અને છેલ્લા શ્વાસે શરીરનો પણ ત્યાગ ભવચરિમ પચ્ચક્ખાણથી કરીએ,

સંઘનું યથાશક્તિ સન્માન કરીએ.

પછી નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરીએ. ઈત્યાદિ.

* * *

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ટાંક |
| --- | --- |
| જૈનશાસનની અમૂલ્ય ભેટ | ૧ |
| ૧ -પરલોકનું ભાતું | ૧૦ થી ૧૬૮ |
| પહેલું પંચસૂત્ર સાર્થ | ૧૦ |
| નિત્યપ્રણિધાન-પ્રાર્થના | ૩૪ |
| પ્રભુને આત્મવ્યથા નિવેદન | ૩૯ |
| ભવોભવની આલોચના | ૪૫ |
| ૭ પ્રકારની અંતિમ આરાધના | ૫૨ |

| | |
| --- | --- |
| રોગમાં સમાધિજનક ભાવના | ૧૦૩ |
| બાર ભાવનાઓ | ૧૧૨ |
| શ્રી પુણ્યપ્રકાશનું સ્તવન | ૧૩૭ |
| સહજાનંદીની સજ્ઝાય | ૧૬૧ |
| આપ સ્વભાવની સજ્ઝાય | ૧૬૬ |
| વૈરાગ્યની સજ્ઝાય | ૧૬૮ |
| ૨ -જૈનશાસનના આરાધકો | ૧૭૧ થી સંપૂર્ણ |
| ૧. નમસ્કાર મહામંત્ર યાને ભિલ્લ-ભિલ્લડી | ૧૭૧ |
| ૨. શિવકુમાર | ૧૭૯ |
| ૩. સતી શ્રીમતી | ૧૮૪ |

૪. જિનદાસ ૧૮૮

૫. ચંડપિંગલ ચોર ૧૯૨

૬. હુંડિક યક્ષ ૧૯૭

૭. રાજા રાજસિંહ અને રાણી રત્નવતી ૨૦૩

૮. ભાગ્યશાળી સુભગ યાને શેઠ સુદર્શન ૨૧૫

૯. નિયમનો મહિમા યાને વંકચૂલ ૨૨૨

૧૦. સર્વ સુખની જનની દયા ૨૨૯

* * *

ॐ अर्हं नमः

# શ્રી જૈન શાસનની અમૂલ્ય ભેટ
## અથવા પરલોકનું ભાતું

અનાદિ-અનંત કાળથી જીવો સંસારરૂપી નાટકમાં નવા નવા વેશ (ભવ) ધારણ કરીને મોહરૂપી મહા સમર્થ શત્રુની હકુમત નીચે નાચ કરી રહ્યા છે, તેમાં દરેક જીવો અકથ્ય-અસહ્ય-અનંત આપત્તિઓનો ભોગ બન્યા છે, બને છે, અને ન છૂટે ત્યાં સુધી બનશે.

એમાં રોગ-શોક-દારિદ્ર-દૌર્ભાગ્ય-ભૂખ-તૃષા-તાપ-ઠંડી-પરાધીનતા-પરની આશા-કામ-ક્રોધ-મદ-માન-માયા-લોભ-ક્લેશ-કંકાસ-

નિંદા-ચાડી-ચૂગલી-અંધાપો-બહેરાપણું-મુંગા-બોબડાપણું-લુલા-લંગડા-ઠુંઠાપણું-મજુરી-ભીખ, વિગેરે બાહ્ય અનુભવાતી સામાન્ય આપત્તિઓનું વર્ણન પણ થઈ શકે તેવું નથી તો તે સર્વને ઉલ્લંઘી જાય તેવી જન્મ-જરા-મરણાદિની આપત્તિઓ કે જેને જીવ ભૂલી જાય છે, તેનું વજ્ર કઠીન કાયાને અને હૈયાંને પણ કંપાવી મૂકે તેવું સ્વરૂપ તો વર્ણવાય જ કયા શબ્દોમાં ?

એ ઉપરાંત પણ અન્ય ગતિઓમાં નરકની અસહ્ય વેદનાઓ, હલકી જાતિનું દેવપણું કે પશુ-પક્ષી વિગેરે તિર્યંચોનાં દુઃખો તો અગણિત છે જ. આ બધાનું મૂળ કારણ શોધી આપનાર અને એમાંથી છૂટવાનો સાચો માર્ગ બતાવનાર કોઈ ખરેખર ઉપકારી હોય તો એક શ્રી વીતરાગનું જ મહાન શાસન

છે. એમ ભારપૂર્વક કહ્યા વિના ચાલતું નથી.

એ શાસનમાં જન્મ લેવો એ સદ્ભાગ્યની નિશાની છે, જન્મ્યા છતાં તેને ઓળખવું, આરાધવું કે પચાવવું તે પણ સહેલું નથી, ઉત્તરોત્તર ઘણું જ દુષ્કર છે. હા, યોગ્ય જીવોને તે અશક્ય તો નથી જ.

એક સામાન્ય કક્ષામાં જન્મ લેનારો આત્મા પણ જૈન શાસનની આરાધનામાં લાગી જાય તો ઉપર જણાવેલાં દુ:ખોનાં અતિ આકરાં આક્રમણો વચ્ચે પણ શાન્તિને અનુભવતો એ દુ:ખો ઉપર યથાશક્ય વિજય મેળવે છે, અને એમ કરતાં ક્રમશ: સંપૂર્ણ વિજેતા પણ બને છે. એવા વિજેતાઓ ભૂતકાળમાં અનંતા થઈ ગયા છે, આજે પણ સત્ત્વશાળી આત્માઓ તે વિજયને સાધી રહ્યા છે અને ભવિષ્યમાં પણ અનંતા સાધશે.

# ૪

અહીં અજાણપણાથી કોઈને પ્રશ્ન થાય કે- જૈનશાસનમાં એવું કયું તત્વ છે કે તેની સહાયથી જીવ અનાદિ અનંત દુઃખોની મુક્તિ મેળવી શકે ? તેનું સમાધાન એ છે કે દુઃખોની પરંપરાને ઉભી કરનારા અજ્ઞાન અને મોહ કે જે બે આત્માના કટ્ટર શત્રુઓ છે, તેઓની ઓળખ કરાવી જૈનશાસન તેના પંજામાંથી છૂટવાનો માર્ગ બતાવે છે. એ માર્ગે ચાલનારને અંદર છૂપી પડેલી આત્માની શક્તિઓનું ભાન કરાવે છે, અને ક્રમશઃ તેને પ્રગટ કરાવી એના દ્વારા જ અનાદિ અજ્ઞાન અને મોહનો વિજય (નાશ) પણ કરાવે છે, કે જેના બંધનમાંથી છૂટેલા જીવને પછી અલ્પ પણ દુઃખ ભોગવવાનું કોઈ કારણ રહેતું નથી. બલ્કે, એક મહાદુષ્કર કાર્યને સાધીને સાધક, કે મહાશત્રુનો વિજય મેળવીને વિજેતા જેમ

અતુલ આનંદ અનુભવે તેમ અનાદિ કાળનાં બંધનો તોડવાથી દુઃખમુક્ત બનેલો જીવ એ પોતાની મુક્ત અવસ્થાનો જ અવર્ણનીય આનંદ અનુભવે છે.

આ કાર્ય કોઈ એક જ ભંવમાં થઈ જ જાય કે કરી જ શકાય તેવું ન્હાનું કે સ્હેલું નથી, તેને માટે અનેક ભવો સુધી ઉધમ ચાલુ રાખવો પડે છે અને સતત જાગૃતિ પણ કેળવવી પડે છે. એ માટે અનેક સાધનોની-સહાયકોની અને એવા સાધનો-સહાયકો મળે તેવા જન્મો (ભવો)ની પણ જરૂર પડે છે. તેમાં પણ માનવજન્મની ખાસ વિશેષતા છે, કારણ કે-આખરી વિજય તો માનવજન્મથી જ મેળવી શકાય છે, માટે જ માનવજન્મની મહત્તા દરેક ધર્મશાસ્ત્રોમાં વિશેષ અંકાએલી છે.

એ માનવજન્મ પણ સામાન્ય નહિ, કિન્તુ

આર્ય દેશમાં, ઉત્તમ કુળમાં, ઉત્તમ જાતિમાં, દીર્ઘ આયુષ્યવાળો, પાંચે ઈન્દ્રિયો મન વિગેરેથી પૂર્ણ શરીરવાળો અને જૈનશાસનની આરાધનાની સામગ્રીવાળો હોય તો ઉપકાર કરી શકે છે, અને તેથી જ એવો જન્મ પામનારને જગત્ પુણ્યવાન-ભાગ્યવાન તરીકે માને છે અને દેવો પણ પ્રશંસે છે.

આવા માનવભવને પામીને જીવનું કોઈ કર્તવ્ય હોય તો ગૃહસ્થજીવનમાં રહીને કે સાધુતા (સંન્યાસ) સ્વીકારીને પણ અજ્ઞાન-મોહનો નાશ કરવાનું એક જ કર્તવ્ય છે, અને તે માટે જ વીતરાગનાં વચનોને પણ સમજવાનાં છે. એ સિવાય પ્રાપ્ત માનવ જીવનની કે સુખ સાહ્યબી યા ધર્મ સામગ્રીની કોઈ વિશિષ્ટતા નથી.

માનવભવ પામીને પણ જીવ મોહ-અજ્ઞાનને

વશ બની અનાદિ નાચ નાચ્યા જ કરે તો તે માનવજન્મની વિડંબના છે. એવું કરનારો વાસ્તવમાં દેખતો છતાં અંધ, જ્ઞાની છતાં અજ્ઞાની, નિરોગી છતાં રોગી, શ્રીમંત છતાં દરિદ્ર, પંડિત છતાં મૂર્ખ, રાજા છતાં રંક કે સમર્થ છતાં નામર્દ-દીન છે.

માનવ જન્મ એટલે ભવિષ્યનાં જન્મોને ટાળવા માટેનું કળાધામ !

માનવ જન્મ એટલે અજ્ઞાનનો પડદો હટાવી મોહની અનાદિ વિડંબનાઓને ઓળખી તેમાંથી છૂટવા માટે મોહ સામેનું રણમેદાન !

માનવજન્મ એટલે હિંસા-જુઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહ વિગેરે પાપોને કરાવનારા વિષય કષાયોના કચરાને સાફ કરવા માટેનું ગંગાજળ !

એમ એને કેટલી ઉપમાઓ આપી શકાય ?

માનવ જન્મ એટલે આત્માની સુખ સાધના માટેનું સર્વસ્વ !!!

આવા અમૂલ્ય-દુર્લભ ભવને પામીને જીવોને યથાશક્ય આત્મસુખ સાધવા માટેનું માર્ગદર્શન મળે એ આશયથી જે આત્મા સામાન્ય કોટિમાંથી વીતરાગ શાસનની આરાધનાના બળે અંતકાળે પણ સુંદર પ્રશમતાનો (આનંદનો) અનુભવ કરી ગયો, તે મુનિશ્રી અરૂણવિજયનો અંતિમ આનંદ જોઈને તેને ઉદ્દેશીને કંઈક નોંધ લેવા વિચાર થયો.

તે જ પ્રસંગે તે અંતિમ આરાધનાને જોવા હાજર રહેલા આત્માઓએ 'અમે સાંભળેલી અને પ્રત્યક્ષ જોએલી એ આરાધના વારંવાર વિચારવા યોગ્ય હતી, માટે તેના સંગ્રહરૂપે કંઈક પ્રગટ કરાય તો લોકોપકારક થાય' એમ માગણી કરવાથી તે વિચાર

દઢ થયો, તેના ફલ રૂપે એને અનુરૂપ કંઈક લખવા પ્રયત્ન કર્યો છે.

તેમાં પ્રથમ વિષમતા ભર્યા જીવનમાં પણ તેઓએ કરેલી અખંડ ધર્મઆરાધના આત્માને ઔષધની જેમ કેવો સુંદર લાભ કરે છે એ સમજાવતી તેઓના જીવનની ટૂંકી નોંધ, તે પછી એ આરાધનામાં તેઓને કયા નિમિત્તો ઉપકારક થયાં તે જણાવતું અંતકાળે જીવનમાં સહાય કરનાર થોડું આત્માનું ભાતું, અને છેલ્લે જૈન શાસનના આરાધક જીવોનાં થોડાં કથાનકો, એમ ત્રણ વિભાગમાં આ લેખને સમાપ્ત કર્યો છે. આત્મ કલ્યાણના અર્થી ભવ્ય જીવો તેનો યથાશક્ય સદુપયોગ કરી આ પ્રયાસને સફળ કરે એજ ભાવના !

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમપ્રભુઃ ।
મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ, જૈનો ધર્મોઽસ્તુ મંગલં ॥

# २. પરલોકનું ભાતું

ચિરંતનાચાર્યકૃત મહાપ્રભાવક શ્રીપંચસૂત્ર પૈકીનું પહેલું

## ૧. પાપપ્રતિઘાત-ગુણ બીજા ધાન સૂત્ર*

''णमो वीअरागाणं सव्वण्णूणं देविंदपूइआणं जहट्ठिअवत्थुवाईणं तेलुक्कगुरूणं अरुहंताणं भगवंताणं । जे एवं आइक्खंति-इह खलु अणाइ

અર્થ- પ્રથમ મંગલાચરણ રૂપે 'શ્રી વીતરાગ ભગવંતોને નમસ્કાર થાઓ' (એમ કહી તેઓની વિશિષ્ટતા જણાવે છે કે) તેઓ સર્વજ્ઞ-સર્વદર્શી

*આ સૂત્રનું જેવું નામ છે તેવો જ તેનો ગુણ છે. એના નિત્ય સ્મરણ પઠન પાઠનથી અનેક ભવોનાં સંચિત પાપોનો નાશ થાય છે અને જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણો

**जीवे, अणाइ जीवस्स भवे, अणाइकम्मसंजोग-निव्वत्तिए, दुक्खरूवे दुक्खफले दुक्खाणुबंधे ।**

છે, દેવો અને ઈન્દ્રોથી પણ પૂજાએલા છે, (રાગદ્વેષાદિ નહિ હોવાથી) વસ્તુતત્વના યથાર્થ પ્રરૂપક છે, ત્રણે લોક (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ) વાસી દેવો દાનવો અને મનુષ્યો વિગેરેના તે ગુરૂ છે, સંસારમાં ફરી જન્મ લેવાના નથી અને (ઐશ્વર્યાદિ ભાગ્યવંત હોવાથી) ભગવંત છે.

---

*પ્રગટવાનાં બીજો આત્મામાં વવાય છે, જેના પરિણામે આત્મા અનાદિ કર્મ મેલનો નાશ કરી સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રનું પાત્ર બની પોતાના અજરામર પદને પામે છે. મુનિ શ્રી અરૂણવિજયજી છેલ્લા દિવસોમાં દરરોજ સવારે આ સૂત્રનું શ્રવણ કર્યા પછી જ પચ્ચક્ખાણ પારતા હતા. એનો વાસ્તવિક અર્થ લખતાં તો એક સ્વતંત્ર પુસ્તક થઈ જાય તેમ છે અહીં માત્ર શબ્દાર્થ લખ્યો છે.*

**एअस्स णं वुच्छित्ती सुद्धधम्माओ, सुद्धधम्म-संपत्ती पावकम्मविगमाओ, पावकम्मविगमो**

તેઓ એમ કહે છે કે-જીવ અનાદિ છે, તેનો સંસાર (જન્મ-મરણાદિ) પણ અનાદિ છે. આ સંસાર અનાદિ કર્મોના સંયોગની પરંપરાથી ચાલ્યા કરે છે. (હવે તે સંસાર કેવો છે ? તે કહે છે કે) એ સંસાર દુઃખરૂપ છે, (તેની પરંપરામાં નવા નવા જન્મ-મરણાદિ થવાથી) તેનું ફળ પણ દુઃખ છે અને (એક જન્મ બીજા જન્મનું કારણ હોવાથી) તે દુઃખની પરંપરા રૂપ છે.

આ સંસારનો વિચ્છેદ શુદ્ધ ધર્મથી એટલે સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્ર ગુણોને ઔચિત્ય સત્કાર અને વિધિપૂર્વક સતત સેવવાથી થાય છે. આવા શુદ્ધ ધર્મની પ્રાપ્તિ

**तहाभव्वत्ताइभावओ । तस्स पुण विवागसाहणाणि चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडाण(णा)सेवणं ।**

પાપકર્મોનો વિશિષ્ટ નાશ (પુનઃ બંધાય નહિ તે રીતે નિર્જરા) થવાથી થાય છે અને પાપકર્મોનો એવો વિશિષ્ટ નાશ તથા ભવ્યત્વ (આત્માનું તથા પ્રકારનું ભવ્યત્વ-સ્વભાવ), કાળ, નિયતિ (ભવિતવ્યતા), કર્મ (અશુભ કર્મોના હ્રાસ સાથે પુણ્યકર્મોનો ઉપચય) અને પુરૂષાર્થ, એ પાંચ કારણોનો અનુકૂળ યોગ મળવાથી થાય છે.

આ તથાભવ્યત્વ વિગેરેને પકાવવાનાં (પ્રગટાવવાનાં-પ્રાપ્ત કરવાનાં) ત્રણ સાધનો છે- એક ચાર શરણોનો સ્વીકાર, બીજું (આભવ પરભવમાં કરેલાં) દુષ્કૃત્યોની (ભાવ પૂર્વક ગુરૂ

**अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं, भुज्जो भुज्जो संकिलेसे, तिकालमसंकिलेसे ।**

**जावज्जीवं मे भगवंतो परमतिलोग-**

સાક્ષીએ) નિંદા, અને ત્રીજું સુકૃત્યોનું સેવન- અર્થાત્ અનુમોદના.

માટે મુક્ત થવાની ઈચ્છાવાળાએ એ ઉપાયોનું હંમેશાં પ્રણિધાન (નિશ્ચય પૂર્વક સેવન) કરવું જોઈએ. તે પણ જ્યારે (આત્મામાં રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ) સંક્લેશ હોય ત્યારે વારંવાર અને સંક્લેશના અભાવે દિવસમાં ત્રણવાર (ત્રિકાળસંધ્યાએ) કરવું જોઈએ.

(તેમાં ચાર શરણાંના સ્વીકારનો વિધિ કહે છે કે-) ૧-ઐશ્વર્યાદિ ઋદ્ધિવાળા (ભગવંત),

**नाहा अणुत्तरपुण्णसंभारा खीणरागदोसमोहा अचिंतचिंतामणी भवजलहिपोआ एगंतसरणा अरहंता सरणं ।**

**तहा पहीणजरामरणा अवेअकम्मकलंका**

ત્રણે લોકના (યોગ-ક્ષેમ કરનારા) સમર્થ નાથ (રક્ષક), અનુત્તર (ઉંચામાં ઉંચા તીર્થંકરનામકર્મ વિગેરે) પુણ્યના નિધાન, રાગ-દ્વેષ અને મોહ જેઓના નિર્મૂલ ક્ષય થયા છે તેવા, અચિંત્ય સુખને વિના માગે આપનારા માટે ચિંતામણીથી પણ અધિક, સંસાર સમુદ્રને તરવા માટે નાવતુલ્ય, એકાન્તે શરણ કરવા યોગ્ય, એવા અરિહંતોનું મારે જીવું (મુક્ત ન થાઉં) ત્યાં સુધી શરણ થાઓ ! અરિહંતો મને શરણ આપો !! તથા-

૨-જેઓનાં જરા મરણ સર્વથા ક્ષીણ થયાં

**पणट्ठवाबाहा केवलनाणदंसणा सिद्धिपुर-निवासी निरुवमसुहसंगया सव्वहा कयकिच्चा सिद्धा सरणं ।**

**तहा पसंतगंभीरासया सावज्जजोगविरया**

છે, કર્મરૂપી કલંક જેઓને વેદવાનાં નથી, સર્વ પ્રકારની વ્યાબાધા (પીડાઓ-દુઃખો) જેમનાં નાશ પામ્યાં છે, સંપૂર્ણ જ્ઞાન અને દર્શન જેઓને પ્રગટ થયાં છે, સિદ્ધિપુરનામના નગરમાં [મોક્ષમાં] રહેલા, જગતના કોઈ સુખની ઉપમા જેમાં ન ઘટે તેવા અનુપમ સુખને જેઓ પામેલા [ભોગવી રહ્યા] છે અને સર્વથા જેઓ કૃતકૃત્ય છે, (જેઓને હવે કંઈ કર્તવ્ય શેષ રહ્યું નથી,) તે સિદ્ધોનું મારે શરણ થાઓ ! તથા--

૩-પ્રશાન્ત અને ગંભીર આશય

**पंचविहायारजाणगा परोवयारनिरया पउ-
माइनिदंसणा झाणज्झयणसंगया विसुज्झमाण-
भावा साहू सरणं ।
तहा सुरासुरमणुअपूइओ मोहतिमिरंसु-
माली रागदोसविसपरममंतो हेऊ सयलक-**

[હૃદય]વાળા, સર્વ સાવદ્ય (પાપ) વ્યાપારથી નિવૃત્ત થએલા, પંચવિધ આચારને [જ્ઞાના-ચારાદિને] જાણનારા, પરોપકાર કરવામાં રક્ત, પદ્મકમળ વગેરે ઉપમાઓવાળા, શુભધ્યાન અને શાસ્ત્રાધ્યયનમાં સતત ઉદ્યમવાળા અને તેથી ઉત્તરોત્તર જેઓના ભાવો વિશુદ્ધ થતા હોય છે, તેવા સાધુઓનું મારે શરણ થાઓ !

તથા ૪-સુર અસુર અને મનુષ્યથી પૂજિત, મોહરૂપી અંધકારને નાશ કરવામાં સૂર્ય,

ल्लुणाणं कम्मवणविहावसू साहगो सिद्ध-
भावस्स केवलिपण्णत्तो धम्मो जावज्जीवं
मे भगवं सरणं ॥

सरणमुवगओ अ एएसिं गरहामि
दुक्कडं, जण्णं अरिहंतेसु वा सिद्धेसु वा
आयरिएसु वा उवज्झाएसु वा साहूसु वा

રાગદ્વેષના ઝેરનો નાશ કરવામાં પરમમંત્ર, સર્વ કલ્યાણની સાધનામાં હેતુભૂત, કર્મોરૂપી વનને બાળવા માટે અગ્નિતુલ્ય, આત્માના સિદ્ધપણાનો સાધક અને ભગવંત, એવા શ્રી કેવલિભાષિત ધર્મનું મારે જાવજ્જીવ શરણ હો !

એ ચારે શરણાંને પામેલો હું હવે ગુરૂસાક્ષીએ દુષ્કૃતની ગર્હા કરૂ છું, તે આ પ્રમાણે--જે અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો,

**साहुणीसु वा अन्नेसु वा धम्मट्ठाणेसु वा माणणिज्जेसु वा पूअणिज्जेसु, तहा माईसु वा, पिईसु वा, बंधुसु वा, मित्तेसु वा, उवयारीसु वा ओहेणे वा जीवेसु-मग्गट्ठिएसु वा, अमग्गट्ठिएसु वा, मग्गसाहणेसु वा,**

સાધુઓ, સાધ્વીજીઓ તથા બીજાં પણ માનનીય પૂજનીય (સાધર્મિકાદિ) ધર્મસ્થાનો પ્રત્યે તથા માતા, પિતા, બન્ધુવર્ગ (સ્વજનાદિ), મિત્રો કે ઉપકારીઓ પ્રત્યે અથવા સામાન્યતયા સમ્યગ્દર્શનાદિ મોક્ષ માર્ગમાં રહેલા કે મિથ્યાત્વાદિ ઉન્માર્ગને વશ પડેલા કોઈ પણ જીવ પ્રત્યે, તથા મોક્ષ માર્ગરૂપ જ્ઞાન દર્શન ચારિત્રમાં ઉપકારક સાધનભૂત પુસ્તકાદિ-- જિનમૂર્તિ મંદિરાદિ અને રજોહરણાદિ પ્રત્યે અથવા મોક્ષ માટે અનુપયોગી પણ સર્વ વસ્તુ

अमग्गसाहणेसु वा जं किंचि वितहमायरिअं अणायरिअव्वं अणिच्छिअव्वं पावं पावाणु-बंधि, सुहुमं वा बायरं वा, मणेण वा वायाए वा काएण वा, कयं वा काराविअं वा अणु-मोइअं वा, रागेण वा दोसेण वा मोहेण वा, इत्थ वा जम्मे जम्मंतरेसु वा, गरहिअव्वमेअं, प्रत्ये, नहि આચરવા યોગ્ય, નહિ ઈચ્છવાયોગ્ય, પાપસ્વરૂપ અને પરંપરાએ પાપનો બંધ કરાવનારૂં એવું જે કંઈ મિથ્યા આચરણ સૂક્ષ્મ કે બાદર (અલ્પ કે ઘણું) મનથી વચનથી અથવા કાયાથી, સ્વયં કર્યું, બીજા પાસે કરાવ્યું કે બીજા કરનારનું સારૂં માન્યું (અનુમોદ્યું) હોય, તે પણ રાગથી દ્વેષથી કે મોહથી, તે પણ આ જન્મમાં કે અન્ય જન્મોમાં, ગુરૂ સમક્ષ તે સર્વ ગર્હણીય છે, તે દુષ્કૃત્ય (નિન્દ્ય) છે, કારણ કે તે અધર્મરૂપ છે,

दुक्कडमेअं, उज्झिअव्वमेअं. विआणिअं मए कल्ला-
णमित्तगुरुभगवंतवयणाओ, एवमेअं ति रोइअं
सद्धाए, अरिहंतसिद्धसमक्खं गरिहामि अह-
मिणं दुक्कडमेअं उज्झिअव्वमेअं इत्थ मिच्छामि
दुक्कडं, मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं ।
होउ मे एसा सम्मं गरिहा, होउ मे
अकरण नियमो । बहुमयं ममेअंति इच्छामि

માટે જ તે તજવા યોગ્ય છે એવું મેં અરિહંત ભગવંતોના વચનોથી કલ્યાણમિત્ર એવા ગુરૂઓ દ્વારા જાણ્યું, તે એમ જ છે, એમ શ્રદ્ધા થઈ, તેથી શ્રી અરિહંત-સિદ્ધની સાક્ષીએ હું એને ગર્હું છું, એ પાપ છે, ત્યાગ કરવા યોગ્ય છે, માટે એ મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ ! મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ!! મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ !!!

આ મારી દુષ્કૃતની ગર્હા (ભાવથી) સમ્યક્

**अणुसट्ठिं अरहंताणं भगवंताणं, गुरूणं कल्लाणमित्ताणं ति । होउ मे एएहिं संजोगो, होउ मे एसा सुपत्थणा. होउ मे इत्थ बहुमाणो, होउ मे इओ मुक्खबीअं ति ।**

થાઓ ! હવે પછી એવું દુષ્કૃત નહિ કરવું એવો મારો નિયમ થાઓ, હું નિયમ કરૂં છું.

એ દુષ્કૃત્ય છે, ત્યાજ્ય છે, એ મને બહુ સમજાયું (ઠસ્યું) છે. મારે એ વચન બહુમાન કરવા યોગ્ય છે. શ્રી અરિહંત ભગવંતોની અને તેઓનાં વચનો પ્રચારનારા આત્મહિતૈષી ગુરૂઓની આવી હિતશિક્ષાને હું (વારંવાર) ઈચ્છું છું. માટે મને એવા દેવ-ગુરૂઓનો સંયોગ મળજો, મારી આ પ્રાર્થના સફળ થજો, આ પ્રાર્થનામાં મને બહુમાન છે, હું ઈચ્છું છું કે એનાથી મારા આત્મામાં મોક્ષનાં બીજ પ્રગટ

पत्तेसु एएसु अहं सेवारिहे सिआ, आणारिहे सिआ, पडिवत्तिजुए सिआ, निरइआरपारगे सिआ ।। संविग्गो जहासत्तीए सेवेमि सुकडं, अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्ध-

થાઓ, આ પ્રાર્થનાના ફળ રૂપે મોક્ષ મળો.

એ અરિહંત ભગવંતોનો અને કલ્યાણમિત્ર (હિતૈષી)ગુરૂઓનો સંપર્ક (નિશ્રા) મલતાં હું તેઓની સેવા કરવા યોગ્ય બનું, તેઓની આજ્ઞાપાલન માટે લાયક બનું, 'તેઓની આજ્ઞાપાળવામાં મારો ઉદ્ધાર છે' એવી દઢ પ્રતિપત્તિવાળો આજ્ઞા પ્રત્યે ભક્તિ બહુમાન પૂર્વક સ્વીકાર કરનારો ગુરુને સમર્પિત ભાવવાળો બનું, અને નિરતિચારપણે તેઓની આજ્ઞાનો સંપૂર્ણ પાલક બનું.

**भावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तप्पयाणं, सव्वेसिं साहूणं साहुकिरिअं, सव्वेसिं सावगाणं मुक्खसाह-**

એ દુષ્કૃત ગર્હા સાથે પ્રાસંગિક પ્રાર્થના કરી હવે સુકૃતાસેવન કહે છે.

સંવિગ્ન એટલે મોક્ષ અને મોક્ષ માર્ગનો અર્થી હું હવે યથાશક્તિ સુકૃતની સેવા એટલે અનુમોદના કરૂં છું. તે આ પ્રમાણે સર્વ અરિહંતોનાં ઘોર તપ-જપ-પરિષહો ઉપસર્ગો સહવા વિગેરે સર્વ અનુષ્ઠાનોની અનુમોદના કરૂં છું, એમ સર્વ સિદ્ધોના સિદ્ધ થએલા કેવળજ્ઞાન-દર્શનાદિ ભાવોની, સર્વ આચાર્યોના પંચાચારના પાલનરૂપ આચારોની, સર્વ ઉપાધ્યાયોના સૂત્ર (જ્ઞાન)દાનની, સર્વ સાધુઓની (સાધ્વીજીની)

**णजोगे । सव्वेसिं देवाणं, सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे । होउ मे एसा अणुमोअणा सम्मं विहिपु-**

સાધુ ક્રિયાની, સર્વ શ્રાવકોની (શ્રાવિકાઓની) મન વચન કાયાની મોક્ષસાધક કરણીની, તથા સર્વ દેવો સર્વ જીવો કે જેઓ મોક્ષ માટે યોગ્ય ચરમાવર્તમાં છે અને તેથી વિશુદ્ધ આશયવાળા છે. તેઓના મોક્ષમાર્ગ સાધક જ્ઞાન-દર્શન-ચારિત્રને અનુકૂળ જે જે યોગો (વ્યાપારો) તે સર્વની હું અનુમોદના કરૂં છું.

આ મારી અનુમોદના પરમ ગુણનિધાન શ્રીઅરિહંતો-સિદ્ધો-સાધુઓ અને જિનકથિત ધર્મ, એ ચાર શરણોના સામર્થ્યથી સુંદર વિધિ પૂર્વકની, ઉત્તમ નિર્મળ આશયવાળી, સમ્યક્

त्ताणं सहिअं ति । इच्छामि सुकडं, इच्छामि सुकडं, इच्छामि सुकडं ।।

एवमेअं सम्मं पढमाणस्स सुणमाणस्स अणुप्पेहमाणस्स सिढिलीभवंति परिहायंति खिज्जंति असुहकम्माणुबंधा । निरणुबंधे वा असुहकम्मे भग्गसामत्थे सुहपरिणामेणं, कडग-

થાઉં, અહિતથી નિવૃત્ત થાઉં, હિતમાર્ગે પ્રવૃત્ત થાઉં, અને સર્વજીવો પ્રત્યે ઔચિત્યને આચરતો હું મોક્ષ, તેના દાતા શ્રીતીર્થંકરો, તેને સમજાવનારા શ્રીસદ્‌ગુરુઓ અને મોક્ષસાધક જ્ઞાનદર્શનચારિત્રરૂપ ધર્મ, એ સર્વનો આરાધક થાઉં. હું એ પ્રમાણે સુકૃતને ઈચ્છું છું, સુકૃતને ઈચ્છું છું, સુકૃતને ઈચ્છું છું !

એમ આ ચાર શરણાં, દુષ્કૃત નિંદા, અને

**बद्धे विअ विसे, अप्पफले सिआ, सुहावणिज्जे सिआ, अपुणभावे सिआ**

**तहा आसगलिज्जंति परिपोसिज्जंति**

**निम्मविज्जंति सुहकम्माणुबंधा । साणुबंधं च**

સુકૃત અનુમોદનાને વારંવાર જે સ્વયં ભણે છે, સાંભળે છે અને સૂત્ર સાથે અર્થનું પુનઃ પુનઃ ચિંતન-અનુપ્રેક્ષા કરે છે, તેના અશુભ કર્મોના બાંધેલા રસો અથવા અનુબંધ (કર્મબંધની પરંપરા) મંદ પડે છે, તે કર્મોની સ્થિતિ-રસ-દલિઆં ઓછાં થાય છે અને નિર્મૂળપણે નાશ પામે છે.

એટલું જ નહિ, આ સૂત્રના પાઠથી, શ્રવણથી અને ચિંતનથી આત્મામાં પ્રગટતા શુભ પરિણામના બળે જેમ કટક બદ્ધ (સર્પ વિગેરેનાં ડંખ થવા છતાં ડંખની નજીક કપડા કે દોરી વગેરેનો સખ્ત બંધ કરવાથી બંધાએલું) ઝેર

**भावबीअं ति सुप्पणिहाणं, सम्मं पढिअव्वं, (सम्मं) सोअव्वं, सम्मं अणुप्पेहिअव्वं ति । णमो णमिअणमिआणं परमगुरुवीअरागाणं णमो सेसणमुक्कारारिहाणं, जयउ सव्वण्णु-**

મમત્વરૂપ નિયાણા) વિના અશુભ ભાવોને (મન-વચન-કાયાની અકુશળ પ્રવૃત્તિને) રોકીને (અર્થાત્ શુભભાવ પૂર્વક) આ સૂત્ર શુભ ભાવોનું (મોક્ષનું) બીજ હોવાથી તેને ઉત્તમ પ્રણિધાન (એકાગ્રતા અને તેમાં કહેલા ભાવોના કર્તવ્યના નિશ્ચય) પૂર્વક સમ્યક્ (શાન્ત ચિત્તે) ભણવું જોઈએ, સમ્યક્ સાંભળવું જોઈએ અને એના અર્થની અનુપ્રેક્ષા (પદાર્થ વિચારણા) કરવી જોઈએ.

હવે છેલ્લે ઉપસંહાર કરતાં મંગળ કરે છે કે-

**सासणं, परमसंबोहीए सुहिणो भवन्तु जीवा, सुहिणो भवन्तु जीवा, सुहिणो भवन्तु जीवा ।।**

દેવો અને દાનવોથી નમસ્કાર કરાએલા ઈન્દ્રો અને ગણધરાદિએ પણ જેઓને નમસ્કાર કર્યો છે તે પરમગુરુ શ્રીવીતરાગ ભગવંતોને મારો નમસ્કાર થાઓ, બાકીના પણ નમસ્કારને યોગ્ય સિદ્ધો, આચાર્યો વિગેરે તે તે જ્ઞાનાદિ વિશિષ્ટ ગુણવંતોને મારો નમસ્કાર થાઓ, શ્રીસર્વજ્ઞનું પરમોપકારી શાસન જયવંતું વર્તો, અને એ શાસનના વરબોધિ લાભથી (મિથ્યાત્વ મુક્ત સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી) જીવો સુખી થાઓ, જીવો સુખી થાઓ, જીવો સુખી થાઓ.!!!

* * *

**અર્થ**--હે નાથ ! મારા કરેલા દુષ્કૃતની ગર્હા કરતો અને સુકૃતની અનુમોદના કરતો, શરણરહિત, અનાથ દીન એવો હું તમારા ચરણોનું શરણું સ્વીકારૂં છું. (૧)

હે પ્રભુ ! મેં આજ સુધી મન વચન કાયાથી કરેલાં કરાવેલાં અને અનુમોદેલાં દુષ્કૃતોનો હવે પછી નહિ કરવાના નિશ્ચય પૂર્વક આપની સમક્ષ મારો મિચ્છામિ દુક્કડં થાઓ. (૨)

હે વીતરાગ દેવ ! જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ રત્નો સંબંધી મેં માત્ર મોક્ષ માર્ગાનુસારી પણ જે જે કંઈ સુકૃત કર્યું હોય તે સર્વનું હું અનુમોદન કરૂં છું. (૩)

શ્રીઅરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય,

અને સાધુના ક્રમશઃ અરિહંતપણું, સિદ્ધપણું, પંચાચારપાલન, સૂત્રપ્રદાન, સાધુક્રિયા, તથા શ્રાવક-શ્રાવિકા-દેવ-દેવી કે બીજા પણ માર્ગાનુસારી વિગેરે જેઓમાં જે જે દેશવિરતિ, સમ્યક્ત્વ, કે દાન-શીલ આદિ ગુણો છે તે તે મહાત્માઓના તે તે સર્વગુણોની હું અનુમોદના કરૂં છું. (૪)

હે ભગવંત ! તમારૂં, તમારા (જીવનના) ફળસ્વરૂપ સિદ્ધોનું, તમારા શાસનના રાગી (આરાધક) સાધુઓનું અને તમારા શાસનનું (આજ્ઞાનું) હું ભાવથી શરણ સ્વીકારૂં છું (૫)

હે દેવાધિદેવ ! હું આપની સાક્ષીએ સર્વ જીવોને ખમાવું છું, તેઓ પણ સર્વ મને ક્ષમા આપે, તમારા એક શરણે રહેલા મારે તે સર્વ જીવોની સાથે

प्राप्याऽपि तव सम्बोधिं, मनोवाक्कायकर्मजैः ।
दुश्चेष्टितैर्मया नाथ ! शिरसि ज्वालितोऽनलः।।
।।५।।

त्वय्यपि त्रातरि त्रात-र्यन्मोहादिमलिम्लुचैः ।।
रत्नत्रयं मे ह्रियते, हताशो हा! हतोऽस्मि तत्।।
।।६।।

भ्रान्तस्तीर्थानि दृष्टस्त्वं, मयैकस्तेषु तारकः ।
तत्तवाङ्घ्रौ विलग्नोऽस्मि, नाथ ! तारय तारय।।
।।७।।

भवत्प्रसादेनैवाह-मियतीं प्रापितो भुवम् ।
औदासीन्येन नेदानीं, तव युक्तमुपेक्षितुम् ।।
।।८।।

ज्ञाता त्रातस्त्वमेवैक-स्त्वत्तो नान्यः कृपापरः ।
नान्यो मत्तः कृपापात्र-मेधि यत्कृत्यकर्मठः।।
।।९।।

**અર્થ**–હે ભગવંત ! આ બાજુ આપનાં વચનામૃતનું પાન કરવાથી પ્રગટેલી પ્રશમરસ [ઉપશમ ભાવ]ની ઉર્મિઓ મોક્ષરૂપી પરમાનન્દની પ્રાપ્તિ માટે મને બલાત્કારે પ્રેરે છે [૧] ત્યારે બીજી બાજુ અનાદિ [રાગ–દ્વેષ–મોહ વિગેરેના] સંસ્કારોની મૂર્છાથી રાગરૂપી મહા ફણિધરના ઝેરનો આવેગ મને પરપદાર્થમાં [વિષય–કષાયોમાં] સર્વથા બેભાન કરે છે. એથી હતાશ થઈ ગએલો હું શું કરૂં ? લાચાર છું. [અર્થાત્ તમારૂં પરમપાવનીય વચન ગમવા છતાં તે પ્રમાણે હું આચરણ કરી શકતો નથી, એ મારી નિર્બળતા છે તેને દૂર કરવા આપને હું પુનઃ પુનઃ પ્રાર્થના કરું છું.] [૨]

હે મારા પ્રભુ ! સમજવા છતાં રાગરૂપી મહાસર્પના ઝેરથી બેભાન બનેલા મેં જે જે દુષ્ટ કર્મો કર્યાં છે તે સ્વમુખે કહ્યાં પણ જાય તેમ નથી. મારા એ ગુપ્ત પાપીપણાને ધિક્કાર થાઓ ! આપ તો એ બધું

જાણો જ છો, આપની સમક્ષ હું તેને ધિક્કારૂં છું. [૩]

હે ભગવંત ! ક્ષણ રાગી ક્ષણ વિરાગી, ક્ષણ ક્રોધી અને ક્ષણમાં ક્ષમાવંત, એમ મોહ વિગેરે અંતરંગ શત્રુઓએ જેમ મદારી માંકડાને નચાવે તેમ મને વારંવાર નાચ કરાવ્યો છે. આપનું સમ્યગ્ દર્શન પામવા છતાં મન-વચન અને કાયાની દુષ્ટ ચેષ્ટાઓ કરીને હે ભવોદધિ તારક પ્રભુ ! મેં મારા માથે દુ:ખનો દાવાનળ સળગાવ્યો છે, અર્થાત્ ભયંકર દુ:ખોને ભોગવવાં પડે તેવાં પાપો કરી મેં આત્માને ખૂબ ભારે કર્યો છે. [૪]

આપનું સમ્યગ્ દર્શન પામવા છતાં મન-વચન અને કાયાની દુષ્ટ ચેષ્ટાઓ કરીને હે ભવોદધિ તારક પ્રભુ ! મેં મારા માથે દુ:ખનો દાવાનળ સળગાવ્યો છે, અર્થાત્ ભયંકર દુ:ખોને ભોગવવાં પડે તેવાં પાપો કરી મેં આત્માને ખૂબ ભારે કર્યો છે. [૫]

હે મારા ત્રાતા પ્રભુ ! તમે મારા રક્ષક હોવા છતાં મોહ-અજ્ઞાન વગેરે ચોરો મારાં જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ રત્નોને લૂંટે છે, તેથી હે નાથ ! હું

હતાશ થએલો જીવતો છતાં મરેલો છું. [૬]

હે નાથ ! હું ઘણાં તીર્થોમાં ભટક્યો, ઘણા ઘણા દેવોને પૂજ્યા, માન્યા, પણ મારૂં રક્ષણ કોઈએ કર્યું નહિ. એ બધાયમાં એક આપને જ મેં સમર્થ ઉપકારી (આધાર-તારક) દેખ્યા છે, તેથી હું તમારા ચરણોમાં વળગ્યો છું, હે પ્રભો ! હે નાથ ! મારૂં રક્ષણ કરો મને તારો ! મને બચાવો ! [૭]

આપના પ્રભાવે જ મને આટલી ઉંચી ભૂમિકાએ પહોંચાડ્યો છે, [આપની પાસે હાજર કર્યો છે,] હવે ઉદાસીનતા કરી આપને મારી ઉપેક્ષા કરવી યોગ્ય નથી. અર્થાત્ આપ કૃપાળુ મારા દીન ઉપર દયા નહિ કરો તો હું પુનઃ સંસારમાં રઝળતો થઈ જઈશ. [૮]

હે મારા પરમ આધાર કેવળજ્ઞાની રક્ષક પ્રભુ ! તમે મારી સ્થિતિના પૂર્ણ જ્ઞાતા છો, તમારા સિવાય મારી દયા કરનાર બીજો કોઈ નથી, અને મારા જેવો બીજો કોઈ કૃપા પાત્ર પણ નથી. માટે હે કાર્યાકાર્યના જાણ પ્રભો ! આપને જેમ યોગ્ય લાગે તેમ કરો ! [૯]

હે જીવ !

તું સમજે છે કે-સમુદ્રમાં નૌકા સમતોલપણાથી ચાલે છે, એક બાજુ વધારે ભાર હોય તો ડુબે છે.

તેમ તારે તારી જીવન નૌકા ભવોદધિ પાર ઉતારવી હોય તો તારી મોટાઈનો ભાર ઉતારી અન્ય જીવોની સમતુલામાં જીવવું જોઈએ. અને નાવિક (ગુરૂઓ)નું કહ્યું માનવું જોઈએ, નહિ તો નાવ જોખમમાં મૂકાશે,

માટે વિચાર કર !

૪૫

# 'પ્રભુ પાસે ભવોભવની આલોચના'

पादपीठ लुठन्मूर्ध्नि, मयि पादरजस्तव ।
चिरं निवसतां पुण्य-परमाणुकणोपमम् ।।
।।१।।

मद्दृशौ त्वन्मुखासक्ते, हर्षबाष्पजलोर्मिभिः ।
अप्रेक्ष्यप्रेक्षणोद्भूतं, क्षणात्क्षालयतां मलम्।।
।।२।।

त्वत्पुरो लुठनैर्भूयान्, मद्भालस्य तपस्विनः ।
कृताऽसेव्यप्रणामस्य, प्रायश्चित्तं किणावलिः ।।
।।३।।

मम त्वद्दर्शनोद्भूता-श्चिरं रोमाञ्चकण्टकाः ।
नुदन्तां चिरकालोत्था-मसद्दर्शनवासनाम् ।।
।।४।।

त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु, निपीतासु सुधास्विव ।
मदीयैर्लोचनाम्भोजैः, प्राप्यतां निर्निमेषता ॥
॥५॥

त्वदास्यलासिनी नेत्रे, त्वदुपास्तिकरौ करौ ।
त्वद्गुणश्रोतृणी श्रोत्रे, भूयास्तां सर्वदा मम ॥
॥६॥

कुण्ठाऽपि यदि सोत्कण्ठा, त्वद्गुणग्रहणं प्रति ।
ममैषा भारती तर्हि, स्वस्ति तस्यै किमन्यया॥
॥७॥

तव प्रेष्योस्मि दासोस्मि, सेवकोस्म्यस्मि किङ्करः
ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे ॥
॥८॥

**અર્થ**–હે ભગવંત ! તમારા ચરણ કમળમાં સહર્ષ નમેલા મારા મસ્તકમાં પુણ્યના લેશ–કણ તુલ્ય તમારા ચરણની રજ ચિરકાળ રહો ! અર્થાત્ આપને નમવાથી મને શ્રેષ્ઠ પુણ્યનો લેશ પ્રાપ્ત થાઓ ! [૧]

આપના મુખનું દર્શન કરવામાં આસક્ત બનેલી મારી આંખો હર્ષના આંસુના ઉભરાથી 'પૂર્વ કાળે નહિ જોવા લાયક કુદેવનાં દર્શન કે સ્ત્રીઓનાં રૂપ વિગેરે જોવાથી મલીન થઈ છે તે' મેલને સાફ કરો ! અર્થાત્ આપનાં દર્શનથી નેત્રોમાં આવેલાં હર્ષનાં આંસુડાંથી પૂર્વે નેત્રો દ્વારા બાંધેલા મારાં અશુભ કર્મોનો નાશ થાઓ [૨]

પૂર્વે આપને નહિ નમવાથી દયાપાત્ર બનેલા આપની સામે નમી પડેલા મારા કપાળમાં પૂર્વે જેને તેને નમીને જે પાપ બાંધ્યું છે તેના પ્રાયશ્ચિત તરીકે

ક્ષત (ચાંદાં) પડો ! અર્થાત્ અવંદનીયને નમવાથી મેં બાંધેલું મિથ્યાત્વાદિ કર્મ આપને નમવાથી નાશ થાઓ ! [૩]

હે વીતરાગ પ્રભુ ! તમારા દર્શન પ્રાપ્તિના આનંદથી ખીલેલાં મારાં રૂંવાડા ચિરકાળ સ્થિર રહો ! કે જેથી અનંતાકાળની મારી મિથ્યાત્વની જટિલ વાસનાઓ નાશ પામે. આપના દર્શનના હર્ષના આવેગથી મારી મિથ્યાત્વની વાસનાઓ હવે અવશ્ય નાશ પામશે, માટે મને વારંવાર હર્ષના રોમાંચ પ્રગટ થાઓ ! [૪]

અમૃત તુલ્ય શીતળ આપના મુખચંદ્રની કાન્તિનાં કીરણોનું પાન કરતાં મારાં નેત્ર-કમળો નિર્નિમેષપણાને પામો ! અર્થાત્ ચંદ્રના ઉદયથી કમળ વિકસિત થાય, તેમ આપનાં મુખચંદ્રનું દર્શન

કરતાં મારાં નેત્ર કમળો અસંતુષ્ટ [ખુલ્લાં જ] રહો ! આપના સિવાય જગતની કોઈ પણ વસ્તુ જોવાની ઈચ્છા પણ મટી જાઓ ! [૫]

હે ભગવંત ! સર્વદા મારાં નેત્રો તમારા મુખદર્શનની લાલસાવાળાં, મારા હાથ તમારી સેવા કરવાની લાલસાવાળા, ને મારા કાન તમારા ગુણોને સાંભળવામાં રસવાળા થાઓ, અર્થાત્ મ્હારાં નેત્રો હાથ અને કાન બીજી પ્રવૃત્તિને છોડી માત્ર આપનાં દર્શન-સેવા અને ગુણશ્રવણમાં જ આનંદી બનો ! [૬]

હે વીતરાગ દેવ ! આપના યથાર્થ ગુણોને ગાવામાં અસમર્થ છતાં પણ મારી વાણી [જીવ્હા] જો જેવા તેવા પણ આપના ગુણ ગાવામાં ઉત્સાહવાળી છે તો મારી તેવી વાણીનું કલ્યાણ

થાઓ ! બીજી વાણીની મારે શી જરૂર છે ? અર્થાત્ જે શ્રી જિનેશ્વરના ગુણ ગાવામાં સફળ થાય તેજ વાણી [જીભ] આત્માને ઉપકારી છે. જિનગુણગાન વિના બીજાઓના ગુણ ગાનારી જીવ્હા મ્હારે શું કામની ? ઉલ્ટી તે તો અસત્ પ્રશંસા કરી-કરાવી આત્માને મિથ્યાત્વાદિ દુષ્ટ કર્મોની જાળમાં ગુંથનારી છે. (૭)

હે ભગવંત ! હું આપનો પ્રેષ્ય [ટાંપીઆત] છું, દાસ [વેચાણ થએલો] છું, આપની ઈચ્છાને આધીન (સેવક) છું, અને આપનો કિંકર [ચાકર] છું. મને આપ એવો માનીને સ્વીકારો, શરણે રાખો, એથી વધારે મારે કંઈ જોઈતું નથી. (૮)

✻ ✻ ✻

હે જીવ !

અતિદુર્લભ શ્રી જિનેશ્વર દેવ, તેઓની આજ્ઞા પાલનાર ગુરૂઓ, અને તેઓના દયામય સર્વજીવહિતકર વચનો (આગમ)નું મહત્વ તું સમજ !

એ જ જગતમાં સાર છે, એના અભાવે બધું અસાર છે, એના વિરહમાં જગત અનાથ–અશરણ છે, તે સમજીને તું એનાથી સનાથ બન !

એજ મોંઘી માનવતાનું ફળ છે, એજ ત્હારા સાચા સુખનો માર્ગ છે.

૫૨

# છ પ્રકારની અંતિમ આરાધના

[ભગવાન શ્રી મહાવીર દેવના આત્માએ પોતાના પચીસમા ભવમાં શ્રીનન્દનરાજર્ષિ તરીકે આ આરાધના કરી હતી, તે ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્રમાંથી અહીં ઉદ્ધરી છે. મુનિ શ્રી અરૂણવિજયજીએ છેલ્લે આ આરાધના ઘણા ઉપયોગપૂર્વક કરી હતી.]

# ૧-સુકૃતની અનુમોદના

राशावव्यहाराख्ये-ऽनन्तजन्तुप्रघट्टनात् ।
यया मे कर्म कृतं तां,
पीडामप्यनुमोदये ।।१।।

**અર્થ-**[હે ભગવંત ! હું આપની સાક્ષીએ સુકૃતની અનુમોદના કરૂં છું તેમાં] અવ્યવહારરાશિ [અનાદિ સૂક્ષ્મ નિગોદ]માં અનંતા પુદ્ગલ પરાવર્તન કાળ સુધી મેં અનંતા ભવો કર્યા ત્યારે એક શરીરમાં અનંતા જીવો સાથે રહેતાં મેં તેઓના સંઘર્ષણથી પીડા ભોગવી તેમાં જે જે પીડાથી મારાં કર્મો કપાયાં તે તે પીડાએ મને ઉપકાર કર્યો છે માટે તેની પણ હું અનુમોદના કરૂં છું. [૧]

५४

**जिनानां प्रतिमाचैत्य-**
**भृङ्गारमुकुटादिषु ।**
**यो मे पृथ्वीमयः कायो,**
**जज्ञे तमनुमोदये**
**॥२॥**

વ્યવહારરાશિમાં હું જ્યારે બાદરપૃથ્વીકાય બન્યો ત્યારે જિનેશ્વરોની પ્રતિમાઓમાં કે મંદિરોમાં પત્થર-ઈંટ-માટી રૂપે તથા તેઓના સ્નાત્રના કળશો કે મુકુટ વિગેરે આભરણોમાં તે તે ધાતુરૂપે મારા પૃથ્વીરૂપ જે જે શરીરનો ઉપયોગ થયો હોય તેની હું અનુમોદના કરૂં છું. [૨]

जिनस्नात्रेषु पात्रेषु,
दैवादुपकृतो भवेत् ।
यो मे जलमयः कायः,
प्रायस्तमनुमोदये
॥३॥

શ્રી જિનેશ્વરોનાં સ્નાત્રમાં કે મહામુનિઓ
વિગેરે સુપાત્રમાં ભાગ્યયોગે પાણીરૂપે પણ હું
જ્યારે જ્યારે ઉપયોગી બન્યો હોઉં તે તે મારા
પાણીરૂપ શરીરની પણ
હું અનુમોદના કરૂં છું.

[૩]

धूपाङ्गारे च दीपे च,
जिनानां पुर एव हि ।
मम तेजोमयः कायो,
जातस्तमनुमोदये
॥४॥

હે ભગવંત !
શ્રીજિનેશ્વરોની જ આગળ ધૂપના અંગારામાં
કે દીપકમાં હું અગ્નિકાયરૂપે જન્મ્યો હોઉં તે તે
મારા અગ્નિમય શરીરની પણ
હું અનુમોદના કરૂં છું.

[૪]

धूपोत्क्षेपेऽर्हतां संघे,
श्रान्ते वाताय वर्त्मसु ।
यो मे वायुमयः कायो,
ववौ तमनुमोदये
।।५।।

શ્રીઅરિહંત ભગવંતોની આગળ ધૂપ ઉખેવવામાં અને સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા-રૂપ ચતુર્વિધ શ્રીસંઘ માર્ગમાં શ્રમિત થયો હોય ત્યારે જે જે મારું વાયુકાયરૂપ શરીર તેઓને પવન માટે ઉપયોગી થયું હોય તે તે મારા વાયુમય શરીરની પણ હું અનુમોદના કરૂં છું.

[૫]

मुनीनां पात्रदण्डेषु,
जिनार्चाकुसुमेषु च ।
यो मे द्रुममयः
कायो-ऽभवत् तमनुमोदये
॥६॥

મુનિઓનાં કાષ્ટમય પાત્રો કે દંડ વિગેરેમાં તથા
શ્રી જિનપૂજા-માટે પુષ્પોમાં મારૂં
વનસ્પતિકાય રૂપ જે જે શરીર ઉપયોગી થયું
હોય તે તે વનસ્પતિ શરીરની
હું અનુમોદના કરૂં છું.

[૬]

## ૫૯

क्वापि सत्कर्मयोगेन,

जिनधर्मोपकारकः ।

आसीत् त्रसमयः कायो,

यो मे तमनुमोदये

।।७।।

એ સિવાય ત્રસપણાનું પણ મારૂં જે જે શરીર કોઈ પણ સત્કાર્ય દ્વારા શ્રીજિનધર્મમાં ઉપકારક થયું હોય તે તે સર્વ મારાં શરીરોની પણ હું અનુમોદના કરૂં છું.

[૭]

# ૨-દુષ્કૃતની નિંદા

**ज्ञानाचारोऽष्टधा प्रोक्तो, यः**

**कालविनयादिकः ।**

**तत्र मे कोऽप्यतिचारो,**

**योऽभून्निन्दामि तं त्रिधा**

**॥८॥**

જ્ઞાનાચાર 'કાળ-વિનય-બહુમાન' વિગેરે જે આઠ પ્રકારે કહ્યો છે, તેમાં હે ભગવંત ! આજ સુધીમાં મેં જે અતિચાર સેવ્યો હોય, તેને મન-વચન-કાયાથી નિન્દું છું.

(૮)

६१

यः प्रोक्तो दर्शनाचारो-ऽष्टधा

निःशङ्कितादिकः ।

तत्र मे योऽतिचारोऽभूत,

त्रिधाऽपि व्युत्सृजामि तम्

॥९॥

'નિઃશંક્તિ, નિઃકાંક્ષિત' વગેરે શ્રી જિનેશ્વરે કહેલા આઠ પ્રકારના દર્શનાચારમાં મારાથી જે કોઈ અતિચાર થયો હોય તેને પણ હે ભગવંત ! હું ત્રિવિધે વોસિરાવું છું.

(૯)

या कृता प्राणिनां हिंसा,
सूक्ष्मा वा बादरापि वा ।
मोहाद्वा लोभतो वापि,
व्युत्सृजामि त्रिधापि ताम्
॥१०॥

ચારિત્રાચારમાં–મોહથી કે લોભથી (અજ્ઞાનથી
કે પ્રમાદથી) સૂક્ષ્મ કે બાદર જે કોઈ જીવહિંસા
મેં કરી હોય તેને પણ
હે પ્રભુ ! હું ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.
(૧૦)

हास्यभीलोभक्रोधाद्यै-
र्यन्मया भाषितं मृषा ।
तत्सर्वमपि निन्दामि,
प्रायश्चितं चरामि च
॥११॥

હે તરણતારણ પ્રભુ !
હાંસી-મશ્કરીથી, ક્રોધથી, ભયથી કે લોભથી હું
જે જે કંઈ અસત્ય બોલ્યો હોઉં
તે સર્વની આપની સાક્ષીએ
નિંદા કરૂં છું અને પ્રાયશ્ચિત્તને સ્વીકારૂં છું.
(૧૧)

अल्पं भूरि च यत्कापि,
परद्रव्यमदत्तकम् ।
आत्तं रागादथ द्वेषात्,
तत्सर्वं व्युत्सृजाम्यहम्
॥१२॥

તથા હે દેવાધિદેવ !
થોડું કે ઘણું જે કોઈ વખતે પણ મેં રાગ-દ્વેષ વગેરેને વશ થઈ પારકું દ્રવ્ય લીધું હોય (લોભથી અન્યાય-અનીતિ કરી લોકોને ઠગ્યા હોય, થાપણ ઓળવી હોય વગેરે જે જે પારકું ધન લીધું હોય)
તે સર્વને હું વોસિરાવું છું.
(૧૨)

तैरश्चं मानुषं दिव्यं,
मैथुनं मयका पुरा ।
यत्कृंत त्रिविधेनाऽपि,
त्रिविधं व्युत्सृजामि तत्
॥१३॥

તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવોમાં પૂર્વે મેં તે તે સંબંધી જે જે મૈથુન મનથી-વચનથી કે કાયાથી સેવ્યાં હોય, તે સર્વને પણ હે ભગવંત ! હું આપની સાક્ષીએ મન, વચન અને કાયાથી વોસિરાવું છું.

(૧૩)

बहुधा यो धनधान्य-
पश्वादीनां परिग्रहः ।
लोभदोषान्मयाऽकारि,
व्युत्सृजामि त्रिधाऽपि तम्
॥१४॥

લોભને વશ થઈ મેં અનેક પ્રકારે ધન-
ધાન્ય-પશુઓ-ઘર-ખેતર-મકાન-સોનું-રૂપું
ઝવેરાત વગેરે જે જે પરિગ્રહ કર્યો હોય,
(મારી કે પારકી વસ્તુઓ ઉપર મૂર્છા કરી
હોય,)
તેને પણ ત્રિવિધે તજું છું.
(૧૪)

६७

पुत्रे कलत्रे मित्रे च,
बन्धौ धान्ये धने गृहे ।
अन्येष्वपि ममत्वं यत्,
तत्सर्वं व्युत्सृजाम्यहम्
॥१५॥

પુત્રોમાં, સ્ત્રીમાં, મિત્રમાં, સ્વજનોમાં, ભાઈ (બ્હેનો)માં, (બીજા-પણ કોઈ નોકર કે સગા-સંબંધીઓમાં) અને ધન-ધાન્ય-ઘર વિગેરેમાં કે બીજા કોઈ પણ પદાર્થોમાં મને મમત્વ હોય તે સર્વને હું વોસિરાવું છું,
હે ભગવંત !
હું આજથી તેનો સંબંધ અને મમત્વ છોડું છું.
(૧૫)

इन्द्रियैरभिभूतेन,
य आहारश्चतुर्विधः ।
मया रात्रावुपाभोजि,
निन्दामि तमपि त्रिधा
॥१६॥

રસના વિગેરે ઈન્દ્રિઓને વશ બનીને અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ એ ચારે આહારમાંથી કોઈ પણ આહાર રાત્રે ખાધો હોય તેને પણ મન-વચન-કાયાથી નિન્દું છું, એ પાપ છે, તેને ધિક્કારૂં છું.

(૧૬)

क्रोधो मानो माया लोभो,
रागो द्वेषः कलिस्तथा ।
पैशुन्यं परनिर्वादो-
ऽभ्याख्यानमपरं च यत्
॥१७॥

વળી હે મારા નાથ !
અજ્ઞાન અને મોહને વશ પડેલા મેં ક્રોધ, માન,
માયા લોભ, રાગ, દ્વેષ, કલહ, ચાડી, પરનિન્દા
ખોટાં આળ ચઢાવવાં કે બીજું પણ જે જે
પાપ સેવ્યું હોય તે સર્વ પાપસ્થાનોને

७०

चारित्राचार विषयं,
दुष्टमाचरितं मया ।
तदहं त्रिविधेनाऽपि,
व्युत्सृजामि
समन्ततः ॥१८॥ युग्मम् ॥

તથા ચારિત્રાચાર વિષયક જે જે કંઈ મેં દુષ્ટ
આચરણ કર્યું હોય તે સર્વને
હું આપની સમક્ષ મન-વચન-કાયાથી
વોસિરાવું છું.
(૧૮)

यस्तपःस्वतिचारोऽभूद्,
बाह्येष्वाभ्यन्तरेषु च ।
त्रिविधं त्रिविधेनाऽपि,
निन्दामि तमहं खलु ॥१९॥

હે ભગવંત !
આપે ઉપદેશેલા બાહ્ય અને અભ્યન્તર તપના
બારે પ્રકારોમાં મારો જે અતિચાર થયો હોય તે
તે સર્વને હું ત્રિવિધે ત્રિવિધે નિન્દું છુ.
હે પ્રભુ !
મેં એ મોટી ભૂલ કરી છે એમ હું માનું છું.
(૧૯)

**धर्मानुष्ठानविषये,**
**यद्वीर्यं गोपितं मया ।**
**वीर्याचारातिचारं च,**
**निन्दामि तमपि त्रिधा**
**||२०||**

છતી શક્તિએ પણ ધર્મ કાર્યોમાં મેં નિર્બળતા બતાવીને જે વીર્યને છુપાવ્યું તે વીર્યાચારના અતિચારને પણ

હે પ્રભો !

હું મન-વચન-કાયાથી નિન્દું છું, પાપકાર્યોમાં એ બળને ગુમાવી મારાં ઉપકારી કાર્યો નહિ કરવાથી મેં ઘણી મોટી ભૂલ કરી છે.

(૨૦)

# ૩-સર્વ જીવોને ક્ષમાપના

**हतो दुरुक्तश्च मया,**
**यो यस्याऽहारि किञ्चन ।**
**यस्यापाकारि किञ्चिद्वा,**
**मम क्षाम्यतु सोऽखिलः ॥२१॥**

હે ભગવંત ! હવે હું સર્વ જીવોને આપની સાક્ષીએ ખમાવું છું. મેં જે જે જીવોને હણ્યા, કડવાં કઠોર વચનો કહ્યાં, જેનું કંઈ ચોર્યું-ઓળવ્યું, અથવા કોઈ પણ જાતનો કોઈનો પણ અપકાર કર્યો તે મારા સર્વ અપરાધોને તે સહુ મારી ઉપર દયા કરીને ક્ષમા કરો ! મેં અજ્ઞાનીએ મારા દોષોથી ઘણા જીવોને અનેક રીતે દુઃખી કર્યા છે તે સહુ મને ક્ષમા કરો !

૭૪

यश्च मित्रममित्रो वा
स्वजनोऽरिजनोऽपि वा ।
सर्वः क्षाम्यतु मे सर्वं,
सर्वेष्वपि समोऽस्म्यहम्
॥२२॥

મિત્ર કે અમિત્ર, સ્વજન કે શત્રુ સહુ કોઈ મારા સઘળા દોષોની ક્ષમા આપો ! હું સર્વની સાથે સમભાવવાળો છું, આજથી મારે કોઈ શત્રુ-મિત્ર કે સ્વજન-પરજન નથી, બધાય જીવો મારે સમાન છે.

(૨૨)

तिर्यक्त्वे सति तिर्यञ्चो,
नारकत्वे च नारकाः ।
अमरा अमरत्वे च,
मानुषत्वे च मानुषाः
॥२३॥

તિર્યંચપણામાં તિર્યંચો, નારકપણામાં નારકો, દેવપણામાં દેવો અને મનુષ્યપણામાં મનુષ્યો, (૨૩)

ये मया स्थापिता दुःखे, सर्वे क्षाम्यन्तु ते मम ।
क्षाम्याम्यहमपि तेषां, मैत्री सर्वेषु मे खलु
।।२४।।

એમ ચારે ગતિમાં જે જે જીવોને મેં દુઃખમાં નાખ્યા તે સર્વ મને ક્ષમા કરો ! હું પણ તે સર્વને ખમાવું છું, મારે સર્વ જીવો સાથે મૈત્રી છે. (કોઈ મારો શત્રુ નથી, શત્રુઓ તો મારાં જ અંતરંગ દૂષણો છે, તેના વશ બનેલા મેં બીજાઓને દુષ્ટ માનીને દુઃખી કર્યા તે મારા અજ્ઞાન અને મોહનું દુષ્ટ ફળ છે. આજથી હું એ ભૂલને સમજીને તજું છું. હે ભગવંત ! આપના પ્રભાવથી મારામાં પ્રશમભાવ પ્રગટ થાઓ ! એમ આપની સામે પ્રાર્થના કરૂં છું. હે પ્રભુ ! ચિંતામણી જેવા આપના પ્રભાવથી મારાં વૈર વિરોધ અને સર્વ દુઃખો નાશ પામશે જ. (૨૪)

# મમત્વનો ત્યાગ

जीवितं यौवनं लक्ष्मी,
रूपं प्रियसमागमः ।
चलं सर्वमिदं वात्या-
नर्तिताब्धितरङ्गवत्
॥२५॥

જીવતર, યૌવન, લક્ષ્મી, રૂપ, પ્રિયમનુષ્યોનો મેળો, એ બધું મહા તોફાની પવનથી ખળભળેલા સમુદ્રના તરંગોની જેમ નાશવંત (ક્ષણ વિનશ્વર) છે. જીવને એમાંનું કોઈ કંઈ સુખ આપી શકે તેવું નથી.

(૨૫)

७८

आधिजन्मजरामृत्यु-
ग्रस्तानां प्राणिनामिह ।
विना जिनोदितं धर्मं,
शरणं कोपि नापरः
।।२६।।

માનસિક ચિંતાઓને અને જન્મ-જરા મરણને વશ પડેલા જીવોને આ સંસારમાં એક શ્રી જિનેશ્વરોએ કહેલા ધર્મ વિના બીજું કોઈ પણ શરણ નથી.

(૨૬)

૭૯

सर्वेऽपि जीवाः स्वजनाः,
जाताः परजनाश्च ते ।
विदधीत प्रतिबन्धं,
तेषु को हि मनागपि
।।२७।।

સઘળા ય જીવો સ્વજન તરીકે માતા-પિતા પુત્ર, પત્ની-પતિ, વિગેરે દરેક સંબંધોથી વારંવાર જોડાયા અને તેજ બધા અનેકવાર પારકા થયા, તેવા અનિત્ય સંબંધીઓમાં લેશ પણ મમત્વને કોણ કરે ?

(૨૭)

८०

एक उत्पद्यते जन्तु-
रेक एव विपद्यते ।
सुखान्यनुभवत्येको,
दुःखान्यपि स एव हि
॥२८॥

જીવ એકલો ઉપજે છે, એકલો મરે છે,
સુખોને પણ એકલો જ ભોગવે છે અને
દુ:ખોને પણ એકલો તે જ ભોગવે છે.
(ખાનારા ખાઈ જાય છે અને કરેલાં પાપોનું
ફળ એને જ ભોગવવું પડે છે, તેમાં કોઈ
ભાગીદાર થતું નથી.)

(૨૮)

अन्यद्वपुरिदं ताव-
दन्यद्धान्यधनादिकम् ।
बन्धवोऽन्येऽन्यश्च जीवो,
वृथा मुह्यति बालिशः
॥२९॥

શરીર આત્માથી જુદું છે, બીજું ધન-ધાન્યાદિક સઘળું પણ જુદું અને સંબંધીઓ પણ જુદા છે, આત્મા એ સહુથી ભિન્ન છે, અજ્ઞાનથી હે જીવ ! તું મિથ્યા મુંઝાય છે, એમાંનું ચર્મદૃષ્ટિથી દેખાતું કંઈ પણ તારૂં નથી, હે જીવ ! પર વસ્તુમાં પ્રેમ કોણ કરે ? માટે મમત્વને છોડી તારા અંતરંગ ગુણોનો આશ્રય લે ! એજ તને સર્વત્ર સુખી કરશે. (૨૯)

८२

वसारुधिरमांसाऽस्थि-
यकृद्विण्मूत्रपूरिते ।
वपुष्यशुचिनिलये,
मूर्छांकुर्वीत कः सुधीः
॥३०॥

ચરબી, લોહી, માંસ, હાડકા, યકૃત્
(પિત્તાશય) અને મળ-મૂત્રથી ભરેલા
અશુચિના ભંડાર તુલ્ય શરીરમાં કોણ
બુદ્ધિમાન મૂર્છા કરે ?
શરીર તો ઉપરથી સુંદર ચામડાથી મઢેલી
જીવોને મુંઝવવા માટે ઘડેલી મોહની દાસી છે.

(૩૦)

अवक्रयात्तवेश्मेव,
मोक्तव्यमचिरादपि ।
लालितं पालितं वापि,
विनश्वरमिदं वपुः
॥३१॥

લાલન-પાલન કરવા છતાં અવશ્ય નાશ
પામનારૂં આ શરીર તો હે જીવ !
ભાડાના ઘરની જેમ અવશ્ય ક્ષણમાં છોડવું
પડે તેવું છે, તેમાં મોહ કરી કોણ પોતાનો
સ્વાર્થ ગુમાવે ?
(૩૧)

## ૮૪

**धीरेण कातरेणाऽपि,**
**मर्त्तव्यं खलु देहिना ।**
**तन्म्रियेत तथा धीमान्,**
**न म्रियेत यथा पुनः**
**।।३२।।**

ધૈર્યવાન હોય કે કાયર, દરેક જીવને અવશ્ય મરવાનું તો છે જ, તો મરવાથી શા માટે ગભરાવું ? બુદ્ધિમાન તો એવી પ્રસન્નતા પૂર્વક મરે કે પુનઃ મરવાનું રહે જ નહિ. (શરીરની મૂર્છા ઉઠી જાય તો અપમાનિત થએલું શરીર પછી ઘણી વાર આત્માને બંધન કરતું નથી.)

(૩૨)

# ૪-ચાર શરણોનો સ્વીકાર

अर्हन्तो मम शरणं,
शरणं सिद्ध-साधवः ।
उदीरितः केवलिभि-
र्धर्मः शरणमुच्चकैः
॥३३॥

અરિહંત ભગવંતોનું મારે શરણ છે,
અનંતા સિદ્ધો અને સાધુ (આચાર્યો,
ઉપાધ્યાયો, મુનિ) મહારાજાઓનું
મારે શરણ છે તથા
શ્રી કેવલજ્ઞાનીઓએ કહેલા (સમ્યગ્ દર્શન-

## ૮૬

જ્ઞાન-ચારિત્ર અને તપરૂપ) ધર્મનું મારે દૃઢ શરણ છે.

આ ચાર શરણાં નવપદ મય છે,

નવ પદો એ જ જૈનશાસનનું એક તત્ત્વ છે,

તેના શરણથી અનંતા જીવો અનંતા સુખને પામ્યા છે,

માટે હે જીવ !

'આ મહા ઉપકારી તત્ત્વો મને પણ સુખી કરશે જ' એમ શ્રદ્ધાથી ભવો ભવ એનો યોગ મળે એવી આશાથી એના શરણનો સ્વીકાર કર, એ જ તને બચાવશે.

जिनधर्मो मम माता,
गुरुस्तातोऽथ सोदराः ।
साधवः साधर्मिकाश्च,
बान्धवोऽन्यत्तु जालवत्
॥३४॥

હે ભગવંત !

આપને શરણે આવેલા મારે આપનો કહેલો ધર્મ એજ માતા છે, એ જ માતાની માફક મને પાળશે-સંભાળશે, ગુરૂઓ જ મારા પિતા છે, એ જ પિતાની જેમ મને કર્મ શત્રુઓથી બચાવીને મારા જ્ઞાનાદિ ધનને મેળવવાની

૮૮

બધી કળાઓને શીખવાડશે.

સાધુઓ જ મારા ભાઈઓ છે, તેઓજ
સગાભાઈઓની જેમ મને મારૂં આત્મધન
કમાવવામાં સહાય કરશે અને
સાધર્મિઓ જ મારા સાચા સ્વજનો છે,
તેઓ જ કુટુંબીઓની જેમ મને બધા કાર્યોમાં
સાથ આપશે.
એ સિવાય બીજાં તો મોહની જાળ સમાં મારાં
બંધનો છે.

(૩૪)

# ૫-પંચ પરમેષ્ઠિને નમસ્કાર

ऋषभादींस्तीर्थकरान्,
नमस्याम्यखिलानपि ।
भरतैरावतविदेहा-
र्हतोऽपि नमाम्यहम्
।।૩૫।।

આ નમસ્કારથી આત્માનો મેલ નાશ પામી શુભ ભાવો પ્રગટે છે, માટે કહ્યું છે કે--શ્રી ઋષભદેવસ્વામી આદિ સર્વ તીર્થંકરોને હું નમસ્કાર કરૂં છું, અને ૫-ભરત ક્ષેત્રો, ૫-ઐરવત ક્ષેત્રો તથા ૫-મહાવિદેહ ક્ષેત્રો મલી પંદર કર્મ ભુમિમાં થએલા, વર્તતા અને થનારા બધા તીર્થંકરોને પણ હું નમસ્કાર કરૂં છું.

(૩૫)

९०

तीर्थकृद्भ्यो नमस्कारो,
देहभाजां भवच्छिदे ।
भवति क्रियमाणः स,
बोधिलाभाय चोच्चकैः
॥३६॥

શ્રી તીર્થંકર ભગવંતોને કરેલો નમસ્કાર પ્રાણિઓના સંસારનો છેદ કરનારો અને મોક્ષ ન થાય ત્યાં સુધી ભવોભવ નિયમા શ્રી જિનશાસનની પ્રાપ્તિ કરાવનારો છે.

(૩૬)

૯૧

सिद्धेभ्यश्च नमस्कारं,

भगवद्भ्यः करोम्यहम् ।

कर्मैधोऽदाहि यैर्ध्याना-ग्निना

भवसहस्त्रजम्

।।३७।।

જેઓએ શુક્લધ્યાનરૂપ અગ્નિથી હજારો
ભવોનું સંચિત થએલું કર્મકાષ્ટ બાળી નાખ્યું
છે તે પંદર પ્રકારે સિદ્ધ થએલા
શ્રીસિદ્ધભગવંતોને હું નમસ્કાર કરૂં છું
(૩૭)

आचार्येभ्यो पञ्चविधा-
चारेभ्यश्च नमो नमः ।
यैर्धार्यते प्रवचनं,
भवच्छेदे सदोद्यतैः
॥३८॥

જ્ઞાનાચારાદિ પાંચ આચારોનું પાલન પ્રચાર કરનારા શ્રીઆચાર્ય ભગવંતો કે જેઓ પોતાના અને પરના સંસારનો છેદ કરવા સતત ઉદ્યમવંત છે, શ્રી વીતરાગશાસનના જેઓ સંરક્ષક છે, તે ત્રણેકાળમાં થએલા થનારા અને વર્તતા સર્વ ક્ષેત્રના આચાર્ય ભગવંતોને મારો વારંવાર નમસ્કાર થાઓ. (૩૮)

૯૩

श्रुतं बिभ्रति ये सर्वं,
शिष्येभ्यो व्याहरन्ति च ।
नमस्तेभ्यो महात्मभ्य,
उपाध्यायेभ्य उच्चकैः
॥३९॥

જેઓ પોતપોતના સમયમાં વર્તતા સઘળા શ્રુતજ્ઞાનના ધારક છે, જેઓ શિષ્યોને શ્રુતજ્ઞાનનું સતત દાન કરે (ભણાવે) છે, તે ત્રણે કાળના શ્રીઉપાધ્યાય ભગવંતોને મારો ભાવપૂર્વક નમસ્કાર થાઓ.

(૩૯)

## ૯૪

**शीलव्रतसनाथेभ्यः,**
**साधुभ्यश्च नमो नमः ।**
**भवलक्षसन्निबद्धं,**
**पापं निर्नाशयन्ति ये**
**||४०||**

જેઓ અઢાર હજાર શીલાંગરથના વહન કરનારા શીલવ્રતથી સનાથ છે, અને જેઓ લાક્ખો ભવોનાં બાંધેલાં આકરાં પાપોનો નાશ કરી રહ્યા છે તે સર્વકાળવર્તી સર્વક્ષેત્રના સાધુ ભગવંતોને મારો નમસ્કાર થાઓ.

(૪૦)

## ૯૫

આ પંચપરમેષ્ઠિ ભગવંતો

એજ જગતના

સાચા ઉપકારક છે,

એ જ તત્વભૂત છે,

એજ મોહની કારમી કતલમાં કચરાતા જીવોને
બચાવનારા કરૂણાનિધિ સાચા ઉપકારીઓ છે,
એજ જીવ માત્રનાં નેત્રો છે,
તેઓને નહિ નમવાથી, નહિ માનવાથી હું
અનંતો કાળ રઝળ્યો છું,

હે પ્રભો !

હવે હું ભવોભવ તેઓનો દાસનો દાસ બની
રહી મારા દુઃખોનો નાશ કરવા ઈચ્છું છું.

# ૬. અનશન વિધિ અને ઉપસંહાર

सावद्यं योगमुपधिं
बाह्यमाभ्यन्तरं तथा ।
यावज्जीवं त्रिविधेन,
त्रिविधं व्युत्सृजाम्यहम्
॥४१॥

હવે અનશનાદિના સ્વીકાર માટે કહું છું કે- હે ભગવંત ! હું મન-વચન કાયાના સર્વ પાપ વ્યાપારને, તથા બાહ્ય વસ્ત્ર પાત્રાદિ અને અભ્યંતર રાગ-દ્વેષ કષાયાદિ સર્વ ઉપધિને ત્રિવિધે ત્રિવિધે જીવું ત્યાં સુધી ત્યાગ કરૂં છું. કોઈ આલંબનમાં હવે મને મૂચ્છા-મમત્વ નથી. (૪૧)

चतुर्विधाहारमपि,
यावज्जीवं त्यजाम्यहम् ।
उच्छ्वासे चरमे देह-
मपि हि व्युत्सृजाम्यहम्
॥४२॥

તથા જાવજ્જીવ સુધી ચારે પ્રકારના
આહારનો પણ ત્યાગ કરૂં છું.
(આહારસંજ્ઞાને વશ થઈ મેં ભક્ષ્યાભક્ષ્યનો
વિવેક ગુમાવી ઘણાં પાપો કર્યાં છે તે સર્વને હું
વોસિરાવું છું અને) છેલ્લા શ્વાસે મારૂં શરીર
પણ વોસિરાવું છું.
(૪૨)

(ભૂતકાળમાં મેં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી ભવો કર્યા અને અનંતાં શરીરો મૂકી મૂકીને આવ્યો, ઉપધિ, શસ્ત્રો, ઘર, કુટુમ્બો, વિગેરે અધિકરણોને છોડી છોડીને આવ્યો, તે સર્વને

હે ભગવંતો !

હું અરિહંતોની, સિદ્ધોની, સાધુઓની, દેવની, ગુરૂની અને આત્માની સાક્ષીએ ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

મારે તે કોઈની સાથે સંબંધ નથી. તેમ અનેક પાપો આચર્યાં, વ્રતો વિરાધ્યાં, દેવાદિની આશાતનાઓ કરી, વિગેરે સર્વની આપ સમક્ષ આલોચના કરૂં છું.

મારાં તે ભવોભવનાં પાપોને નિંદું છું, ગર્હુ છું, અને ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરૂં છું.)

दुष्कर्मगर्हणां जन्तुक्षामणां भावनामपि ।
चतुःशरणं च नमस्कारं चानशनं तथा
।।४३।।

આ દુષ્કૃતની ગર્હા, સર્વજંતુની ક્ષમાપના,
અનિત્યાદિ ભાવના દ્વારા મમત્વનો ત્યાગ,
ચાર શરણનો સ્વીકાર, પંચપરમેષ્ઠિઓને
નમસ્કાર તથા અનશનનો સ્વીકાર
(૪૩)

एवमाराधनां षोढां,
स कृत्वा नन्दनो मुनिः ।
धर्माचार्यानक्षमयत्,
साधुसाध्वीश्च सर्वतः
॥४४॥

એમ છ પ્રકારની આરાધના કરીને ભગવાન
મહાવીરદેવના જીવ શ્રી નન્દનરાજર્ષિએ
પોતાના ધર્માચાર્યને અને સર્વ સાધુ
સાધ્વીઓને પણ ખમાવ્યા.

(૪૪)

એ પ્રમાણે શ્રી નન્દનરાજર્ષિએ છ પ્રકારની આરાધના કરીને પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો,

તેમ હે જીવ !

તું પણ આ આરાધનાના બળે તારૂં કલ્યાણ સાધ !

**આ શ્રીજૈનશાસનની અમૂલ્ય ભેટ છે, ભવોભવ સુખી કરનારૂં આત્માનું ભાતું છે,** એજ તારૂં સાચું ધન છે, માટે એનું આલંબન લઈ મોહ અને અજ્ઞાનનાં બંધનોને નાશ કરી જીવનને સફળ બનાવ !

આ મહામંગળકારી આરાધનાને ભણવાથી, સાંભળવાથી અને અનુમોદવાથી અનંત કાળનાં સંચિત આકરાં કર્મો પણ તૂટી

જાય છે માટે સહુ કલ્યાણકામી આત્માઓ એ આરાધનાને પામી આત્મકલ્યાણને સાધે એજ શુભ ભાવના !

## ઈતિ શ્રી ષડ્‌વિધ આરાધના સમાપ્તા.

* * *

# રોગમાં સમાધિજનક ભાવના

जीव ! तवैव दोषोऽयं,
निजप्राक्कृतकर्मणः ।
नाकृतं भुज्यते कर्म,
कृतं भुज्यत एव हि
॥१॥

અર્થ–હે જીવ ! જો તને રોગની, અપમાનની, પરાધીનતાની, દરિદ્રતાની, અજ્ઞાનતાની કે એવી કોઈ પણ પીડા થતી હોય તો પૂર્વે તેવું તેવું કર્મ બાંધનારા તારો જ એ દોષ છે, જીવને નહિ કરેલું કર્મ ભોગવવું પડતું નથી, પૂર્વે કર્યું હોય તેજ ભોગવવું પડે છે. (૧)

क्षेत्रकालसहायादि-
सामग्रीं हि शुभाशुभाम् ।
कर्म स्वफलदानाय,
संयोजयति देहिनाम्
।।२।।

પૂર્વે બાંધેલું શુભ કે અશુભ કર્મ પોતાનું ફળ ભોગવાવવા માટે જીવોને તે તે શુભાશુભ ક્ષેત્ર-કાળ, સારૂં-ખરાબ શરીર, રોગ, કુટુંબ, નિર્ધનતા કે શ્રીમંતાઈ વિગેરે સારી ખોટી સામગ્રીનો જીવને યોગ કરાવે છે.

અર્થાત્ હે જીવ ત્હારી આ અવસ્થા પૂર્વે બાંધેલાં કર્મોનું ફળ છે (૨)

क्षेत्रकालादिसामग्र्या,
पक्कं कर्म शुभाशुभम् ।
भुञ्जानस्त्वं क्षणमपि,
मा प्राणिन्नक्षमां कुरु
।।३।।

એ રીતે તે તે ક્ષેત્ર કાળ-શરીર ધન વિગેરે સામગ્રી દ્વારા ત્હારૂં પૂર્વોપાર્જિત કર્મ પાક્યું છે-ઉદયમાં આવ્યું છે, તેને ભોગવતાં

હે જીવ ! તું ક્ષણ માત્ર પણ દીન બનીશ નહિ. ધૈર્ય ધારણ કરી એને સહી લે, સમતાથી સહન કરેલું કર્મ છૂટી જાય છે અને દીનતા કરવાથી પુનઃ નવું બંધાય છે એથી ભાવિ દુઃખોનું મૂળ નંખાય છે. (૩)

उक्तं च-पुनरपि सहनीयो दुःखपाकस्त्वयाऽयं,
न खलु भवति नाशः कर्मणां सञ्चितानां ।
इति सह गणयित्वा यद्यदायाति सम्यक्ः
सदसदिति विवेकोऽन्यत्र भूयः कुतस्ते
॥४॥

કહ્યું છે કે-

હે જીવ ! તું હમણાં સમતા નહિ રાખે તો પુનઃ પણ તારે આ દુઃખનો પરિપાક સહન કરવો પડશે, કારણ કે એકઠાં કરેલાં કર્મોનો વિના ભોગવે નાશ થતો નથી. માટે સારૂં ખોટું જે જે કર્મ ઉદયમાં આવે તેને 'સારૂં થયું કે હું કર્મથી છૂટીશ' એમ માની સહન કર ! આ માનવ જીવન વિના બીજે ક્યાં તને આવો સારા-ખોટાનો વિવેક મળશે ?

## અર્થાત્

હે જીવ ! આવી સમતા પૂર્વક દુઃખ સુખને ભોગવવાનો વિવેક ઘણો દુર્લભ છે, એ વિવેકના અભાવે તો જીવે વધારેને વધારે કર્મો બાંધીને દેવાનો ભાર વધારી મૂક્યો છે, માટે જ યોગીઓને કહેવું પડ્યું છે કે 'મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે કેમ કરી દીધલો જાય' અર્થાત્ અવ્યવહાર રાશિનું અલ્પ કર્મનું દેવું ચૂકવવા વ્યવહાર રાશિમાં આવેલ જીવને એટલું બધું કર્મ વધી ગયું કે મૂળ ચૂકવતાં ચૂકવતાં વ્યાજના દબાણમાં દબાઈ ગયો. માટે વિવેક એક મહારત્ન છે તે અહીં જ મલ્યો છે, તો હવે થોડી સમતા કેળવ, કે જેથી દેવું પુરૂં થાય ! (૪)

आपद्यपि त्वया धार्यं,
धैर्यं चिन्हं हि तत्सताम् ।
कम्पन्ते वायुना वृक्षा,
न तु शैला मनागपि
।।५।।

હે જીવ !
આપત્તિમાં પણ ત્હારે ધૈર્ય રાખવું જોઈએ,
કારણ કે-એજ સત્ પુરૂષોનું લક્ષણ છે.
વાયુથી ઝાડો કમ્પે છે, પર્વતો જરા પણ
ચલાયમાન થતા નથી. એમ સત્વશાળી જીવો
આપત્તિમાં ખૂબ ધૈર્ય રાખી પસાર થાય છે.
(૫)

क्षय्यं कर्म च धर्मेण,
तृणकूटमिवाऽग्निना ।
सद्धयानेनैव साध्योऽयं,
धेहि हृदि तदेव तत्
।।६।।

ઘાસનો પુંજ અગ્નિથી નાશ પામે તેમ ધર્મથી
કર્મનો નાશ થાય છે,
એ ધર્મ શુભધ્યાનથી સિદ્ધ થાય છે, અર્થાત્
શુભધ્યાન એ ધર્મનું મૂળ છે,
માટે શુભધ્યાનને હૈયામાં ધારણ કર ! એનાથી
આ ત્હારી પીડા નથી એમ તને સમજાશે.
(૬)

सम्यक्त्वं निश्चलं तेऽस्ति, मनोवाञ्छितदायकं ।
तदेवाऽस्त्वधुना त्राण-मापज्ज्वर रसायनम्
।।७।।

મનોવાંછિત આપનારૂં સમ્યક્ત્વ રત્ન તારૂં
નિશ્ચળ છે, તો આપત્તિરૂપી તાવને નાશ
કરવામાં રસાયણ સરખું તે સમ્યક્ત્વ (જડ-
ચેતનનો વિવેક) ત્હારૂં રક્ષણ કરશે.
શા માટે દીન બની બીજી ઔષધાદિની
આશાઓ કરવી જોઈએ ?
એમાંનું કોઈ ત્હારી રક્ષા કરે તેમ નથી, તારૂં
સમકિતપૂર્વકનું આત્મભાન તને અત્યારે
સહાય કરે તેમ છે, તેને તું ભૂલીશ નહિ !
(૭)

सोढव्या च व्यथा कर्म-
द्विषज्जयचमूनिभा ।
इति ध्यात्वाथ सत्त्वात्त्वं,
कायोत्सर्गं कुरुष्व भो !
॥८॥

આ પીડા તો કર્મરૂપ શત્રુને જીતવા માટે સેના સરખી છે, ત્હારો વિજય કરાવનારી છે, માટે સહન કરવા યોગ્ય છે, એમ વિચારીને સત્વ કેળવીને હે જીવ ! તું શરીર ઉપરની મૂર્છા ઉઠાવી લે, કાયાને વોસિરાવી દે ! (૮)

(જયાનંદ ચરિત્ર)

* * *

# ભવનાશિની ભાવના

(આ ભાવનાઓના મૂળ શ્લોકો મુનિ શ્રીઅરૂણવિજયજીએ કંઠસ્થ કર્યા હતા અને તેનો વારંવાર સ્વાધ્યાય કરતા હતા.)

## ૧) અનિત્યતા :

હે આત્મન્ ! જે વસ્તુ સવારે હોય તે મધ્યાહ્‌ને ન હોય અને મધ્યાહ્‌ને હોય તે સાંજે ન હોય, એમ આ સંસારમાં પદાર્થો અનિત્ય (ક્ષણ વિનશ્વર) દેખાય છે.

વધારે શું ? શરીર, કે જે પ્રાણિઓને સર્વ પુરુષાર્થનું સાધન છે, તે પણ આંધીમાં વિખરાતાં વાદળ જેવું નાશવંત છે, લક્ષ્મી સમુદ્રનાં મોજાં જેવી ચપળ છે, સ્વજનાદિ સંબંધો સ્વપ્ન જેવા ખોટા છે

અને યૌવન તો મહાવાયુમાં ઉડતા આકડાના રૂ જેવું ક્ષણિક છે.

એમ જગતના અનિત્ય સ્વરૂપનો પ્રતિક્ષણે સ્થિર ચિત્તે વિચાર કર કે જેથી તૃષ્ણારૂપી કાળી સાપણને વશ-કરવામાં મંત્ર સમાન નિર્મમપણાની તને પ્રાપ્તિ થાય.

૨) અશરણતા :

સ્વર્ગના ઈન્દ્રો કે છ ખંડના માલિક ચક્રવર્તિઓ વિગેરે સમર્થ અને સંપત્તિવાળાનો પણ જે કાળ કોળીઓ કરે છે તે કાળ રાક્ષસની સામે જીવોને કોનું શરણ છે ?

મા-બાપ-ભાઈ-બ્હેન પુત્ર કે પરિવાર, બધા જોતા જ રહે અને 'કસાઈ બોકડાને બેં બેં કરતો ઘસડી જાય તેમ' જીવને કર્મો કાળના મુખમાં ખેંચી

જાય છે, કોઈ તેનું રક્ષણ કરી શકતું નથી, તો પણ ખેદની વાત છે કે જીવો પોતાના સ્વજનના મરણને રડે છે અને ક્ષણ ક્ષણ પોતે મરી રહ્યા છે-મરણની નજીક જઈ રહ્યા છે તેની ચિંતા કરતા નથી.

આ કેવું ઘોર અજ્ઞાન કેવું મોહનું કાતિલ ઝેર ?

સંસારમાં દુ:ખના દાવાનળથી સળગતા જીવોને જંગલના મૃગના બચ્ચાની જેમ કોઈનું શરણ નથી. માટે હે જીવ ! મિથ્યા મોહને તજી અંતર્ચક્ષુ ઉઘાડ ! અને જાગ્રત થા !

આવું જ્ઞાન તને વારંવાર બીજે નહિ મળે, એક જ શ્રીજિનેશ્વર દેવોનું શાસન આ તારા અજ્ઞાનરૂપી અંધારાને ઉલેચીને તને સત્યની સડકે ચઢાવનારૂં છે.

## ૩) સંસારની વિચિત્રતા :

બ્રાહ્મણ હોય તે અન્ય ભવમાં ચંડાળ થાય,

સ્વામી મરીને સેવક થાય, મોટો બ્રહ્મા હોય તે પણ કીડો થાય, શું સંસારની વિચિત્રતા ?

ખરેખર ! નટની જેમ સંસાર નાટકમાં જીવો નાચી રહ્યા છે. એવા વિચિત્ર સંસારમાં જન્મ મરણ કરતો જીવ કર્મના બંધનથી ભાડાના ઘરની જેમ કયી ગતિમાં ગયો નથી અને એણે કયી ગતિ છોડી નથી ?

અર્થાત્ હે જીવ ! એ સર્વ ગતિઓમાં સર્વ રૂપો કરી કરીને અનંતા કાળથી તું ભમે છે, હજુ ત્હારા ભ્રમણનો અંત આવ્યો નથી. આ ચાર ગતિના ચક્રાવામાંથી શ્રીજિનેશ્વરના વચન વિના તને કોણ છોડાવશે ? માટે સમજ ! હજુ સમજવાનો અવસર છે, બાજી બગડ્યા પછી પસ્તાવો નકામો નીવડશે.

આ સમગ્ર ચૌદ રાજલોકમાં એવું એક વાલાગ્ર જેટલું સ્થાન નથી કે જે તેં ન સ્પર્શ્યું હોય ! હજુ તને સંસારનો સંતોષ કેમ થતો નથી ? તને જ્ઞાનીને શું

સમજાવવું ? તું સ્વયં સમજુ છે.

### ૪) જીવનું એકલાપણું :

જીવ એકલો ઉપજે છે, એકલો જ મરે છે, એની સાથે કોઈ જતું નથી.

ભવાન્તરમાં ભેગાં કરેલાં કર્મો તેને એકલાને જ ભોગવવાં પડે છે. બીજાઓ તો તેણે અનેક પાપોથી ભેગું કરેલું ધન ભોગવે છે અને પોતાનાં કરેલાં કર્મોથી નરક જેવી માઠી ગતિઓમાં દુઃખ તો તે એકલો જ ભોગવે છે.

### ૫) ત્હારૂં કોઈ નથી :

હે જીવ ! આત્માના સ્વભાવથી ઊંધા સ્વભાવવાળું જો શરીર પણ ત્હારૂં નથી તો ધન-સ્વજન અને મિત્રો વિગેરે ત્હારા નથી એમાં શું ખોટું છે ? ખરેખર, જીવ મ્હારૂં શરીર, મ્હારૂં ઘર, મ્હારૂં

ધન, મ્હારૂં કુટુંબ, એમ બધે મ્હારૂં મ્હારૂં કરીને દુઃખી થાય છે.

જે જ્ઞાની શરીર-ધન-સ્વજન વિગેરેથી પોતાના આત્માને જુદો માને તેને તેના વિયોગ-વિરહ વિગેરેનો શોક કેમ પીડી શકે ?

અર્થાત્ હે જીવ ! સંસારમાં જીવોને દુઃખ હોય તો મમત્વથી છે, માટે મમત્વ છોડ ! કે જેથી તારાં કર્મો આપમેળે છૂટી જાય અને તું સાચા સ્વરૂપને પામી સદાયને માટે સુખી થાય.

## ૬) શરીર તો અશુચીની ખાણ છે :

રસ-લોહી-માંસ-હાડકાં-મજ્જા-મેદ (ચરબી) અને શુક્રમય ત્હારૂં શરીર એક અશુચિનો ભંડાર છે, એને પવિત્ર કરવાની ત્હારી મજુરી નકામી છે.

હે જીવ !

અશુચિનું બનેલું, અશુચિથી ભરેલું અને પવિત્ર વસ્તુને પણ અશુચિમય બનાવનારૂં ત્હારૂં શરીર પવિત્ર નહિ થાય, તું એનાથી અપવિત્ર થઈ થઈને સંસારમાં ભટકીશ !

પુરૂષનાં નવ અને સ્ત્રીનાં બાર દ્વારોથી નિત્ય અશુચિ વહેતી જ રહે છે, એવા શરીરને પવિત્ર બનાવવાનો સંકલ્પ પણ કરવો એ મહામોહની ચાલબાજી છે, તું બીજાઓની અશુચિ જોઈ જોઈને સૂગ કરે છે, મુખ મરડે છે, તિરસ્કાર કરે છે, પણ જરા ત્હારી સામે તો જો ! તું ક્યાં વસે છે ?

નવ નવ મહિના અશુચિની ખાણ સમા ગર્ભમાં રહી કરેલો અનુભવ જરા યાદ કર !

તું જેમ જેમ વધારે સૂગ-દુર્ગંછા કરીશ તેમ તેમ ત્હારા ગર્ભાવાસ વધતા જશે, વિષ્ટામાં જન્મ

લેવા પડશે, ભંગીના અવતારમાં લોકોની વિષ્ટા-ઉંચકવી પડશે, ત્યાં તું શી રીતે પવિત્ર રહીશ ?

પવિત્ર થવા માટે તો એક વીતરાગનાં વચનામૃતથી આત્મસ્નાન કર કે જેથી ગર્ભાવાસનાં મૂળ બળી જાય.

## ૭) કર્મો બાંધવાનાં કારણો :

મન-વચન અને કાયાની શુભ પ્રવૃત્તિથી શુભ અને અશુભ પ્રવૃત્તિથી અશુભ કર્મો આત્માને બંધાય તેને આશ્રવ કહ્યો છે.

તેમાં મૈત્રી-પ્રમોદ-દયા-દાન-શીલ-તપ વિગેરે મનની શુભભાવનાઓથી શુભ અને ક્રોધ-માન વિગેરે કષાયોના પરિણામથી કે સારા-ખોટા શબ્દાદિ વિષયોમાં રાગ-દ્વેષ વિગેરેના પરિણામ કરવાથી અશુભ કર્મ બંધાય છે.

હે જીવ !

કષાયો તો ત્હારા કટ્ટા શત્રુઓ છે અને શરીરજીવન માટે જરૂરી વિષયો પણ આખર ત્હારે છોડવાના છે. એ ત્હારા ઉપકારી નથી, તું જે શરીરમાં વાસ કરીને રહ્યો છે તે શરીરને ટકાવવા માટે જ તેની જરૂર છે, જો શરીર જ આખરે ત્હારૂં નથી તો સારા નરસા આહારાદિ-વસ્ત્રો-ગંધો કે શબ્દોમાં તું શા માટે અકળાય છે ?

પ્રશંસા કે નિન્દા પણ શા માટે તને મુંઝવે ? બોલનાર પોતાની લાયકાત પ્રમાણે બોલે તેમાં તારે શા માટે રાગ-દ્વેષ કરવા જોઈએ ?

વિના કારણ એવા રાગ-દ્વેષથી બાંધેલાં કર્મો ભોગવતાં તું બહુ દુઃખી થઈશ, પરભવમાં મન નહિ મળે, અસંજ્ઞીના અવતારો કરવા પડશે, અજ્ઞાની-જડ-મૂઢ થઈશ, માટે સાવધ થા ! એ અનાદિ

કુટેવને ટાળી તું ત્હારા સ્વરૂપમાં આનંદ માનવાની શક્તિ પ્રગટ કર, એજ ત્હારા સુખનો સાચો ઉપાય છે.

વચન પણ જિનાજ્ઞાને અનુસરતું સત્ય-હિતકારી અને મધુર બોલવાથી શુભ કર્મોનો અને એથી ઉલ્ટું નિન્દા-કલહ-ચાડી-કલંક આપવું કે પાપબુદ્ધિ વધે તેવી વાતો કરવી વિગેરે દુષ્ટ બોલવાથી અશુભ કર્મોનો બંધ થાય છે.

બને તેટલું હે જીવ ! તું મૌન કર !

જરૂર પડે ત્યારે વિચારીને થોડું મધુર અને સાચું બોલવાનું શીખ !

લોકો કહે છે કે '**જીભમાં ઝેર અને અમૃત વસે છે**' તું ખરાબ સાંભળવા ઈચ્છતો નથી તો બીજાને એવું ઝેર શા માટે પીરસે છે ? એમાં તને શું લાભ છે ? તને જે સાંભળવું ન ગમે તે બીજાને કેમ

ગમે ? જીભનો આવો દુરુપયોગ કરીને તો હે જીવ ! તું જીભ વિનાના અનંતા ભવો ભટક્યો, જીભ મળી તો પણ બોબડો-તોતડો-મુખના રોગવાલો થયો, દુર્ભાગી અને અનાદેય બન્યો, એથી ત્હારી સાચી પણ વાત બીજાને ન ગમી, એમ એક જીભના દુરુપયોગથી ઘણાં દુઃખો વેઠ્યાં.

આ ભવમાં એવી ભૂલ ન શોભે ! શ્રીવીતરાગનું શાસન પામીને પણ આ વિવેક ન પ્રગટ્યો તો બીજે ક્યાં પ્રગટશે ?

હે અનંત જ્ઞાનના ભંડાર !

ત્હારા એ જ્ઞાનનો ભંડાર ઉઘાડી મોહને જીતી જીવન સફળ કર !

શરીર પણ જયણાવાળું બનાવવાથી શુભ કર્મો અને સતત જીવહિંસાદિ પાપો કરનારૂં બનાવવાથી અશુભ કર્મો બંધાય છે. જીવ માત્રને

જીવવું ગમે છે, ત્હારા શરીરના સુખની ખાતર માંકડ-મચ્છર-ચાંચડ વિગેરેનો નાશ કરવાથી કે અભક્ષ્યનાં ભક્ષણ વિગેરે પાપો કરવાથી તું ઘણો દુઃખી થઈશ !

અત્યારે લેશ સુખ-આરામની લાલચે ભવિષ્યના દુઃખના ડુંગરા ઉભા કરવા તે બુદ્ધિમત્તા નથી.

પરિણામને જોઈ પગલું ભરે તે ડાહ્યો ગણાય, ભવિષ્યને ભૂલી વર્તમાનનાં સુખમાં રાચનારો અજ્ઞાન છે.

ત્હારો આ છેલ્લો ભવ નથી, હજુ તો ત્હારે બીજા જન્મો લેવા પડશે, ત્યાં તને કોણ સુખી કરશે ? અહીં તેં જીવોની રક્ષા કરી હશે તો ત્યાં ત્હારૂં રક્ષણ થશે, 'અનંતા જીવોની હિંસા થાય તેવા સ્ત્રીના ભોગોમાં ફસીને જીવો ક્ષણિક આનંદની ખાતર

અગણિત કાળ નરકાદિનાં દુઃખો વેઠે છે' એ જિનવચનમાં શ્રદ્ધા રાખી ભોગોનો બને તેટલો ત્યાગ કર, ન છૂટે તો ભોગવતાં પણ આત્માની નિન્દા કર, એથી તું ઘણો સુખી થઈશ તને શાણાને કેટલું સમજાવવું ?

જાગ, જાગ, શ્રી જિનશાસન ત્હારો હાથ ઝાલીને તને પાર ઉતારશે. એનું કહ્યું માન, ભવોભવ એ નહિ મળે, આ ભવમાં એનો અનાદર કરવાથી પરભવે તું વંચિત રહીશ.

આ બધી મન-વચન અને કાયાની દુષ્ટ પ્રવૃત્તિ કરાવનારા કષાયો, વિષયો, યોગો, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ અને આર્ત-રૌદ્રધ્યાન, એ ત્હારા અભ્યંતર શત્રુઓ છે. એને વશ થએલો જીવ ત્રણે કાળમાં સુખી થઈ શકતો નથી.

## ૮) કર્મ બંધમાંથી કેમ બચાય ?

ઉપરનાં કર્મબંધનાં કારણોને રોકવાથી કર્મ બંધાતાં અટકે માટે તેને **સંવર** કહેવાય છે.

તેના દ્રવ્ય અને ભાવ બે પ્રકારો છે, જે કર્મના દળીયાંને ગ્રહણ કરવાનું બંધ થવું તે દ્રવ્ય અને કર્મ બંધના કારણરૂપ પરિણતિને તજવી તે ભાવ સંવર કહેવાય છે. માટે જે જે ઉપાયથી જે જે આશ્રવ રોકાય તેને તેને રોકવા માટે તે તે ઉપાયો કરવા.

જો સાંભળ !

હે પુણ્યવાન જીવ !

ક્ષમા-નમ્રતા-સરળતા અને સંતોષથી અનુક્રમે ક્રોધ-માન-માયા અને લોભ રોકાય છે, મન અને ઈન્દ્રિઓના અસંયમથી બ્હેકી ગએલા વિષ સરખા વિષયો સંયમથી રોકાય છે, ત્રણ

ગુપ્તિથી ત્રણ યોગો, અપ્રમાદથી પ્રમાદ અને પાપ વ્યાપારના ત્યાગથી અવિરતિ રોકાય છે. સમ્યગ્ દર્શનથી મિથ્યાત્વ અને શુભ ભાવનામાં સ્થિર કરેલા ચિત્તથી આર્ત્ત-રૌદ્રધ્યાન અટકે છે.

માટે હે જીવ !

શ્રીવીતરાગની વાણીના શ્રવણથી એ ઉપાયોનો મહિમા સમજી આત્મબળ કેળવી જીવનમાંથી એ પાપને દૂર કરવાના આ અમૂલ્ય ઉપાયોનો આદર કર.

બીજી ગતિઓમાં તને આ સમજવાનું ક્યાંથી મળશે ?

આનાથી તું આ ભવમાં પણ સુખી થઈશ, અને પરભવનાં સુખોની તો વાત ક્યા શબ્દોમાં કહું ? અગણિત અખંડ સુખ આપનારૂં સુંદર જીવન અને સામગ્રી ત્યાં વિના પ્રયત્ને મળશે.

## ૯) બાંધેલાં કર્મો શી રીતે છૂટે ?

સંસારરૂપી વૃક્ષનાં બીજભૂત કર્મો જેનાથી તૂટે તે **નિર્જરા** કહેવાય છે.

તેના સકામ અને અકામ બે ભેદો છે, મુનિઓને સકામ **નિર્જરા** અને બીજાઓને અકામ નિર્જરા હોય છે.

જેમ વૃક્ષના ફળને પલાલ વિગેરે ઢાંકીને ગરમ ઉપાયોથી પકાવાય છે અને ઝાડ ઉપર સ્વયં પણ પાકે છે, તેમ કર્મ ખપાવવાના ધ્યેયથી વિવિધ પરિષહો-ઉપસર્ગો સહીને કે તપ કરીને કર્મો ખપાવાય તે સકામ અને સ્થિતિના પરિપાકથી કર્મ સ્વયં પાકીને (તથાવિધ સુખ-દુઃખાદિનો અનુભવ કરાવીને) ખપી જાય તે અકામ નિર્જરા સમજવી.

જેમ અશુદ્ધ સુવર્ણ પણ આકરા અગ્નિથી શુદ્ધ

થાય છે તેમ જીવ પણ કર્મથી મલીન છતાં તપરૂપ અગ્નિથી શુદ્ધ થાય છે, તે તપ બાર પ્રકારે કહ્યો છે.

શ્રીજિનવચન દ્વારા તેને સમજીને હે જીવ ! તપનો આદર કર !

કર્મ ખપાવવાના ધ્યેયથી કરેલો બાહ્ય-અભ્યંતર તપ ત્હારા આત્માને નિર્મળ કરી અજરામર બનાવશે. કર્મોને કાપવાનો એ અમોઘ ઉપાય છે, તપ વિના કર્મો ખપાવવાનું કોઈ સાધન નથી તેમાં પણ બાહ્ય તપ અભ્યંતર તપની યોગ્યતા પ્રગટ કરે છે અને અભ્યંતર તપ કર્મોને બાળી ખાખ કરે છે. ઉપરાંત મોક્ષ ન થાય ત્યાં સુધી સદ્ગતિ, રૂપ-બળ-કીર્તિ-ધન-વિગેરે મળે તે તો જુદું !

એમ સંસારમાં સુખી કરી, સન્માર્ગે દોરી મોક્ષમાં પહોંચાડનાર તપ ઘણો ઉપકારક છે. શ્રીતીર્થંકરદેવો પણ તપથી કેવળજ્ઞાન પામી પછી

જગતનું કલ્યાણ કરે છે.

## ૧૦) ધર્મનો મહિમા :

આ બધું કહેનારા શ્રીજિનેશ્વર ભગવંતો છે, માટે તેવા કરૂણાસાગર, નિઃસ્વાર્થ ઉપકારી, અનંતજ્ઞાની, રાગદ્વેષાદિ શત્રુઓથી છૂટેલા ભગવંતોનો કહેલો ધર્મ જે આરાધે તે સંસાર સમુદ્રમાં ડૂબતો નથી.

બધા ઉપાયોના સારભૂત 'ઈન્દ્રિય-મનનો સંયમ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, તપ, ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ' એમ ધર્મના દશ પ્રકારો તેઓએ કહ્યા છે.

આ ધર્મના પ્રભાવથી જ કલ્પવૃક્ષ-ચિંતામણીરત્ન-કામધેનુ વિગેરે વસ્તુઓ જીવને સુખી કરી શકે છે, અધર્મીઓને એ જોવા પણ

મળતી નથી. અનાદિ અનંત દુઃખોના દરિયારૂપ આ સંસારમાં ડૂબતા જીવને હંમેશાં સાથે રહેનારો અતિ વહાલો ભાઈ એક આ વીતરાગકથિત ધર્મ જ છે.

સમુદ્ર માઝા મૂકતો નથી અને જોઈતો વરસાદ વરસીને જગતને આશ્વાસન આપે છે તે આ ધર્મનો જ પ્રભાવ છે.

અગ્નિ તિર્છો [સામે] નહિ સળગતાં ઉંચો જાય છે અને પવન ઉંચે નહિ જતાં તિર્છો વાય છે, તેમાં અચિંત્ય મહિમાવાલો આ ધર્મ જ કારણભૂત છે.

જગતના આધારભૂત પૃથ્વી આધાર-આલંબન વિના રહી છે અને સૂર્ય-ચંદ્ર નિયમિત ઉદય પામીને જગતને ઉપકાર કરે છે, એ બધો મહિમા ધર્મનો જ છે.

ભાઈ વિનાનાનો ભાઈ, મિત્ર વગરનાનો મિત્ર, અને અનાથનો નાથ આ એક જગતવત્સલ

ધર્મ જ છે.

રાક્ષસ-ભૂત-પ્રેત-સર્પ-વાઘ-અગ્નિ અને ઝેર વિગેરે કોઈપણ ધર્મને શરણે રહેલાને અપકાર કરી શકતાં નથી.

વધારે શું ?

હે જીવ !

આ નિરૂપમ ધર્મ ઘોર પાપ કરીને નરકમાં જતા જીવને બચાવી અખંડ આનંદ રૂપ સર્વજ્ઞપણાની વિભૂતિ આપે છે.

અનંતા પુદ્‌ગલપરાવર્તનો સુધી સંસારમાં ભટક્યા પછી ભવ્યજીવને જ આ ધર્મ છેલ્લા પુદ્‌ગલપરાવર્તમાં પ્રાપ્ત થાય છે અને છેલ્લે અડધા પુદ્‌ગલપરાવર્ત કાળમાં તો અવશ્ય ઉદ્ધાર કરી તેને મોક્ષ આપે છે.

## ૧૧) લોકસ્વરૂપ ભાવના :

હે જીવ !

ચૌદરાજ લાંબો, કેડ ઉપર બે હાથ મૂકીને પગ પહોળા કરીને ઉભા રહેલા મનુષ્યની આકૃતિ જેવો આ લોક છે.

'ધર્માસ્તિકાય' વિગેરે સ્થિતિ, ઉત્પત્તિ અને નાશ સ્વભાવવાળાં દ્રવ્યોથી પૂર્ણ ભરેલો છે.

તે ઉર્ધ્વ-અધો અને તિર્છાલોક રૂપ છે, તેમાં નીચેના ભાગમાં સાત નરક પૃથ્વીઓ ઘનોદધિ, ઘનવાત અને તનુવાતથી વીંટાએલી (તે ત્રણના આધારે રહેલી) છે.

તેને કોઈએ બનાવ્યો નથી, કોઈએ પકડી રાખેલો નથી, કિન્તુ સ્વયં સિદ્ધ અનાદિ છે અને આકાશમાં નિરાધાર રહેલો છે.

તેમાં અનંતા જીવો જન્મ-મરણ કરી અપાર દુઃખોને અનંતા કાળથી ભોગવે છે.

તું પણ અકામ નિર્જરાના બળે સ્થાવરપણું, ત્રસપણું, પંચેન્દ્રિય તિર્યંચપણું, નારકીપણું, વિગેરે અનંતા ભવોમાં ભટકતો અહીં સુધી આવ્યો છે.

**હવે જો તું આ પ્રાપ્ત થએલા શ્રીજિનશાસનની અમૂલ્ય ભેટરૂપ શ્રી-જિનકથિત ધર્મને સમજીને આરાધે તો સકામ નિર્જરાના બળે ત્હારાં સર્વ દુઃખો નાશ પામે અને તું સદાને માટે અજરામર બને !**

## ૧૨) શ્રદ્ધાની દુર્લભતા :

હે જીવ !

આ શ્રીજિનવચનમાં શ્રદ્ધા થવી અતિ દુર્લભ છે. મનુષ્યભવ, આર્યદેશ, ઉત્તમકુળ, ઉત્તમજાતિ, દીર્ઘ આયુષ્ય, પાંચે ઈન્દ્રિઓથી પરિપૂર્ણ શરીર, સદ્‌ગુરૂનો યોગ અને તેઓનો ઉપદેશ સાંભળવો એ દરેક અતિ અતિ દુર્લભ છે છતાં ભાગ્યયોગે ધર્મ સાંભળવાનું બને તો પણ ધર્મશ્રદ્ધા પ્રગટ થવી ઘણી દુષ્કર છે.

ઘણા મોટા પુણ્યે આ બધી સામગ્રી તને મળી છે, જો હવે શ્રદ્ધા ન પ્રગટી તો એ બધું નિષ્ફળ થશે, ઉલટું સંસાર વધારશે. એને સફળ કરાવનાર એક જિનકથિત ધર્મ જ છે, માટે એમાં શ્રદ્ધા રાખી ધર્મનો ઉદ્યમ કર ! જેથી તારૂં અનંતા કાળનું ઈષ્ટ ફળે.

મોહ અને અજ્ઞાનનો પડદો દૂર કરીને સિંહની માફક સત્વ કેળવ !

તું અનંત વીર્યવાળો છે,

ત્હારૂં પરાક્રમ અનંતું છે,

ત્હારી અંતરંગ મુડીને ઓળખ !

ત્હારો વિજય છે.

## ઈતિ બાર ભાવનાઓનો ભાવાર્થ સમાપ્ત

* * *

કોઈ પણ કાર્યનું શુભાશુભપણું તેના
ફળને ઉદ્દેશીને મનાય છે,
જેનું ફળ સારૂં તે કાર્ય સારૂં
અને
ફળ ખરાબ તે કાર્ય પણ ખરાબ.
માટે
હે ચેતન !
તું પરિણામદર્શી બન !
માત્ર વર્તમાનને જોવાથી તું ઠગાઈશ.

# શ્રી પુણ્ય-પ્રકાશનું સ્તવન

## દુહા

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીસે જિનરાય;
સદ્ગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧

ત્રિભુવનપતિ ત્રિશલા તણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨

એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમસ્વામ. ૩

મુક્તિ મારગ આરાધિએ, કહો કિણ પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪

[૧]અતિચાર આલોઈએ, [૨]વ્રત ધરીએ ગુરૂસાખ;
[૩]જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૫

[૪]વિધિશું વળી વોસિરાવીએ, પાપસ્થાન અઢાર;
[૫]ચાર શરણ નિત્ય અનુસરો, [૬]નિંદોદુરિતાચાર. ૬

[૭]શુભ કરણી અનુમોદીએ, [૮]ભાવ ભલો મન આણ;
[૯]અણસણ અવસર આદરી, [૧૦]નવપદ જપો સુજાણ. ૭

શુભગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવ પાર. ૮

* * *

# ઢાલ-પહેલી

## (કુમતિ, એ છિંડી કીંહાં રાખી-એ દેશી)

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર; એહ તણા ઈહભવ પરભવના, આલોઈએ અતિચાર રે-પ્રાણી જ્ઞાન ભણો ગુણ ખાણી, વીર વદે એમ વાણી રે -પ્રા૦ જ્ઞા૦ ૧

ગુરુ ઓળવીએ નહિ ગુરુ વિનયે, કાળે ધરી બહુમાન; સૂત્ર-અર્થ-તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાન રે - પ્રા૦ જ્ઞા૦ ૨

જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી; તેહ તણી કીધી આશાતના, જ્ઞાન ભક્તિ ન સંભાળી રે -પ્રા૦ જ્ઞા૦ ૩

ઈત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ; આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે–પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણી રે –પ્રા૦ સ૦ ૪

જિન વચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાખ; સાધુ તણી નિંદા પરિહરજો ફળ સંદેહ મ રાખ રે –પ્રા૦ સ૦ ૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતની આદરીએ; સાહમ્મીને ધર્મે કરી સ્થિરતા, ભક્તિ પ્રભાવના કરીએ રે –પ્રા૦ સ૦ ૬

સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મન લેખ્યો; દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતો ઉવેખ્યો રે –પ્રા૦ સ૦ ૭

ઈત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ; મિચ્છામિ દુક્કડં
તેહ રે-પ્રાણી ચારિત્ર લ્યો ચિત્ત આણી, વીર વદે
એમ વાણી રે —પ્રા૦ ચા૦ ૮

પંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય;
સાધુ તણે ધરમે પરમાદે, અશુદ્ધ વચન મન કાય રે
—પ્રા૦ ચા૦ ૯

શ્રાવકને ધર્મે સામાયિક-પોસહમાં મન વાળી; જે
જયણા પૂર્વક એ આઠે, પ્રવચન માય ન પાળી રે
—પ્રા૦ ચા૦ ૧૦

ઈત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડહોળ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં
તેહ રે —પ્રા૦ ચા૦ ૧૧

બારે ભેદે તપ નવિ કીધો, છતે જોગે નિજ શક્તે;
ધર્મે મન વચ કાયા વીરજ, નવિ ફોરવીયું ભક્તે રે-
પ્રા૦ ચા૦ ૧૨

તપ વીરજ આચાર એણી પેરે, વિવિધ વિરાધ્યા જેહ; આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે
-પ્રા૦ ચા૦ ૧૩

વળી ય વિશેષ ચારિત્ર કેરા, અતિચાર આલોઈએ;
વીરજિણેસર વયણ સુણીને, પાપ મેલ સવિ ધોઈએ રે
-પ્રા૦ ચા૦ ૧૪

* * *

# ઢાલ-બીજી

## (પામી સુગુરુ પસાય-એ દેશી)

પૃથ્વી પાણી તેઉ, વાઉ વનસ્પતિ,
એ પાંચે થાવર કહ્યાએ; કરી કરસણ આરંભ,
ખેત્ર જે ખેડીયાં કુવા તલાવ ખણાવીયાએ૦ ૧

ઘર આરંભ અનેક, ટાંકા ભોંયરાં,
મેડી માળ ચણાવીઆએ; લીંપણ ગુંપણ કાજ,
એણીપરે પળે પળે, પૃથ્વીકાય વિરાધિઆએ૦ ૨

ધોવણ ન્હાવણ પાણીઝીલણ અપ્કાય,
છોતિ ધોતિ કરી દુહવ્યાએ; ભાઠીગર કુંભાર,
લોહ-સોવનગરા, ભાડભુંજા લીહાલાગરાએ૦ ૩

તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ,
રંગણ રાંધણ રસવતીએ; એણી પરે કર્માદાન,
પરે પરે કેળવી, તેઉ વાઉ વિરાધિયાએ૦ ૪

વાડી વન આરામ, વાવી વનસ્પતિ,
પાન ફૂલ ફળ ચુંટીયાં એ; પ્હોંક પાપડી શાક,
શેકયાં સુકવ્યાં, છેદ્યાં આથીયાંએ૦ ૫

અળશીને એરંડ, ઘાણી ઘાલીને
ઘણા તિલાદિક પીલીયાએ; ઘાલી કોલુ માંહે,
પીલી શેરડી, કંદ-મૂળ-ફળ વેચીયાંએ૦ ૬

એમ એકેન્દ્રિય જીવ, હણ્યા હણાવીયા,
હણતાં જે અનુમોદીયાએ; આ ભવ પરભવ જેહ,
વલીય ભવોભવે, તે મુજ મિચ્છામિ દુક્કડંએ૦ ૭

કૃમી ચરમીયા કીડા, ગાડર ગંડોલા,
ઈયળ પૉરા ને અલશીયાંએ; વાળા જળો ચૂડેલ,
વિચલિત રસતણા, વળી અથાણાં પ્રમુખનાએ૦ ૮

એમ બેઈન્દ્રિ જીવ, જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડંએ; ઉધેહી જૂ લીખ,
માંકડ મંકોડા, ચાંચડ કીડી કુંથુઆએ૦ ૯

ગદ્ધહિઆં ઘીમેલ, કાનખજૂરીયા,
ગીંગોડા ધનેરીયાંએ; એમ તેઈન્દ્રિય જીવ,
જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડંએ.૦ ૧૦

માખી મચ્છર ડાંસ, મસા પતંગીયાં,
કંસારી કોલિયાવડાએ; ઢીંકુણ વીંછૂ તીડ,
ભમરાભમરીઓ, કોતાં બગ ખડમાંકડીએ૦ ૧૧

એમ ચૌરિન્દ્રિય જીવ, જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડં એ; જળમાં નાંખી જાળ,
જળચર દુહવ્યા, વનમાં મૃગ સંતાપીયાએ૦ ૧૨

પીડચા પંખી જીવ, પાડી પાસમાં
પોપટ ઘાલ્યા પાંજરેએ; એમ પંચેન્દ્રિય જીવ,
જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ૦ ૧૩

* * *

# ઢાલ-ત્રીજી

## (પ્રાણી વાણી હિતકારીજી-એ દેશી)

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યાં વચન અસત્ય,
કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્ત રે જિનજી !
મિચ્છામિ દુક્કડં આજ, તુમ સાખે મહારાજ રે-
જિનજી, દેઈ સારૂં કાજ રે- જિનજી,
મિચ્છામિ દુક્કડં આજ... ૧

દેવ મનુષ્ય તિર્યંચનાંજી, મૈથુન સેવ્યાં રે જેહ,
વિષયારસલંપટપણેજી, ઘણું વિડંબ્યો દેહ રે-
જિનજી મિચ્છામિ૦ ૨.

પરિગ્રહની મમતા કરીજી, ભવો ભવ મેલી આથ,
જે જિહાંની તે તિહાં રહીજી, કોઈ ન આવી સાથ રે-

જિનજી મિચ્છામિ૦ ૩.

રયણીભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ,
રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષ રે-
જિનજી મિચ્છામિ૦ ૪.

વ્રત લેઈ વિસારિયાંજી, વળી ભાંગ્યાં પચ્ચક્ખાણ,
કપટ હેતુ કિરિયા કરીજી, કીધાં આપ વખાણ રે-
જિનજી મિચ્છામિ૦ ૫.

ત્રણ ઢાળ આઠે દુહેજી, આલોયા અતિચાર,
શિવગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકાર રે-
જિનજી મિચ્છામિ ૬.

* * *

# ઢાલ-ચોથી

## (સાહેલડીની-દેશી)

પંચ મહાવ્રત આદરો સાહેલડી રે, અથવા લ્યો વ્રત બાર તો, યથાશક્તિ વ્રત આદરી સાહેલડી રે, પાળો નિરતિચારતો .... ૧.

વ્રત લીધાં સંભારીએ સા૦, હૈડે ધરીઅ વિચાર તો, શિવગતિ આરાધન તણો સા૦,એ બીજો અધિકાર તો.... ૨.

જીવ સર્વ ખમાવીએ સા૦, યોનિ ચોરાશી લાખ તો, મન શુદ્ધે કરી ખામણાં સા૦, કોઈશું રોષ ન રાખ તો.... ૩.

સર્વ મિત્ર કરી ચિંતવો સા૦, કોઈ ન જાણો શત્રુ તો, રાગ દ્વેષ એમ પરિહરો સા૦, કીજે જન્મ પવિત્ર તો .... ૪.

સ્વામી સંઘ ખમાવીએ સા૦, જે ઉપની
અપ્રીત તો, સ્વજન કુટુંબ કરો ખામણાં સા૦,
એ જિનશાસન રીત તો.... .... ૫
ખમીયે ને ખમાવીએ સા૦, એહિ જ ધર્મનો
સાર તો, શિવગતિ આરાધન તણો સા૦,
એ ત્રીજો અધિકાર તો .... .... ૬.
મૃષાવાદ હિંસા ચોરી – સા૦ ધન મૂર્છા
મૈથુન તો, ક્રોધ માન માયા તૃષ્ણા – સા૦,
પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. .... .... ૭.
નિંદા કલહ ન કીજીએ – સા૦, કૂડાં ન દીજે
આળ તો, રતિ અરતિ મિથ્યા તજો – સા૦,
માયામોસ જંજાળ તો. .... .... ૮.
ત્રિવિધ ત્રિવિધે વોસરાવીએ–સા૦, પાપસ્થાન
અઢાર તો, શિવગતિ આરાધના તણો–સા૦,
એ ચોથો અધિકાર તો. .... .... ૯.

# ઢાલ પાંચમી

## (હવે નિસુણો ઈહાં આવીયાએ,-એ દેશી)

જનમ જરા મરણે કરીએ, આ સંસાર
અસાર તો; કર્યાં કર્મ સહુ અનુભવેએ,
કોઈ ન રાખણહાર તો .... .... ....૧
શરણ એક અરિહંતનુંએ, શરણ સિદ્ધ
ભગવંત તો; શરણ ધર્મ શ્રી જિનનોએ,
સાધુ શરણ ગુણવંતતો .... ....૨
અવર મોહ સવિ પરિહરીએ, ચાર શરણ
ચિત્ત ધારતો; શિવગતિ આરાધન તણોએ,
એ પાંચમો અધિકાર તો.... .... ....૩
આ ભવ પરભવ જે કર્યાંએ, પાપ કર્મ કેઈ
લાખ તો; આતમ સાખે તે નિંદિયેએ,
પડિક્કમિએ ગુરૂ સાખતો .... ....૪

મિથ્યામત વર્તાવીયાએ, જે ભાખ્યાં ઉત્સૂત્ર
તો; કુમતિ કદાગ્રહને વશેએ, જે ઉત્થાપ્યાં
સૂત્ર તો .... .... ....૫

ઘડ્યાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘરંટી હળ
હથિયારતો; ભવ ભવ મેલી મૂકીયાંએ,
કરતાં જીવ સંહાર તો .... ....૬

પાપ કરીને પોષીયાએ, જનમ જનમ પરિવાર
તો; જનમાંતર પોહોંચ્યા પછીએ, કોઈએ ન
કીધી સાર તો .... ....૭

આ ભવ પરભવ જે કર્યાંએ, એમ અધિકરણ
અનેક તો; ત્રિવિધ ત્રિવિધે વોસરાવીએએ,
આણી હૃદય વિવેક તો .... ....૮

દુષ્કૃત નિંદા એમ કરી એ, પાપ કરો
પરિહાર તો; શિવગતિ આરાધન તણો એ,
એ છઠ્ઠો અધિકાર તો .... .... ....૯

# ઢાલ છટ્ઠી

## (આગે તું જોયને જીવડા-એ દેશી)

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ;
દાન શીયળ તપ ભાવના(થી), ટાળ્યાં દુષ્કૃત કર્મ
(દુષ્કર્મ)- ધન૦ ૧

શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર;
જુગતે જિનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર,
ધન૦ ૨

પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિણહર જિનચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યાં, એ સાતે ક્ષેત્ર.
ધન૦ ૩

પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુ માન.
ધન૦ ૪

ધર્મ કાજ અનુમોદીએ, એમ વારોવાર;
શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર.

ધન૦ ૫

ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવિએ, એ આતમરામ.

ધન૦ ૬

સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યાં, ભોગવીયે સોય.

ધન૦ ૭

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનું કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ.

ધન૦ ૮

ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર;
શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર.

ધન૦ ૯

# ઢાલ સાતમી

## (રૈવતગિરિ હુઆં, પ્રભુના ત્રણ કલ્યાણ-એ દેશી)

હવે અવસર જાણી, કરી સંખેલન સાર;
અણસણ આદરિયે, પચ્ચક્ખી ચારે આહાર;
લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ;
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧

ગતિ ચારે કીધાં, આહાર અનંત નિ:શંક;
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીયો રંક;
દુલ્લહો એ વળી વળી, અણસણનો પરિણામ;
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન્ય ધન્નો શાલિભદ્ર, ખંધો મેઘકુમાર;
અણસણ આરાધી, પામ્યા ભવનો પાર;
શિવમંદિર જાશે, કરી એક અવતાર;

આરાધન કેરો, એ નવમો અધિકાર. ૩

દસમે અધિકારે, મહામંત્ર નવકાર,
મનથી નવિ મૂકો, શિવસુખ–ફલ સહકાર;
એહ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર;
સુપરે એ સમરો ચૌદ પૂરવનો સાર. ૪

જનમાંતર જાતાં, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર;
એ નવપદ સરીખો, મંત્ર ન કો સંસાર,
ઈહ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય,
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય;
રાણી રત્નવતી બેહુ, પામ્યાં છે સુરભોગ,
એક ભવ પછી લેશે, શિવરમણી સંજોગ. ૬

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાલ,
ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફૂલમાળ;
શિવકુંવરે જોગી, સોવન પુરિસો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ. ૭

એ દશ અધિકારે, વીર જિણેસર ભાખ્યો,
આરાધન કેરો, વિધિ જેણે ચિત્તમાંહી રાખ્યો;
તેણે પાપ પખાળી, ભવભય દૂરે નાખ્યો,
જિન વિનય કરંતાં, સુમતિ અમૃત રસ ચાખ્યો. ૮

* * *

# ઢાલ આઠમી

## (નમો ભવિ ભાવશું-એ દેશી.)

સિદ્ધારથ રાય કુલતિલોએ, ત્રિશલા માત
મલ્હાર તો; અવનીતળે તમે અવતર્યા એ,
કરવા અમ ઉપકાર; જ્યો જિન વીરજી એ. ૧

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું
પાર તો; તુમ ચરણે આવ્યા ભણી એ,
જો તારે તો તાર; જ્યો૦ ૨
આશ કરીને આવીયો એ, તુમ ચરણે
મહારાજ તો; આવ્યા ને ઉવેખશો એ,
તો કેમ રહેશે લાજ ? જ્યો૦ ૩

કરમ અલુંજણ આકરાં એ, જનમ મરણ
જંજાળ તો; હું છું એહથી ઉભગો એ,

છોડાવ દેવ ! દયાલ. જ્યો૦ ૪

આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠા દુઃખ
દંદોલ તો; તૂઠ્યો જિન ચોવીસમો એ,
પ્રગટ્યા પુણ્ય કલ્લોલ. જ્યો૦ ૫

ભવો ભવ વિનય તુમારડો એ, ભાવ ભક્તિ
તુમ પાય તો; દેવ ! દયા કરી દીજીએ એ,
બોધિબીજ સુપસાય. જ્યો૦ ૬

* * *

## --: કળશ :--

ઈહ તરણ તારણ સુગતિ કારણ, દુઃખ
નિવારણ જગ જ્યો; શ્રી વીર જિનવર
ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો. ૧

શ્રીવિજયદેવસૂરિંદ પટ્ટધર, તીરથ જંગમ
એણી જગે; તપગચ્છપતિ શ્રીવિજયપ્રભસૂરિ,
સૂરિતેજે ઝગમગે. ૨

શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય
સુરગુરુ સમો; તસ શિષ્ય વાચક વિનયવિજયે,
થુણ્યો જિન ચોવીસમો. ૩

સયસત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર
ચોમાસ એ; વિજયાદશમી વિજય કારણ,
કીયો ગુણ અભ્યાસ એ. ૪

નરભવ-આરાધન સિદ્ધિ સાધન, સુકૃતલીલ
વિલાસએ; નિર્જરા હેતે સ્તવન રચિયું,
નામે પુણ્યપ્રકાશએ. ૫

## સહજાનંદીની સજ્ઝાય

સહજાનંદી રે આતમા, સૂતો કાંઈ નિશ્ચિંત રે,
મોહતણા રણીયા ભમે, જાગ જાગ મતિવંત રે;
લુંટે જગતના જંત રે, નાખી વાંક અત્યંત રે,
નરકાવાસ ઠવંત રે, કોઈ વિરલા ઉગરંત રે.
સહજાનંદી૦ ૧

રાગ-દ્વેષપરિણતિ ભજી, માયા કપટ કરાય રે,
કાશકુસુમપરે જીવડો, ફોગટ જન્મ ગમાય રે;
માથે ભય જમરાય રે, શ્યો મન ગર્વ ધરાય રે,

સહુ એક મારગ જાય રે, કોણ જગ અમર કહાય રે.
સહજાનંદી૦ ૨

રાવણ સરિખા રે રાજવી, નાગ ચાલ્યા વિણ ધાગરે.
દશ માથાં રણ રડવડ્યાં, ચાંચ દીયે શિર કાગ રે;
દેવ ગયા સવિ ભાગ રે, ન રહ્યો માનનો છાગ રે,
હરિ હાથે હરિ નાગ રે, જો જો ભાઈઓના રાગ રે.
સહજાનંદી૦ ૩

કેઈ ચાલ્યા કેઈ ચાલશે, કેતા ચાલણહાર રે,
મારગ વહેતો રે નિત્ય પ્રત્યે, જોતાં લગ્ન હજાર રે;
દેશ-વિદેશ સધાય રે, તે નર એણે સંસાર રે,
જાતાં જમદરબાર રે, ન જુવે વાર કુવાર રે.
સહજાનંદી૦ ૪

નારાયણપુરી દ્વારિકા, બળતી મેલી નિરાશ રે,

રોતા રણમાં તે એકલા, નાઠા દેવ આકાશ રે;
કિહાં તરૂછાયા આવાસ રે, જલ જલ કરી
ગયો સાસ રે, બલભદ્ર સરોવર પાસ રે,
સુણી પાંડવ શિવવાસ રે. સહજાનંદી૦ ૫

રાજી ગાજીને બોલતાં, કરતા હુકમ હેરાન રે,
પોઢ્યા અગ્નિમાં એકલા, કાયા રાખ સમાન રે;
બ્રહ્મદત્ત નરક પ્રયાણ રે, એ ઋદ્ધિ અથિર
નિદાન રે, જેવું પિંગળ પાન રે, મ ધરો જૂઠ
ગુમાન રે. સહજાનંદી૦ ૬

વાલેસર વિના એક ઘડી, નવિ સોહાતું લગાર રે,
તે વિણ જનમારો વહી ગયો, નહિ કાગળ
સમાચાર રે; નહિ કોઈ કોઈનો સંસાર રે,
સ્વારથીયો પરિવાર રે, માતા મરૂદેવી સાર રે,

પહોંચ્યાં મોક્ષ મોઝાર રે.　　　　સહજાનંદી૦ ૭

માત પિતા સુત બાંધવા, અધિકો રાગ વિસાર રે,
નારી અસારી રે ચિત્તમાં, વંછે વિષય　ગમાર રે;
જુઓ સૂરિકાંતા જે નાર રે, વિષ દેતી ભરતાર રે,
નૃપ જિન ધર્મ આધાર રે, સજ્જન નેહ નિવાર રે.
સહજાનંદી૦ ૮

હસી હસી દેતા રે તાલીયો, શય્યા કુસુમની સાર રે,
તે નર અંતે માટી થયા, લોક ચણે ઘરબાર રે;
ઘડતા પાત્ર કુંભાર રે, એહવું જાણી અસાર રે,
છોડ્યા વિષય વિકાર રે, ધન્ય તેહનો અવતાર રે,
સહજાનંદી૦ ૯

થાવચ્ચા સુત શિવવર્યા, વળી ઈલાચી કુમાર રે,
ધિક ધિક વિષયા રે જીવને, લઈ વૈરાગ્ય

રસાલ રે; મ્હેલી મોહ જંજાલ રે,
ઘર રમે કેવલ બાલ રે, ધન્ય કરકંડૂ ભૂપાલ રે.
સહજાનંદી૦ ૧૦

શ્રી શુભ વિજય સુગુરૂ લહી, ધર્મ રયણ
ધરો છેક રે, વીર વચન રસ શેલડી,
ચાખે ચતુર વિવેક રે; ન ગમે તે નર ભેક રે,
ધરતા ધર્મની ટેક રે, ભવજલ તરીયા અનેક રે.
સહજાનંદી૦ ૧૧

* * *

# આપ સ્વભાવની સજ્ઝાય

આપ સ્વભાવમાં રે, અવધુ સદા મગનમેં રહેના; જગત જીવ હૈ કરમાધીના, અચરિજ કછુઅ ન લીના. આપ૦ ૧

તું નહિ કેરા કોઈ નહિ તેરા, ક્યા કરે મેરા મેરા; તેરા હૈ સો તેરી પાસે. અવર સબહિ અનેરા –આપ સ્વભાવ૦ ૨

વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઈનકા વિલાસી; વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી –આપ૦ ૩

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુ:ખકા દીસા; જબ તુમ ઉનકૂં દૂર કરીસા,

તબ તુમ જગકા ઈસા —આપ૦ ૪

પરકી આશા સદા નિરાશા, એ હૈ જગ જન પાસા; તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા —આપ૦ ૫

કબહિક કાજી કબહિક પાજી, કબહિક હુઓ અપભ્રાજી; કબહિક કીર્તિ જગમેં ગાજી, સબ પુદ્‌ગલકી બાજી —આપ૦ ૬

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી; કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી —આપ૦ ૭

* * *

૧૬૮

# વૈરાગ્યની સજ્ઝાય

ઉંચાં તે મંદિર માળીયા, સોડ તાણીને સૂતો;

કાઢો કાઢો રે એને સહુ કહે, જાણે જન્મ્યો જ ન્હોતો

–એક રે દિવસ એવો આવશે, મન સબળોજી સાલે; (એ આંકણી) ૧

મંત્રી મળ્યા સવિ કારમા, તેનું કાંઈ નવિ

ચાલે –એક રે૦ ૨

સાવ સોનાનાં સાંકળાં, પહેરણ નવનવા

વાઘા; ધોળું વસ્ત્ર એના કર્મનું, તે તો

શોધવા લાગ્યા –એક રે૦ ૩

ચરૂ કઢાઈયાં અતિ ઘણાં, બીજાનું નહિ લેખું;

ખોખરી હાંડલી એના કર્મની, તે તો

આગળ દેખું —એક રે૦ ૪

કોનાં છોરૂ કોનાં વાછરૂં, કોનાં માયને બાપ;
અંતકાળે જવું જીવને એકલું, સાથે પુણ્ય ને પાપ —એક રે૦ ૫

સગી તે નારી એની કામિની, ઉભી ટગમગ જુએ;
તેહનું કાંઈ ચાલે નહિ, બેઠી ધ્રૂસકે રૂવે
—એક રે૦ ૬

વ્હાલાં તે વ્હાલાં શું કરો, વ્હાલાં વોળાવી
વળશે; વ્હાલાં તે વનકેરાં લાકડાં, તે તો
સાથે જ બળશે —એક રે૦ ૭

નહિ ત્રાપો નહિ તુંબડું, નથી તરવાનો
આરો; ઉદયરત્ન મુનિ ઈમ ભણે, મને પાર
ઉતારો —એક રે૦ ૮

* * *

હે ચેતન !

તું જો ચૈતન્યસ્વરૂપ છે તો તારા સ્વભાવથી વિરૂદ્ધસ્વભાવવાળા જડ ભાવો તને કદી સુખ નહિ આપી શકે.

ત્હારા ગુણો જ ત્હારી સાથે રહેનારા છે, સુખી કરનારા છે. ગુણો વિના મેળવેલી સંપત્તિ, યશ કે સત્તા બધું આત્માને મહા અનર્થ કરનારૂં છે, માટે ગુણો પ્રગટાવવા કોશીષ કર તે ત્હારા સઘળા મનોરથો પુરશે.

# ૩-જૈન શાસનના આરાધકો

## ૧-નમસ્કાર મહામંત્ર યાને ભિલ્લ ભિલ્લડી

પુષ્કરાર્દ્ધદ્વીપના ભરતમાં **સિદ્ધાવટ** નામનું ગામ છે, ત્યાં **સુવ્રત** નામના એક આચાર્ય ચોમાસું રહ્યા અને યોગ્ય મુનિઓને મહિનાના, કોઈને બે મહિનાના, કોઈને ત્રણ મહિનાના તો કોઈને ચારે મહિનાના ઉપવાસ ઉચ્ચરાવ્યા. તેમાંના એક **'દમસાર'** નામના મુનિ ગુરુ આજ્ઞા મેળવીને ગામ બહાર એક ગુફામાં ચોમાસું રહ્યા. ત્યાં આમ તેમ ભમતું એક ભિલ્લ-ભિલ્લડીનું યુગલ આવી ચઢ્યું.

મુનિને જોતાં જ બન્નેને ખૂબ સદ્‌ભાવ થયો અને એથી ક્ષણમાં તેમની પાપ બુદ્ધિ નાશ પામી.

મુનિએ પણ બન્નેને યોગ્ય જાણી શ્રીપંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર આપ્યો અને બન્ને સરળ ભાવે તે મંત્રને ગણવા લાગ્યાં. મુનિએ પણ એ મહામંત્રનું ત્રિકાળ ધ્યાન કરવા સમજાવ્યું. અને ચોમાસું પૂર્ણ થતાં વિહાર કરી ગયા.

આ દંપતી મુનિના ઉપકારને યાદ કરતાં દરરોજ એ નવકાર મહામંત્રનું ધ્યાન કરતાં રહ્યાં અને તેના પ્રભાવે યોગ્ય સમયે સમાધિપૂર્વક મરણ પામ્યાં.

## રાજા રાજસિંહ અને રાણી રત્નવતી

આ બાજુ જમ્બૂદ્વીપના ભરતમાં **મણિમંદિર**

નામનું નગર છે. ત્યાં **રાજમૃગાંક** નામે રાજા અને તેની **વિજયા** નામે રાણી હતી.

ઉપર કહ્યો તે ભિલ્લનો જીવ નમસ્કાર મહામંત્રના પ્રભાવે વિજયાની કુક્ષિમાં અવતર્યો, ગર્ભકાળ પૂર્ણ થતાં જન્મેલા પુત્રનો રાજાએ જન્મોત્સવ કરી **રાજસિંહ** નામ રાખ્યું. બુદ્ધિશાળી રાજસિંહ અલ્પ મહેનતે પુરૂષની બહોત્તેર કળાઓમાં પ્રવીણ થયો, તેને સમાન વય-ગુણોવાળા **સુમતિ** નામના મંત્રિ પુત્રની સાથે ગાઢ મૈત્રી થઈ અને અનુક્રમે બન્ને યૌવનવયે પહોંચ્યા.

એકદા બન્ને મિત્રો નગર બહાર ઘોડાઓને ખેલાવી એક વૃક્ષ તળે બેઠા, ત્યાં એક વટેમાર્ગુ નીકળ્યો, તેને રાજસિંહે પૂછ્યું ભાઈ ! ક્યાંથી આવો છો ? ક્યાં જવું છે ? અને કંઈ આશ્ચર્યભૂત જાણવા

યોગ્ય હોય તો જણાવો. જવાબમાં વટેમાર્ગુ નમસ્કાર કરીને બોલ્યો-**પદ્મપુરથી** આવું છું અને **શ્રીપુંડરીક** ગણધરાદિ અનંત આત્માઓની સિદ્ધિથી પવિત્ર બનેલા શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રાએ જાઉં છું. એક આશ્ચર્ય જોયું છે તે સાંભળો !

**પદ્મપુરમાં પદ્મ** નામે રાજા છે, તેને **હંસી** નામની રાણી છે, અને તેની કુક્ષિથી જન્મેલી **રત્નવતી** નામની સ્ત્રીઓમાં રત્ન સમાન બુદ્ધિ-કળાથી સર્વને જીતે તેવી રાજપુત્રી છે. તે યૌવન અવસ્થાને પામી ત્યારે માતાએ વસ્ત્રાલંકારથી વિભૂષિત કરી રાજા પાસે મોકલી તેને જોઈ રાજાએ તેના વરની ચિંતાથી એને યોગ્ય કોઈ વર મળશે કે કેમ ? એમ મંત્રીને પૂછ્યું.

મંત્રીએ જણાવ્યું- રાજન્ ! પુણ્યવંતના

પુણ્યને સફળ કરવાની સામગ્રી પણ તેના પુણ્યથી હોય છે અને તેને આવી પણ મળે છે, માટે એનું પુણ્ય જ એને યોગ્ય પતિ સાથે મેળવશે. એટલામાં તો એક નટરાજ સભામાં આવ્યો, તેણે ભિલ્લનો વેશ કરી નાટક કરવા માંડ્યું અને નાટક જોતી રત્નવતી એકાએક મૂર્છિત થઈ પડી.

અનેક ઉપચારો પછી સ્વસ્થ બનેલી રત્નવતીએ કહ્યું- પિતાજી ! મને પૂર્વભવનું જ્ઞાન થયું છે, હું પૂર્વે ભિલ્લડી હતી અને પ્રાણપ્રિય ભિલ્લ મારો પતિ હતો. આ ભવમાં પણ એ જ પતિ મળશે તો હું પરણીશ, અન્યથા મારે પરણવું નથી.

વટેમાર્ગુની આટલી વાત સાંભળતાં કુમાર રાજસિંહને પણ મૂર્છા આવી અને તેને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું. રત્નવતી એ જ એની પૂર્વભવની સ્ત્રી હતી, એથી તેને વિના દેખે પણ

રત્નવતી ઉપર પરમ પ્રેમ થયો. આગળ વિશેષ જાણવા માટે તેણે વટેમાર્ગુને પૂછ્યું કે પછી શું થયું ? મુસાફરે કહેવા માંડ્યું-

પુત્રીની પ્રતિજ્ઞાથી ચિંતાતુર બનેલા રાજાએ રત્નવતીના પૂર્વ ભવના પતિની શોધ માટે દેશ પરદેશમાં સર્વત્ર જાહેર કર્યું કે, 'જે રત્નવતીનો પૂર્વ ભવનો પતિ ભિલ્લ હશે તેને મારી પુત્રી પરણાવીશ.' એથી દૂર-દૂરથી અનેક રાજપુત્રો આવીને કહેવા લાગ્યા કે 'હું પૂર્વ ભવમાં ભિલ્લ હતો અને રત્નવતી મારી સ્ત્રી હતી' એમાં કોઈ સાચો ન ઠર્યો, બધા ય રત્નવતીને પરણવાના લોભે અસત્ય બોલતા અને રત્નવતી પૂછતી કે 'પૂર્વે શું સુકૃત કરવાથી તમે આ ભવમાં આટલી સમૃદ્ધિ પામ્યા' ત્યારે નિરુત્તર થઈ આબરૂ ગુમાવી વીલે મોઢે પાછા ફરતા. એથી 'પુરૂષો બધા જૂઠ બોલનારા હોય છે' એમ લાગવાથી

રત્નવતીને પુરૂષ માત્ર પ્રત્યે દ્વેષ થઈ ગયો અને હવે તે કોઈ પુરૂષને મળવા માગતી નથી. માત્ર સ્ત્રીઓની સાથે જ રહે છે અને આત્મકલ્યાણ કરે છે. તમે પુરૂષરત્ન દેખાઓ છો, તે સ્ત્રીરત્ન છે, કદાચ તમારા ઉભયનો યોગ મળે તો વિધાતાનો પ્રયત્ન સફળ થાય.

મુસાફરની વાતથી સંતુષ્ટ થએલા કુમારે પોતાના શરીરનાં આભરણો ભેટ આપી વિદાય કર્યો અને પોતે રાજમંદિરે ગયા પછી રત્નવતીને મળવાની ચિંતામાં પડ્યો.

મિત્ર સુમતિ પાસે તેણે દેશાટનની સંમતિ માગી, સુમતિ એ વાતમાં સંમત થયો ને પોતાનાથી બને તેટલી સહાય કરવાનું પણ કહ્યું. બન્ને જણા રાત્રિના સમયે નગર બહાર નીકળી પડ્યા અને દૂર એક અરણ્યમાં પહોંચ્યા. ત્યાં કોઈના કરૂણ રુદનનો

સ્વર સાંભળી પરગજુ કુમાર તુર્તજ તલવાર લઈ તે દિશામાં ચાલ્યો, ત્યાં તો એક રાક્ષસ એક પુરૂષને કાખમાં દબાવી પોતાની સામે આવતાં જોયો. કુમારે દયાથી એ પુરૂષને છોડી દેવા રાક્ષસને કહ્યું ત્યારે રાક્ષસે કહ્યું કે, હું સાત દિવસનો ભૂખ્યો છું, આ માણસ મને વશ કરવા ઈચ્છતો હતો, સાત દિવસના ભૂખ્યા મેં તેની પાસે પુરૂષનું માંસ માગ્યું પણ તે આપી શક્યો નહિ એથી મેં એને પકડ્યો છે. બોલ, હવે હું એને શી રીતે છોડું ?

કુમારે કહ્યું તું એને છોડી દે, હું તને પુરૂષનું માંસ આપીશ. રાક્ષસે પેલા પુરૂષને છોડી દીધો એટલે રાજસિંહે પોતાનું માંસ કાપવા માંડ્યું. એકદમ કુમારને અટકાવીને તેના ગુણોથી અને સત્વથી પ્રસન્ન થએલા રાક્ષસે તેને વરદાન માંગવા કહ્યું. નિઃસ્પૃહ કુમારે કંઈ પણ ન માગ્યું તો પણ દેવદર્શન

નિષ્ફળ ન થાય માટે રાક્ષસે તેને એક ચિંતામણી રત્ન આપ્યું.

ત્યાંથી કુમાર પાછો સુમતિ પાસે આવ્યો અને રાક્ષસનો સઘળો વૃત્તાન્ત કહી જણાવ્યો. બન્ને પ્રાતઃકાળે આગળ ચાલ્યા અને કેટલાક દિવસો પછી રત્નપુરી નગરીમાં પહોંચ્યા. ત્યાં સુવર્ણમય જિનમંદિરમાં રત્નમય મૂર્તિ જોઈ ભક્તિથી રોમાંચિત થએલા કુમારે જિનમૂર્તિને નમસ્કાર-સ્તુતિ-સ્તવનાદિ કર્યું. ચૈત્યની અદ્‌ભૂત સુવર્ણમય રચના જોઈ ચમત્કાર પામેલા કુમારે ત્યાંના કોઈ પૂજારીને મંદિરનો ઈતિહાસ પૂછ્યો તેણે કહ્યું સાંભળો-

## શિવકુમાર

આ રત્નપુરીમાં **યશોભદ્ર** નામના ઉત્તમ અને

ધનાઢ્ય શ્રાવક થઈ ગયા, તેઓનો **શિવકુમાર** નામે પુત્ર જુગારી વ્યસની અને લમ્પટ હતો. બાલ્યકાળથી પિતાએ તેને માટે ઘણા પ્રયત્નો કરવા છતાં તેને ધર્મ ગમ્યો નહિ, શેઠને તેની ઘણી ચિંતા હતી પણ શું કરે ? યોગ્યતા વિના ધર્મનો આદર પ્રગટતો નથી. આખરે અંતકાળે શેઠે તેને બોલાવીને કહ્યું-બીજું ન થાય તો પણ જ્યારે તું કોઈ ભયંકર આપત્તિમાં ફસાય ત્યારે મહામંત્ર શ્રીનવકારનું સ્મરણ કરજે, એથી તારી આપત્તિ નાશ થશે. શ્રદ્ધા વિના પણ પિતાના આગ્રહથી પુત્રે તે વાત સ્વીકારી અને શેઠ સમાધિથી મરીને દેવ થયા.

દારૂડીઆઓ, જુગારીઓ વિગેરેની સોબતથી શિવ પિતાની સર્વ સંપત્તિ ગુમાવી બેઠો અને નિસ્તેજ બની ગએલા તેને સ્વજન સંબંધીઓ વિગેરેએ છોડી દીધો. સર્વત્ર અપમાનિત થએલા

## ૧૮૧

શિવને એક દિવસે દીનવદને બેઠેલો જોઈને એક ધૂર્ત પરિવ્રાજકે જાણે ખૂબ દયાળુ હોય તેવો દેખાવ કરી તેને કહ્યું કે–જો તું મ્હારૂં કહ્યું માને તો લક્ષ્મી તારી દાસી બની જાય. શિવને તો 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું' એની વાત ગમી ગઈ અને તેના કહેવા પ્રમાણે કરવા કબુલ કર્યું.

પરિવ્રાજકના કહેવા પ્રમાણે તે કોઈ સ્થાનેથી એક પુરૂષનું શબ લાવ્યો અને બીજી પણ કેટલીક સામગ્રી લઈ પરિવ્રાજકે કહ્યા પ્રમાણે કાળી ચૌદશની રાત્રે જંગલમાં એક ભયાનક સ્મશાને પહોંચી ગયો. પરિવ્રાજક પણ સંકેત પ્રમાણે ત્યાં આવ્યો જ હતો, તેણે એક કુંડ (માંડલું) બનાવીને તેમાં અગ્નિ સળગાવ્યો અને શબના હાથમાં તીક્ષ્ણ ધારવાળી તલવાર મૂકી. પછી શિવને શબના પગતળીએ તેલ ઘસવાનું કહી પોતે નિશ્ચલ બેસી મંત્ર જપવા લાગ્યો.

શિવ આ બધું દશ્ય જોઈ સમજી ગયો કે પોતે આફતમાં છે, પણ શું કરે ? નાશવું શક્ય ન હતું અને ત્યાં કોઈની સહાય મળે તેમ પણ ન હતું. ભયભીત થએલા તેને તે વખતે પિતાજીનું અંતિમ વચન યાદ આવ્યું અને એકાગ્ર મને શ્રીપંચપરમેષ્ઠિ નમસ્કારમહામંત્રને મનમાં ગણવા લાગ્યો.

આ બાજુ પરિવ્રાજકના મંત્ર જાપથી શબ ઉભું થયું પણ પાછું નીચે પડ્યું. એ જોઈ ત્રિદંડી ખૂબ એકાગ્ર બની જોરથી જાપ કરવા લાગ્યો અને શિવ પણ એકાગ્ર બની નવકાર મંત્ર જપવા લાગ્યો.

પુનઃ શબ ઉભું થયું અને પડ્યું એથી શંકાશીલ બનેલા પરિવ્રાજકે શિવને પૂછ્યું 'તું કોઈ મંત્ર જાણે છે ?' શિવને ખબર નથી કે પોતાનો મંત્ર સર્વ મંત્રોનો વિજેતા છે, એથી સરળ ભાવે તેણે કહ્યું– ના, પુનઃ બન્ને પોતપોતાના મંત્રો જપવા લાગ્યા.

પરિવ્રાજકે મંત્રના પ્રભાવથી શબને વેતાલથી અધિષ્ઠિત કર્યું હતું પણ નમસ્કાર મંત્રના પ્રભાવે વેતાલ કંઈ કરી શકે તેમ ન હતું, એથી શિવને મારવા માટે સાધેલા વેતાલે શબમાં રહીને પરિવ્રાજકના જ ગળે શબના હાથમાં રહેલી તલવાર ચલાવી અને પરીવ્રાજકનું શરીર સુવર્ણપુરૂષ બની ગયું.

આવી રીતે સિદ્ધ થયેલો સુવર્ણપુરૂષ મંત્રાધિષ્ઠિત હોવાથી તેનાં અંગોપાંગો ગમે તેટલી વાર કાપવા છતાં તે પુનઃ પૂર્ણ થઈ જાય છે અને સાધકને અખૂટ સુવર્ણ મળ્યા કરે છે.

શ્રી નમસ્કાર મંત્રના પ્રભાવથી બનેલા એ સુવર્ણપુરૂષને શિવકુમારે ભૂમિમાં ગુપ્ત રાખી પુષ્કળ સુવર્ણ મેળવ્યું, થોડા કાળમાં તે પુનઃ શ્રીમંત થયો અને ધર્મના આ પ્રત્યક્ષ મહિમાથી શ્રદ્ધાળુ બનેલા શિવકુમારે સુવર્ણમય જિન મંદિર બંધાવ્યું તે આ

મંદિર છે.

પૂજારીના મુખે મંદિરનો ઈતિહાસ સાંભળી પોતાના મિત્રને રાજસિંહ કુમારે કહ્યું-ભાઈ! જો તો ખરો ! આ મહામંત્રનો કેવો અપૂર્વ મહિમા છે ? એના ધ્યાનથી આલોક-પરલોકની સઘળી આપત્તિઓ નાશ પામે છે. એમ એ મહામંત્રના મહિમાનું અનુમોદન કરતા બન્ને ત્યાંથી આગળ ચાલ્યા.

## સતી શ્રીમતી

ક્રમશઃ પ્રયાણ કરતા બન્ને પોતનપુર નગરે પહોંચ્યા, ત્યાં કોઈ શ્રીમંતને ત્યાં મહામહોત્સવ ચાલતો જોઈ કુમારે કોઈ પુરૂષને મહોત્સવનું કારણ પૂછ્યું. ત્યારે તે પુરૂષે કહ્યું-સાંભળો !

અહીં **સુયુત** નામના શ્રાવકને **શ્રીમતી** નામની

પુત્રી છે, આખું કુટુંબ જૈનધર્મમાં ખૂબ શ્રદ્ધાળુ અને ધર્મી છે. શ્રીમતી–યૌવનવતી થઈ ત્યારે તેના રૂપમાં મોહ પામી એક મિથ્યાદષ્ટિ ધનાઢ્ય પુત્રે સુયુતશેઠ પાસે શ્રીમતીની માગણી કરી.

શેઠે તે અજૈન છતાં યોગ્ય પતિ સમજી જૈન ધર્મની આરાધનાની કબુલાત માંગી પુત્રીને મહોત્સવપૂર્વક તેની સાથે પરણાવી. પતિની સાથે શ્રીમતી સાસરે ગઈ. પતિનો અનહદ પ્રેમ હતો છતાં ઘરમાં નણંદ સાસુ વિગેરે મિથ્યાત્વી હોવાથી તેમને શ્રીમતીની ધાર્મિક પ્રવૃત્તિ ન રૂચી અને તેના ઉપર દ્વેષ કરવા લાગ્યા. તો પણ શ્રીમતી પોતાના ધર્મમાં નિશ્ચલ રહી બધાનો વિનયાદિ કરવા પૂર્વક સમતાથી દિવસો પસાર કરતી ગઈ. તેના ઉપર ઘરનાં માણસોનો દ્વેષ વધતો ગયો, બધાં ધર્મમાં વિઘ્નો કરવા લાગ્યાં, છતાં પોતાનાં જ કર્મોનો દોષ સમજી

શ્રીમતીએ જરા પણ દ્વેષ ન કર્યો.

કેટલોક સમય જતાં દષ્ટિરાગથી મિથ્યાત્વમાં રંગાએલા પતિનો પ્રેમ પણ તૂટી ગયો અને શ્રીમતીનું કોઈ સહાયક ન રહ્યું. તેના પતિએ પણ બીજી સ્ત્રી પરણવાના ઈરાદાથી શ્રીમતીને મારી નાખવા વિચાર કર્યો.

એકદા ઘરના અંદરના અંધારા ઓરડામાં એક ઘડામાં સર્પ રાખીને ઘડો ઢાંકી દીધો, પછી તક જોઈને શ્રીમતીને કહ્યું-'ઓરડામાં ઘડામાં પુષ્પોની માળા છે તે તું મને લાવી આપ' સતી શ્રીમતીએ પણ પતિની આજ્ઞાને શિરસાવંદ્ય કરી શ્રી નમસ્કારમહામંત્રના સ્મરણપૂર્વક ઓરડામાં પ્રવેશ કર્યો. નવકાર મંત્રના ધ્યાનથી તેને જરા પણ ભય ન લાગ્યો, ઢાંકણ ખોલીને ઘડામાં હાથ નાખ્યો તે પહેલાં જ નમસ્કારમહામંત્રના પ્રભાવથી તુષ્ટ થએલી

શાસન દેવીએ સાપને ખસેડી ઘડામાં સુગંધી પુષ્પો ભરી દીધાં હતાં તે લઈને તેણે પતિને આપ્યાં. આશ્ચર્ય પામેલા પતિએ અંદર જઈ જોયું તો સર્પ ત્યાં હતો જ નહિ, તેને બદલે ઘડામાંથી દિવ્ય સુગંધ ઉછળતી હતી. અતિ હર્ષ-પામેલા તેણે પોતાની માતા વિગેરે સંબંધીઓને બોલાવીને જે બન્યું હતું તે કહ્યું અને શ્રીમતીના પગમાં પડી તેના ગુણોની પ્રશંસા કરવાપૂર્વક પોતે તેને મારી નાખવાનો વિચાર કર્યો હતો તે સઘળું જણાવી ક્ષમા માગી.

શ્રીમતીએ કહ્યું-આપનો કોઈ અપરાધ નથી, મારાં જ કર્મોનો એ દોષ છે, માત્ર તમને તો એટલું જ કહું છું કે-હજુ સમજીને કાચ જેવા મિથ્યાધર્મને છોડી ચિંતામણીરત્ન તુલ્ય શ્રીજૈનધર્મને સ્વીકારો. એ તમોને આભવ-પરભવ-ભવોભવ સર્વ રીતે સુખી કરશે.

શ્રીમતીના વચનોથી શાન્ત થએલા પતિને શ્રીમતીએ જૈન ધર્મ ઓળખાવ્યો, તે પણ બોધ પામ્યો અને તેણે જૈન ધર્મને સ્વીકાર્યો. એથી આખા કુટુંબે જૈન ધર્મનો સ્વીકાર કર્યો. એમ સદ્ધર્મની પ્રાપ્તિના હર્ષથી તેઓએ આ મહોત્સવ માંડ્યો છે.

સુશ્રાવિકા શ્રીમતીનું અદ્ભુત ચરિત્ર અને નવકારમહામંત્રના પ્રભાવને જાણી અતિ હર્ષ પામેલા બન્ને તેની પ્રશંસા કરતા આગળ ચાલ્યા.

## જિનદાસ

રાજસિંહ અને તેનો મિત્ર સુમતિ પોતનપુરથી પ્રયાણ કરી ક્રમશઃ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે પહોંચ્યા. ત્યાં આખા નગરમાં સહુને આનંદ કલ્લોલ કરતા જોઈ રાજકુમારે સહુના હર્ષનું કારણ એક માણસને પૂછ્યું.

તેણે કહ્યું આ નગરમાં બળ નામે બલિષ્ઠ રાજા

છે. એકદા શહેરના પાદરમાં રહેલી નદીમાં પાણીથી મોટું પૂર આવ્યું અને તેમાં એક બીજોરાનું ફળ તણાતું જોઈ કોટવાળે નદીમાં પડી તે બીજોરૂં લાવી રાજાને આપ્યું. એનો ગંધ-સ્વાદ વિગેરે જોઈ ખૂશ થએલા રાજાએ કોટવાળનો સત્કાર કરી એ ફળ ક્યાંથી લાવ્યો તે પૂછ્યું અને કોટવાળે યથાર્થ હકિકત જણાવી.

સ્વાદમાં લુબ્ધ બનેલા રાજાએ તેનું મૂળ ઉત્પત્તિ સ્થાન શોધી લાવવા હુકમ કર્યો. કીનારે કીનારે જતાં બીજોરાના વૃક્ષોનું વન આવ્યું તે જોઈ કોટવાળે અનુમાન કર્યું કે અહીંથી પડી ગયેલું બીજોરૂં પાણીના પૂરમાં તણાઈને આવ્યું હોય એ સંભવિત છે. એટલામાં ત્યાં રહેલા ગોવાલીઆઓએ કહ્યું, ભાઈ ! આ વનનાં ફળ કોઈ લે છે તો મરી જાય છે માટે ફળ લેશો નહિ. એથી કોટવાળ પાછો ફર્યો તેણે

સઘળી હકિકત રાજાને કહી, પણ સ્વાદમાં લપટાએલા રાજાએ ન્યાય અને મર્યાદા મૂકીને કહ્યું કે ‘નગરમાંથી વારા પ્રમાણે એક એક માણસ મોકલી ફળ મંગાવો’ કોટવાળે ઘરના માણસોનાં નામ નોંધી ચીઠ્ઠીઓ બનાવીને એક પાત્રમાં ભરી દરરોજ તેમાંથી જેની ચીઠ્ઠી નીકળે તેની પાસે ફળ મંગાવવાની ગોઠવણ કરી.

એમ રાજાના હુકમથી દરરોજ એક મનુષ્યના ભોગથી બીજોરૂં મંગાવી રાજા ખાતો ગયો અને માણસો મરતાં ગયાં.

એમ કરતાં એક દિવસ શ્રીજિનદાસ નામના શ્રાવકની ચીઠ્ઠી નીકળી. મરવાનું તો હતું જ, એથી તેણે અંતિમ આરાધના કરી લીધી, ઘરમંદિરમાં ભાવભક્તિપૂર્વક જિનપૂજા કરી સહુને ખમાવી સાગાર અનશનનું પચ્ચક્‌ખાણ કરી મનમાં સમાધિ

કેળવી શ્રીનમસ્કાર મહામંત્રને ઉચ્ચ સ્વરે બોલતો તે વન ભણી ચાલ્યો.

આ વનનો અધિષ્ઠાયક પૂર્વ ભવે વ્રતોની વિરાધના કરવાથી વ્યંતરમાં ઉત્પન્ન થએલો હતો, કોઈ પણ તેના વનમાંથી ફળ લેતું તેને તે મારી નાખતો હતો, આજે જિનદાસના મુખનો નવકારમંત્રનો ધ્વનિ સાંભળતાં તેને પૂર્વજન્મનું ભાન થયું, એથી પૂર્વે કરેલી વ્રતવિરાધના જાણી તે ધર્મ પામ્યો અને ભક્તિપૂર્વક જિનદાસ શ્રાવકની પાસે આવી તે કહેવા લાગ્યો-

'મને ધર્મ પમાડ્યો માટે આપ મારા ગુરુ છો, પૂજ્ય છો. આપ હવેથી આપના સ્થાને જ રહેજો, હું હંમેશા આપને ફળ આપી જઈશ, શ્રી જિનદાસ શેઠ કૃતકૃત્ય થઈ પાછા આવ્યા.

રાજાને બનેલી સઘળી વાત કહી અને રાજા પણ ખુશ થઈ જૈન ધર્મની સ્તુતિ કરવા લાગ્યો. જિનદાસનો પણ ઘણો સત્કાર કર્યો. એમ અમોને સઘળાને જૈનધર્મના પ્રભાવે શ્રી જિનદાસે જીવાડ્યા છે તેનો આખા નગરમાં હર્ષ છે અને રાજાએ એથી હર્ષોત્સવ માંડ્યો છે તેમાં આખું શહેર આનંદમગ્ન બન્યું છે.

આ હકિકત જાણી નમસ્કાર મંત્રનું આ ભવમાં જ કેવું અલૌકિક ફળ મળે છે ! વિગેરે તેના મહિમાની અનુમોદના કરતા બન્ને મિત્રો આગળ ચાલ્યા.

## ચંડપિંગલ ચોર

રાજસિંહ અને સુમતિ બન્ને પ્રયાણ કરતા ક્રમશઃ વસંતપુર પહોંચ્યા, ત્યાં આખા શહેરમાં સહુ

## ૧૯૩

કોઈને શ્રીનવકારમંત્રને ગણતા જોઈ આશ્ચર્ય પામેલા કુમારના કહેવાથી સુમતિએ એની તપાસ કરીને રાજસિંહ કુમારને કહ્યું-મિત્ર ! આ નગરમાં **જિતશત્રુ** રાજાને **ભદ્રા** નામે રાણી હતી, તેનો હાર એક ચંડપિંગલ નામના ચોરે રાજભંડારમાંથી ચોરી તે જ નગરની **કલાવતી** નામની કોઈ કલાસંપન્ન વેશ્યાને આપ્યો અને તેના બદલામાં તે વેશ્યાની સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો.

એવામાં અનંગતેરશનો પર્વદિન આવ્યો. સઘળી વેશ્યાઓ વિવિધ શણગાર સજી અલંકારો પહેરી ઉપવનમાં ક્રીડા કરવા ગઈ, ત્યાં કલાવતી પણ પેલો હાર પહેરીને આવી અને ત્યાં આવેલી રાજાની દાસીઓએ એ હાર જોઈ, ઓળખી, ઘેર જઈ રાણીને વાત કરી.

રાણીએ રાજાને કહ્યું, અને રાજાએ કલાવતી હાલમાં કોની સાથે રહે છે તે તપાસ કરવા મંત્રીને આજ્ઞા કરી. મંત્રીએ તપાસ કરી જણાવ્યું. એથી રાજાએ વેશ્યાના ઘરને ઘેરો ઘાલી અંદરથી ચંડપિંગળને પકડાવી લીધો, અને શૂળીએ ચઢાવવાની આજ્ઞા કરી શૂળીએ ચઢાવરાવ્યો.

કલાવતી વેશ્યા છતાં થોડા વખતથી ભોગમાં સંતુષ્ટ બની હતી, કંઈક શ્રાવિકાના આચારો પાળતી હતી, એથી એને ચંડપિંગળના અકાળ મરણ માટે દુ:ખ થયું. તેને લાગ્યું કે મારા પ્રમાદને પરિણામે એને મરવાનો પ્રસંગ આવ્યો, ખેર ! બનવાનું બન્યું. 'આજથી કોઈ પુરૂષ સાથે મારે વિષય સેવવો નહિ' એવો નિર્ણય કરી તેણે ચંડપિંગળની પાસે જઈ તેને અંત કાળે નવકારમહામંત્ર સંભળાવ્યો અને કહ્યું, મરીને એજ રાજાનો પુત્ર થવાનું નિયાણું કર !

વેશ્યાના કહેવા પ્રમાણે નિયાણું કરી મરીને તે રાજાની રાણીની કુક્ષિમાં પુત્રપણે અવતર્યો. કામધેનુની જેમ ફળ આપનાર નવકારના મહિમાથી ચોર મટી રાજપુત્ર તરીકે જન્મ્યો અને રાજાએ જન્મોત્સવ કરી તેનું **પુરંદર** નામ રાખ્યું.

સંસારની કેવી વિચિત્ર ઘટના છે ?

પુત્ર શત્રુ થાય.. શત્રુ પુત્ર થાય,

માતા પત્ની થાય.. પત્ની માતા થાય,

રાજાને ક્યાં ખબર હતી કે એ મારો શત્રુ છે ? અને ખબર પડે તો પણ શું ? મોહ-સ્નેહરાગનાં બંધનથી હવે તેને શત્રુ માનવા પણ કેમ દે ?

કલાવતી તો ગર્ભદિવસના અનુમાનથી સમજી ગઈ હતી કે પુરંદર ચંડપિંગલનો જીવ છે. એથી તે રાજમંદિરે જતી, પુરંદરને રમાડતી અને તે રૂદન કરે

ત્યારે 'ચંડપિંગલ રોઈશ નહિ' કહીને છાનો રાખતી.

પુરંદર મુખાકૃતિ જોઈ જાતિસ્મરણજ્ઞાન પામ્યો, તેણે પોતાનો પૂર્વભવ જોયો અને પિતાના અવસાન બાદ રાજા થયો ત્યારે કલાવતીએ પોતાની પછી બીજા પુરૂષનો સંગ નથી કર્યો એમ જાણી તેને પત્ની બનાવી.

આ બધો મહિમા શ્રી નમસ્કારમહામંત્રનો જ છે, એમ સમજી જિનધર્મમાં રક્ત બનેલો રાજા દરરોજ શ્રી નવકારમંત્રનું પઠન કરે છે અને એથી નગરના સઘળા લોકો પણ એ મંત્રને ગણે છે.

'યથા રાજા તથા પ્રજા' એ કહેવત અહીં ચરિતાર્થ થઈ છે.

મિત્રના મુખથી આ હકિકત સાંભળી આશ્ચર્ય પામેલા કુમારે કહ્યું-જુઓ તો ખરા, આ ચોરને પરલોકમાં નમસ્કાર મહામંત્ર કેવો ફળ્યો ? એમ

નવકારના મહિમાને સ્થળે સ્થળે જોતા બન્ને મિત્રો વસંતપુરથી આગળ ચાલ્યા.

## હુંડિકયક્ષ

ક્રમશઃ પ્રયાણ કરતા રાજસિંહ અને સુમતિ **મથુરામાં** ગયા.

ત્યાં નગર બહાર પૂર્વદિશામાં એક યક્ષનું મંદિર જોયું. તેના આંગણામાં 'ફાંસીએ ચઢાવેલા ચોરને એક પુરૂષ કંઈ સંભળાવી રહ્યો હોય એવું બાવલું ઉભું કરેલું જોઈને તેનું રહસ્ય જાણવા રાજપુત્રે પૂજારીને પૂછ્યું, ભાઈ ! આ દશ્ય શાનું છે ?

પૂજારીએ કહ્યું, અહીં **શત્રુમર્દન** રાજા તથા **જિનદત્ત** નામે પરમશ્રાવક નગરશેઠ છે. તે અત્યંત દયાળુ છે અને સત્વશાળી પણ છે. એકદા હુંડિક

નામનો એક ચોર નગરમાં ચોરી કરવા આવ્યો. એક શ્રીમંતના ઘરમાંથી તે પકડાયો અને કોટવાળોએ રાજા સમક્ષ હાજર કર્યો. આ ચોર બહુ કલાબાજ હતો, આજ સુધી ઘણી ચોરીઓ કરવા છતાં તે પકડાતો ન હતો રાજા કોટવાળ અને પ્રજા પણ તેનાથી ત્રાસી ગઈ હતી. એથી ચોરને જોઈ રાજાનો કોપ સીમા બહાર ગયો, તેણે આજ્ઞા કરી કે એને ગધેડે ચઢાવી આખા શહેરમાં ફેરવી પુષ્કળ વિડંબના કરી ફાંસીએ ચઢાવો અને શહેરમાં જાહેર કરો કે જે કોઈ ચોરી કરશે તેને ન્યાયપ્રિય રાજા બેહાલ દશામાં આ ચોરની જેમ મારી નાખશે.

રાજાના કહેવા પ્રમાણે કોટવાળે બધું કરી ખૂબ કદર્થના પૂર્વક હુંડિકને ફાંસીએ ચઢાવ્યો અને કોઈ એની દયા કરે તેને પકડી લેવા રાજસેવકોને ચોકીમાં મૂક્યા.

ફાંસીએ ચઢેલા ચોરને તે વખતે તૃષાએ આકૂળ-વ્યાકૂળ કરી દીધો. એથી દીનવચને તે જેની તેની પાસે પાણી માગવા લાગ્યો. દયાળુઓને દયા થવા છતાં રાજાના ભયથી તેને કોઈ પાણી આપી શક્યું નહિ. એટલામાં જિનદત્ત શેઠ એ રસ્તે નીકળ્યા, તેમની પાસે ચોરે પાણી માગ્યું, ત્યારે સત્ત્વસાળી શેઠે રાજભયની પણ દરકાર છોડીને ચોરને કહ્યું-

ધીરજ રાખ ! હું હાલ પાણી લાવું છું, પણ ત્યાં સુધી તું મહાપ્રભાવક શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર ! જે મનુષ્ય એ મંત્રને છેલ્લી ઘડીએ પણ સંભારે છે તે મરીને સ્વર્ગે જાય છે, હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર કે બીજાં પણ ઘોર પાપો કરનારો પણ નવકાર મંત્રના પ્રભાવે સદ્ગતિને પામે છે, કારણ કે અંતે મતિ તેવી ગતિ થાય છે' માટે તું એ

મંત્રને જપવા માંડ ! હું તુર્ત પાણી લઈને આવું છું. શેઠના કહેવાથી ચોરે નવકારમંત્ર ગણવા માંડ્યો અને શેઠ પાણી લઈને આવ્યા તેટલામાં તેના શ્વાસ પૂર્ણ થયા. નવકારના મહિમાથી તે દેવગતિમાં મહર્દ્ધિક યક્ષ થયો.

આ બાજુ રાજસેવકોએ રાજાને જિનદત્તનો વૃત્તાન્ત કહ્યો, તે જાણી 'રાજદ્રોહીને સહાય કરનાર પણ દ્રોહીની શિક્ષાને લાયક છે' કહી જિનદત્તને ફાંસીની સજા ફરમાવી, અને રાજસેવકોએ શેઠને ગધેડા ઉપર બેસાડી વિડંબના દેવા તૈયારી કરી એટલામાં યક્ષ થએલા હુંડિકે પોતાને ધર્મ પમાડનાર ગુરુની આ દશા જોઈ આકાશમાં એક પત્થરની મોટી શિલા વિકુર્વીને લોકોમાં જાહેર કર્યું કે 'કરુણાના સમુદ્ર મારા ગુરુ જિનદત્તશ્રાવકને જે કોઈ દુ:ખ દેશે તેને હું આ શિલાથી ચૂરી નાખીશ' એથી નગર લોકો

અને રાજા સહુ ભયથી કંપવા લાગ્યા, મરણથી કોણ નથી ડર્યો ? બધા ય નમસ્કાર કરી દીનવદને યક્ષને કરગરવા લાગ્યા 'અમારો અપરાધ ક્ષમા કરો, અમે અજ્ઞાન છીએ' ત્યારે **હુંડિકયક્ષે** તેમને કહ્યું કે 'જિનદત્ત શ્રાવકનું શરણ સ્વીકારી પૂર્વ દિશામાં મારી ફાંસીનું તથા જિનદત્ત શ્રાવકે મને નવકાર સમજાવ્યો તેનું દશ્ય બનાવવા સાથે મારૂં મંદિર બાંધો'

રાજાએ એ કબૂલ કર્યું અને જિનદત્તને ખમાવી હાથી ઉપર બેસાડી નગર પ્રવેશ કરાવ્યો. તે પછી આ યક્ષનું મંદિર પણ રાજાએ બનાવ્યું છે અને હુંડિકની ફાંસીનું આ દશ્ય છે.

એ સાંભળી રાજસિંહે સુમતિને કહ્યું જેમ આ ચોર છતાં નવકાર મંત્રના મહિમાથી યક્ષ થયો તેમ હું

પણ પૂર્વે ભિલ્લ હતો તે રાજપુત્ર થયો છું અને નવકાર મંત્રના પ્રભાવે જ રાજવૈભવ પામ્યો છું.

આશ્ચર્ય પામેલા સુમતિએ પૂછ્યું, આપ ક્યાં ક્યારે ભિલ્લ હતા? જવાબમાં કુમારે પોતાનો પૂર્વભવ સંભળાવ્યો ત્યારે સુમતિએ આશ્ચર્ય સાથે હર્ષ પામી કહ્યું, કુમાર ! એમ જ કહોને કે પૂર્વ ભવની પત્નીને પરણવા જ નીકળ્યા છો, દેશાટનનું તો કેવળ બ્હાનું જ છે. અસ્તુ, પણ તે પુરુષદ્વેષિણી છે, તેનું દર્શન પણ દુ:શક્ય છે ત્યાં વાતચિત અને લગ્નની તો આશા જ શી ?

કુમાર બોલ્યો, વિધિ અચિંત્ય કાર્યોને પણ સાધે છે અને પુરૂષ ગમે તેવો સમર્થ હોય પણ વિધિ વાંકો થતાં તેનું એકે કામ પાર પડતું નથી. આપણે ક્યાં શોધવા ગયા હતા ? વિધિએ રત્નવતીની ઓળખ કરાવવા વટેમાર્ગુને મોકલ્યો તો બાકીનું પણ

તે કરશે જ ! એમ કહી બન્ને મથુરાથી નીકળ્યા.

## રાજા રાજસિંહ અને રાણી રત્નવતીનું શેષ વર્ણન

કેટલુંક ચાલ્યા પછી એક સરોવર પાસે પહોંચ્યા. કુમાર તાપથી ખૂબ શ્રમિત અને તૃષાતુર થઈ ગયો હતો, તેથી સરોવરમાં સ્નાનાદિ કરી વિશ્રામ માટે એક વૃક્ષ નીચે સુતો. સુમતિ બાજુનાં વૃક્ષોનાં પુષ્પો તથા ફળો લેવાના કામમાં ગુંથાયો અને કુમાર ઊંઘી ગયો.

એ વખતે આકાશમાર્ગે જતા એક વિદ્યાધરે દેવકુમાર જેવું રાજસિંહનું રૂપ જોઈ વિચાર્યું કે 'પાછળ મારી સ્ત્રી આવે છે તે આનું રૂપ જોઈ મને છોડી દેશે માટે કંઈક ઉપાય કરૂં !' એથી તેણે વૃક્ષોમાંથી કોઈ ઔષધી લઈ પાણી સાથે ઘસીને કુમાર ઉપર તે પાણી છાંટતાં કુમાર મટી સ્ત્રીનું રૂપ

થઈ ગયું. વિદ્યાધર ચાલ્યો ગયો અને પાછળ વિદ્યાધરી આવી. અપ્સરા તુલ્ય કુમારને ઊંઘેલો જોઈ તેને ચિંતા થઈ કે 'મારો પતિ કામી છે આને જોશે તો મને છોડી દેશે અને આ સ્ત્રી મારી શોક્ય થશે' એથી તેણે પણ જંગલની એક ઔષધિ લઈ તેનું પાણી છાંટી કુમારને પુરૂષ બનાવી દીધો અને ત્યાંથી ચાલી ગઈ.

આ બધું ઝાડીમાં ગુપ્ત રહેલા સુમતિએ જોયું અને ઔષધિઓ પણ જાણી લીધી. એથી તેણે જાગ્યા પછી એ સઘળી હકિકત કુમારને કહી અને ઔષધિઓ સાથે લઈ બન્ને આગળ ચાલ્યા.

ક્રમશઃ **પદ્મપુર** પહોંચ્યા, ત્યાં ઔષધિના પ્રયોગથી બન્નેએ સ્ત્રીનું રૂપ કર્યું અને નગરમાં પ્રવેશ કરી શ્રી જિનમંદિરમાં દર્શનાર્થે ગયા. કર્મ યોગે રત્નવતી પણ તે જ વેળા પોતાના સ્ત્રી પરિવાર સાથે

આવી. વિવિધ સામગ્રીથી જિનભક્તિ કરી પાછા ફરતાં તેણે બન્ને સ્ત્રીઓને જોઈ અને દેવાંગના જેવી કુમાર સ્ત્રીને જોતાં જ તેનું હૈયું હર્ષથી થંભી ગયું. એથી કુમારસ્ત્રીને પૂછ્યું, તમે ક્યાંથી આવો છો ? જવાબમાં મિત્ર સ્ત્રીએ કહ્યું, એ મારી સખી છે અને અન્ય સ્થાનેથી અહીં આવી છે.

રત્નવતીએ કહ્યું, એને જોઈ મને અપૂર્વ આનંદ થાય છે માટે તેને લઈ તમે મારા મહેલમાં પધારો ! એથી બન્ને કૃત્રિમ સ્ત્રીઓ ત્યાં ગઈ અને રત્નવતીના આગ્રહથી કેટલોય સમય તેની સાથે જ રહી. ત્યાં કુમારે રત્નવતીના મુખે તેની સઘળી હકિકત પણ જાણી લીધી.

એકદા પ્રસંગને પામીને કુમારસ્ત્રીએ રત્નવતીને કહ્યું–ત્હારા પૂર્વ પતિ ભિલ્લનો હજુ પત્તો લાગ્યો નથી, લાગવો શક્ય પણ નથી, તો તું આમ

ક્યાં સુધી કુમારી રહીશ ? અનુરૂપ પતિના મેળાપ વિના રૂપસંપન્ન અને ગુણવાન પણ કન્યા લોકમાં શોભાને પામતી નથી.

રત્નવતીએ કહ્યું- પૂર્વભવના એ ભિલ્લપતિ વિના હું કદી લગ્ન કરવાની નથી.

કુમારે કહ્યું-તો તારૂં યૌવન જંગલમાં માલતીના પુષ્પની જેમ નિષ્ફળ થશે.

રત્નવતી બોલી-સ્ત્રીને પતિની જરૂર ચિત્તની શાન્તિ માટે છે, તે કામ ત્હારા મેળાપથી મારે થઈ ગયું છે, તેથી હવે મારે બીજા કોઈનું પ્રયોજન નથી.

કુમારે કહ્યું-ત્હારા પતિને ઓળખવાનો કોઈ ઉપાય છે ?

રત્નવતીએ કહ્યું-હા, મારી પૂર્વભવની કરણી જે કહી જણાવે તેને હું મારો પતિ માની શકું ? ત્યારે

કુમારસ્ત્રીએ કહ્યું-પૂર્વભવમાં દમસાર મહર્ષિએ આપેલા નવકાર મંત્રનું ત્રિકાળ નિત્ય સ્મરણ કરતાં મરીને તું રત્નવતી થઈ છે.

એ શબ્દો સાંભળતાં જ રાજપુત્રીએ તેની સખીને પૂછ્યું કે, આ ત્હારી સખી મ્હારી વાત સ્વયં જાણે છે કે કોઈની પાસેથી સાંભળેલી કહે છે ?

મિત્રસ્ત્રીએ કહ્યું, એ સ્વયં જાણે છે. એજ ત્હારો પૂર્વભવનો પતિ છે. માટે ત્હારૂં મન એને જોઈને ઠર્યું છે, એની ચેષ્ટાઓ પણ પુરૂષના જેવી છે. અને પતિ સમાગમથી સ્ત્રીઓને જે ભાવો (વિકારો) પ્રગટે તે તેને મલ્યા પછી ત્હારામાં પ્રગટ્યા છે, માટે હું માનું છું કે એજ ત્હારો પૂર્વભવનો પતિ છે અને કોઈ કારણે સ્ત્રીનું કૃત્રિમ રૂપ કરી અહીં આવ્યો હોય એમ મને લાગે છે.

રત્નવતીની સત્ય જાણવાની ઉત્કંઠા વધી અને તેના આગ્રહથી બન્ને કૃત્રિમ સ્ત્રીઓએ બીજી ઔષધિથી પોતાનાં મૂળ પુરૂષરૂપ પ્રગટ કર્યાં. એથી અતિ હર્ષિત થએલી રાજકુમારીએ કહ્યું-નાથ ! રૂપની જેમ આપનું સ્થાન-કુળ વિગેરે પણ જણાવી મને શાન્ત કરો !

પછી રાજસિંહની આજ્ઞાથી સુમતિએ બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. રાજાએ પણ એ વાત જાણી અને અતિ પ્રસન્ન થઈ પોતાની પુત્રીને રાજસિંહ સાથે મહોત્સવપૂર્વક પરણાવી.

કુમારને દાયજામાં હાથી, ઘોડા, સૈન્ય અને વિપુલ ધન કંચન વિગેરે આપી રાજા કૃતકૃત્ય થયો. રાજકુમાર પણ દેવની જેમ રત્નવતીની સાથે ભોગસુખ ભોગવતો ત્યાં કાળ નિર્ગમન કરવા લાગ્યો.

## ૨૦૯

આ બાજુ રાજમૃગાંક રાજાને પુત્રના સઘળા સમાચાર પહોંચી ગયા અને તેણે પોતાના દૂત મારફત એક લેખ મોકલી પુત્ર રાજસિંહને જણાવ્યું કે, 'અમે કુશળ છીએ, ત્હારા સુખ સમાચાર સાંભળી આનંદ થયો છે, પરંતુ ત્હારો વિરહ અમને ઘણો પીડે છે. તેથી ત્હારા દર્શન માટે અમે ઘણાં આતુર છીએ. બીજી વાત, અમારી વૃદ્ધાવસ્થા થઈ છે તેથી સંયમ લેવાની અમારી ભાવના થઈ છે માટે તું જલ્દી આવીને રાજ્યના ભારમાંથી અમને મુક્ત કર !'

પિતાના પત્રથી પિતૃભક્ત રાજસિંહે પોતાના વતન જવા માટે પદ્મરાજા પાસે અનુમતિ માગી, તેણે પણ દુઃખાતા દિલે જવાની સંમતિ આપી અને ચતુરંગી સેના સહિત રાજસિંહ કુમાર રત્નવતીને લઈ પોતાના મણિમંદિર નગરે પહોંચ્યો.

રાજાએ હાથી ઉપર બેસાડી પુત્ર અને પુત્રવધૂને નગર પ્રવેશ કરાવ્યો અને વિનીત દંપતીએ પગે પડી માતાપિતાને પ્રસન્ન કર્યા. પિતાએ પણ શુભ આશીર્વાદ આપ્યો અને પોતે સંયમ લેવા નિશ્ચય કર્યો.

એ જ વખતે ઉદ્યાનપાલકે ઉદ્યાનમાં ગુણસાગર નામના આચાર્ય મહારાજના આગમનના સમાચાર આપ્યા. એ જાણી રાજાએ તેને પુષ્કળ દ્રવ્ય ભેટમાં આપ્યું અને પુત્રને રાજગાદીએ બેસાડી સંયમ માટે તૈયારી કરી. યાચકોને દાન દેવા માંડ્યું, જિનમંદિરોમાં પૂજા-મહોત્સવો કરાવ્યા અને હાથી ઉપર બેસીને પુત્ર વિગેરેની સાથે ગુરુ પાસે ગયા.

ગુરુને વિધિપૂર્વક વન્દનાદિ કરી વિનંતિ કરી કે હે ભગવંત ! કૃપા કરી દીક્ષારૂપી નૌકાથી મને આ ભયંકર ભવસમુદ્રથી પાર ઉતારો !

ગુરુએ વિધિપૂર્વક દીક્ષા આપી, વ્રતો ઉચ્ચરાવ્યાં અને રાજસિંહ-રત્નવતીએ પણ સમ્યક્ત્વમૂળ શ્રાવકધર્મ સ્વીકાર્યો.

ગુરુને નમસ્કાર કરી સહુ પોતાના સ્થાને ગયા, ગુરુમહારાજ વિહાર કરી ગયા અને ગુરુની નિશ્રામાં રહી નિર્મળ સંયમ પાળી બાહ્ય અભ્યંતર તપથી આત્માને અજવાળી રાજર્ષિ રાજમૃગાંક સદ્ગતિમાં ગયા.

રાજસિંહે ચિરકાળ ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરવા સાથે શ્રાવક ધર્મનું પણ સુંદર આરાધન કર્યું. નવકારમંત્રના પ્રભાવથી બલવાન પણ શત્રુ રાજાઓ તેને વશ થઈ ગયા અને રાજ્યમાં સર્વત્ર જૈન ધર્મનો પ્રચાર કરી રાજ્યની ભૂમિને જિનમંદિરોથી વિભૂષિત કરી.

એક વાર રાજા રાજસિંહ માંદા પડ્યા, ત્યારે

અંત અવસ્થાએ આરાધના કરવા માટે રાજ્યનો ભાર ઉતારી, પોતાના પ્રતાપસિંહ નામના પુત્રને ગાદીએ બેસાડ્યો અને આરાધના માટે ધર્માચાર્યને તેડાવ્યા. તેઓના ચરણોમાં નમસ્કાર કરી વિનયપૂર્વક કહ્યું કે, હે પૂજ્ય તારક ગુરુદેવ ! મારી અવસ્થાને ઉચિત આદેશ ઉપદેશ કરી મને કૃતાર્થ કરો !

ગુરુએ પણ આરાધના કરાવતાં કહ્યું કે 'મહાનુભાવ ! સઘળી આશંસાઓને છોડીને જ્ઞાનાચારાદિ પાંચ આચારોના પાલનમાં લાગેલા અતિચારોની આલોચના કરો, ઉચ્ચરેલાં પણ વ્રતોને ફરી ઉચ્ચરો. પૃથ્વીકાયાદિ સ્થાવર, વિકલેન્દ્રિય તથા નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવો, એ સર્વ સંસારી જીવોને ખમાવો. કોઈની સાથે પણ વૈર ન રાખો. હિંસા-જૂઠ વિગેરે અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કરો. ભૂતકાળનાં પાપોની આત્મસાક્ષીએ

નિન્દા કરો. વિધિપૂર્વક કરેલા દાનાદિ સુકૃત્યોની ત્રિકરણ-યોગે અનુમોદના કરો. અરિહંતો, સિદ્ધો, સર્વસાધુઓ અને જિનકથિત દયામૂળધર્મ, એ ચારેનું શરણ સ્વીકારો. ચારે પ્રકારના આહારનો ત્યાગ કરો અને એકાગ્ર બની પંચપરમેષ્ઠિ શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરો !' વળી--

**'હું કોઈનો નથી,' મ્હારૂં કોઈ નથી, છતાં જૈન શાસનના પ્રભાવે મને જરા પણ દીનતા નથી. એવી ભાવનાથી ચિત્તને સ્થિર કરી શરીરમાંથી પણ મમતાને છોડી દ્યો. જેનો સંયોગ છે તેનો વિયોગ પણ અવશ્ય છે માટે વિયોગ દુ:ખ છે અને સંયોગ તેનું મૂળ છે' એમ સમજી 'એક શ્રી જિનચરણોની સેવાની આશંસા સિવાય બધી ઝંખના છોડી દ્યો !'**

ઈત્યાદિ ગુરુવચનમાં શ્રદ્ધાળુ રાજસિંહ રાજા સમાધિ કેળવી મરીને પાંચમા દેવલોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો.

રત્નવતી પણ સમયે આરાધનાપૂર્વક મરીને ત્યાં જ ઉત્પન્ન થઈ. બન્ને દેવો ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ પામીને અનુક્રમે મોક્ષરૂપી શાશ્વતી લક્ષ્મીને પામશે.

એ રીતે નવકાર મહામંત્રનું ઉત્તમ ફળ સમજીને સુખના અર્થી જીવોએ બને તેટલો નવકારમંત્રનો વધુ જાપ કરવો.

બેસતાં ઉઠતાં દરેક કાર્યોમાં નવકારનું ધ્યાન કરનારનાં કાર્યો પ્રાયઃ સિદ્ધ થાય છે અને અંતે પણ સમાધિથી સદ્‌ગતિ થાય છે.

२१५

## ભાગ્યશાળી સુભગ યાને શેઠ સુદર્શન

જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં ચંપા નામે નગર હતું, ત્યાં દધિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો તેને અભયા નામે રાણી હતી.

એ જ નગરમાં રાજાને પ્રિય અતિ ધનવાન ઋષભદાસ શેઠ નગરશેઠ હતા. તેઓને અરિહાદાસી નામે પત્ની હતી.

બન્નેમાં નામ પ્રમાણે ગુણો હતા, બન્ને પતિ-પત્ની શ્રી જિનેશ્વર ભગવંતોનાં દાસ-દાસી જેવાં હતાં, એથી એમનાં નામો યથાર્થ હતાં.

શ્રી જિનધર્મની આરાધનાથી બન્ને પોતાના આત્માને પવિત્ર બનાવતાં હતાં. તેઓને ત્યાં સુભગ નામનો એક ચાકર હતો. તે દરરોજ શેઠની ભેંસો ચારવાનું કામ કરતો.

પુણ્યવાનોની નોકરી પણ પુણ્ય વિના મળતી નથી. સુભગ પણ નામ પ્રમાણે ગુણવાળો હતો, છતાં કોઈ અશુભ કર્મોદયે તેને દરિદ્રતાએ નોકર બનાવ્યો હતો.

એક દિવસ તે શેઠની ભેંસો લઈ જંગલમાં ચારવા નીકળ્યો. રસ્તે જતાં એક મુનિને કાઉસ્સગ્ગ ધ્યાનમાં જોયા. પરિમિત વસ્ત્રો અને સખ્ત ઠંડીમાં સ્થિરચિત્તે ધ્યાન કરતા મુનિને જોઈ સુભગને તેઓ પ્રત્યે બહુમાન જાગ્યું.

મસ્તક નમાવી મનમાંને મનમાં તેઓના ગુણો ગાતો સુભગ થોડો વખત ત્યાં જ રોકાયો. ભેંસો જંગલનું ઘાસ ચરવા લાગી અને મુનિના ગુણથી રંજિત થએલો સુભગ મુનિનાં દર્શન કરતો રહ્યો તેટલામાં તો સૂર્ય મધ્યાહ્નનો થયો અને 'નમો અરિહંતાણં' બોલતાં જ મુનિ કાઉસ્સગ પારી

આકાશગામિની લબ્ધિના બળે પંખીની જેમ આકાશમાં ઉડ્યા.

સુભગ તો આભો જ બની ગયો. તેને ખૂબ આશ્ચર્ય થયું અને ભોળાએ માની લીધું કે, જે મંત્ર બોલવાથી મુનિ આકાશમાં ઉડ્યા તે **'નમો અરિહંતાણં' એક મહામંત્ર છે.**

પછી તો તેણે પણ એ જ મંત્રનો પાઠ શરૂ કર્યો. સુતાં જાગતાં બેસતાં ઉઠતાં સર્વત્ર 'નમો અરિહંતાણં' બોલવા લાગ્યો. શેઠને એ જાણી આનંદ થયો તેમણે એ મંત્ર ક્યાંથી શીખ્યો ? એ પૂછ્યું અને સુભગે મુનિની સઘળી હકિકત જણાવી.

ખૂશ થયેલા શેઠે એને બાકીનાં આઠ પદો શીખવાડી એનો અપૂર્વ મહિમા સમજાવ્યો.

બસ, હવે પૂછવું જ શું ? 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું' એને 'નમો અરિહંતાણં' પદ ગમી ગયું હતું

તેમાં વળી શેઠે પુરવણી કરવાથી તે દરેક કાર્યોમાં શ્રી નવકારમંત્રનો જાપ કરવા લાગ્યો.

એકદા ચોમાસાના કાળમાં તે ભેંસો લઈ જંગલમાં ગયો અને નદી પાર ભેંસોને ચારતાં દિવસ પુરો થતાં પાછો ફર્યો. વરસાદ પુષ્કળ પડવાથી નદીમાં બે કાંઠે પુર આવેલું જોઈ ઘેર પહોંચવાની વિમાસણમાં પડ્યો એટલામાં તો ભેંસો નદીને ઓળંગી ઘેર પહોંચી ગઈ અને સુભગને ન જોવાથી અસૂર થતાં શેઠ ચિંતામાં પડ્યા. કરવા જોગી તપાસ કરવા છતાં સુભગનો પત્તો ન જ લાગ્યો અને શેઠ નિરાશ થઈ ગયા.

આ બાજુ ભેંસોના ગયા પછી સુભગે પણ 'નમો અરિહંતાણં' બોલતાં નદીમાં ઝંપલાવ્યું. તેને આશા હતી કે એનાથી હું આકાશમાં ઉડીશ ! પણ બન્યું વિપરીત, પાણીમાં તેને એક લોંખંડનો ખીલો

સખ્ત લાગ્યો. હૈયું વિંધાયું અને પીડા વધી પડી તો પણ તેણે નમો અરિહંતાણંનું ધ્યાન ન છોડ્યું. એના પ્રભાવે એને ખૂબ સમાધિ મળી.

ઉપકારને લીધે શેઠના ગુણો ઉપર પણ તેને ઘણો રાગ હતો, એ ગુણાનુરાગ અને 'નમો અરિહંતાણં' બન્નેના પ્રભાવે તે જ વખતે મરીને તે એ જ શેઠની સ્ત્રી અરિહાદાસીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો.

ઓ મહામંત્ર નવકાર !
ત્હારા કેટલા ગુણ ગવાય ?
તેં ક્ષણમાં રંકોને રાય બનાવ્યા છે,
રોગીઓને નિરોગી બનાવ્યા છે,
શત્રુઓને મિત્રો બનાવ્યા છે,
સિંહને શિયાળ બનાવ્યા છે,

સર્પોને પુષ્પની માળાઓ બનાવી છે,

અગ્નિની જ્વાળાઓને શીતળચંદન તુલ્ય બનાવી છે,

તેં શું શું સુખ નથી સરજ્યું ?

ત્હારા શરણે આવેલા કોને તેં નથી તાર્યા ? ચાકરી કરતા જંગલી જીવન જીવતા સુભગને તેં ક્ષણમાં અખૂટ લક્ષ્મીનો માલિક બનાવ્યો. જે શેઠનો એ ચાકર હતો તે શેઠનો લાડકવાયો પુત્ર બનાવ્યો. અરે, એટલું જ કેમ ? તેં તેને 'શીયળ' નામનું એવું અમૂલ્ય રત્ન આપ્યું કે જેના મહિમાથી માતા-પિતાએ પાડેલા 'સુદર્શન' નામથી સુદર્શન શેઠ તરીકે પ્રખ્યાત થએલા તેનો યશ જગતમાં આજે પણ ગવાય છે, પ્રાતઃ કાળે લોકો એનું નામ લઈને પોતાના જીવનને ધન્ય માને છે.

સુભગ એ જ જૈનશાસનનો ઝળહળતો હીરો

સુદર્શન, જેના શીયળને ખંડન કરવા રાજાની રાણીએ અનેકવિધ કપટો કર્યાં અને ખોટું કલંક આપી શૂળીએ ચડાવરાવ્યો તો પણ જે જરા પણ ચલાયમાન ન થયો.

દેવના મહિમાથી શૂળીનું સિંહાસન બની ગયું અને કલંક ધોવાઈ જતાં જેનું પવિત્ર જીવન ત્રણ લોકમાં ગવાતું થયું.

શીયળના પ્રભાવે પવિત્ર બનેલા શેઠ સુદર્શન આખરે સંયમ સ્વીકારી મરણાન્ત ઉપસર્ગોમાં પણ દૃઢ રહી ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાની થયા અને આઠે કર્મોનો ક્ષય કરી અજરામર મોક્ષપદને પામ્યા.

ધન્ય એ નમસ્કાર મહામંત્રને !

ધન્ય શીયળ મહારત્નને !!

ધન્ય એના આરાધક સુદર્શન શેઠને !!!

## નિયમનો મહિમા યાને વંકચૂલ

ઢીંપુરી નગરીમાં વિમળયશ રાજાને પુષ્પચૂલ નામે પુત્ર અને પુષ્પચૂલા નામે પુત્રી હતી.

પુષ્પચૂલ બળવાન છતાં અતિ ઉદ્ધત હોવાથી પ્રજાને રંજાડતો હતો એથી લોકો તેને વંકચૂલ કહેતા.

આખરે ન્યાયપ્રિય રાજાએ પ્રજાના શત્રુ જેવા પુષ્પચૂલને નગરમાંથી કાઢી મૂક્યો અને પોતાની પ્રકૃતિ પ્રમાણે જંગલમાં રહી ભિલ્લોનો તે માલિક બન્યો. ત્યાં પલ્લી વસાવીને અનેક ભિલ્લો સાથે જંગલમાં રહેવા લાગ્યો.

સિંહગુફા નામની તેની પલ્લીમાં એકદા એક વિદ્વાન આચાર્ય પધાર્યા અને તેમણે વર્ષા ચોમાસું રહેવા ત્યાં જગ્યાની માગણી કરી.

વંકચૂલે કહ્યું, અહીં રહેવું હોય તો તમારે

અમારી હદમાં ધર્મોપદેશ નહિ કરવો, મૌન કરીને રહેવું, એ શરત કબૂલ હોય તો રહો !

આચાર્ય મહારાજે પણ અમે રહીએ ત્યાં સુધી તમારે કોઈએ હિંસા કરવી નહિ, એ શરત રજુ કરી. વંકચૂલે એ વાત સ્વીકારી અને તેઓ ત્યાં ચાતુર્માસ રહ્યા.

ચાર મહિના પૂર્ણ થતાં આચાર્ય મહારાજે વંકચૂલને વિહારની વાત જણાવી. અને વંકચૂલ પણ કેટલેક સુધી વળાવવા સાથે ગયો.

તેની હદ પુરી થઈ ત્યાં તે ઉભો રહ્યો એટલે ગુરુએ તેને કહ્યું હે ભદ્ર ! અમે ત્હારી હદ બહાર આવી ગયા છીએ અને એથી અમારી ઈચ્છા છે કે અમારા ચાતુર્માસની યાદી તરીકે તું (૧) અજાણ્યાં ફળ ખાવાં નહિ, (૨) કોઈને પણ ઘા કરતાં પહેલાં સાત આઠ ડગલાં પાછા ખસવું, (૩) રાજાની રાણી

સાથે વિષય સેવવો નહિ અને (૪) કાગડાનું માંસ ખાવું નહિ, એટલા નિયમ કર ! સુગમ લાગવાથી વંકચૂલે ચારે નિયમો લીધા અને ઘેર ગયો.

એકદા પોતાના સાથીદારો સાથે અટવીમાં કોઈ સાર્થને લૂંટીને તે એક અરણ્યમાં પેઠો ત્યારે બધા ભિલ્લોએ ઘણી ક્ષુધા લાગવાથી આસપાસના ઝાડોનાં કેટલાંક ફળો મેળવ્યાં. વંકચૂલને નિયમ હોવાથી તેણે અજાણ્યાં ફળો ન ખાધાં. બીજાઓએ ખાધાં, પણ તે કિંપાક (ઝેરી) વૃક્ષના હોવાથી ખાનારા મરી ગયા. આથી વંકચૂલને નિયમનો મહિમા અને જીવન બચાવનારા ગુરુનો એક મોટો ઉપકાર સમજાયો એથી નિયમની અને ગુરુની તેણે મનમાં જ ખૂબ પ્રશંસા કરી.

રાત્રે ઘેર ગયો, ત્યારે પોતાની પત્નીની સાથે એક પુરૂષને સુતેલો જોયો. એથી એકદમ ગુસ્સો

આવતાં તલવાર ખેંચી ઘા કરવા તૈયાર થયો પણ નિયમ યાદ આવતાં થોડાં પગલાં પાછો ખસ્યો.

ત્યાં તો ઉગામેલી તલવાર દ્વાર સાથે અથડાતાં અવાજ થવાથી પેલો પુરૂષ જાગી ગયો. એ પુરૂષ ન હતો, વંકચૂલની બ્હેન હતી. સ્વર ઉપરથી તેને ઓળખીને વંકચૂલે પુરૂષ વેષ કરવાનું કારણ પૂછ્યું. તેણે પણ 'ભાભી સાથે નાટક જોવા જતાં મેં ત્હારાં કપડાં પહેર્યાં અને પાછા આવી નિદ્રા ઉભરાએલી હોવાથી બદલ્યા વિના જ ઊંઘી ગઈ' વિગેરે સત્ય જણાવ્યું. એથી વંકચૂલનો ક્રોધ શાન્ત થયો અને નજીવા પણ નિયમે પોતાને બ્હેનને મારી નાખવાના પાપમાંથી બચાવ્યો તેનો ખૂબ ઉપકાર માન્યો.

હવે તો તેને જૈન મુનિઓ ઉપર ખૂબ સન્માન જાગ્યું. એકદા પેલા સૂરિજીના શિષ્યો વિહાર કરતા ત્યાં પધાર્યા તેઓના મુખે ધર્મોપદેશ સાંભળી એક

જૈનમંદિર બંધાવી તેની ભક્તિપૂર્વક પૂજા કરવા લાગ્યો, એથી તેનું પુણ્ય પણ ઉત્તરોત્તર વધતું ગયું.

એકદા એ ચોરી માટે નીકલ્યો. રાજાનો ભંડાર ચોરવો, બીજા સામાન્ય મનુષ્યોને શા માટે દુઃખી કરવા ? એવી ભાવનાથી ચંદનઘોના પ્રયોગથી તે રાજમંદિરમાં પેઠો.

ત્યાં રાજાની પટ્ટરાણીએ તેને જોયો અને પૂછ્યું, તું કોણ છે ? તેણે સાચી હકિકત કહી એટલે રાણીએ તેને કહ્યું, ભય રાખીશ નહિ, મારી સાથે ભોગ ભોગવી શાન્તિ આપ ! ત્હારા રૂપથી મોહ પામેલી હું કામવાસનાથી પીડાઉં છું.

ઓ પાપી કામવાસના ! ત્હારો જુલ્મ ક્યાં ઓછો છે ? રાજા જેવો પતિ છતાં તેં એક મહારાણીને લાચાર ચોરની પણ દાસી બનાવી દીધી.

વંકચૂલે પોતાને રાણી ભોગવવાની પ્રતિજ્ઞા છે

કહી નિષેધ કર્યો અને રાણીએ પોતાનું કાર્ય ન થવાથી તેને હેરાન કરવા શરીરે નખના ઉઝરડા કરી તેની ઉપર આળ ચઢાવી સીપાઈઓ દ્વારા પકડાવ્યો.

ભવિતવ્યતાએ રાજાએ એ બધું જોઈ લીધું અને ક્ષમા કરી વંકચૂલને પુત્રની જેમ બચાવ્યો. રાણીને મારવા માંડી તેને પણ વંકચૂલે બચાવી. આ બધો મહિમા ગુરુદેવનો સમજી તે તેઓનો ખૂબ ઉપકાર માનતો થયો પછી તો પલ્લી છોડીને ત્યાં જ રહી ધર્મ કરવા લાગ્યો.

એકદા રાજાએ તેને કોઈ શત્રુ સાથે યુદ્ધ કરવા મોકલ્યો. ત્યાં તેનો વિજય થયો પણ શસ્ત્રોના ઘણા પ્રહારો તેના શરીરે લાગ્યા. અનેક ઉપાયોથી એ ઘા ન રૂઝાયા ત્યારે વૈદ્યોએ કાગડાના માંસ સાથે ઔષધ લેવાની સલાહ આપી. પોતાના નિયમનું અખંડ પાલન કરવા માટે શરીરનો મોહ છોડ્યો પણ તેણે

કાગડાનું માંસ ન લીધું. પરિણામે શુભ ધ્યાનથી મરીને શ્રાવક ધર્મની ઊંચી ભૂમિકાના ફળ રૂપ તે અચ્યુત દેવલોકમાં દેવ થયો.

જૈનશાસનની પાપનો નિયમ કરવાની રીતિ કેટલી મહત્વની છે, તે આથી સમજાશે.

અંતકાળે પણ જે પાપનાં પચ્ચક્ખાણ કરી આરાધક બને છે તે સદ્ગતિને પામે છે અને ઉત્તરોત્તર પવિત્ર થતો આખરે મોક્ષને મેળવે છે માટે જીવને બને તેટલો પાપનો ત્યાગ કરી મરણાન્ત કષ્ટોમાં પણ નિયમને અખંડ પાળવો હિતકારી છે.

જો મનુષ્યને વિચાર કરતાં એમ જણાય કે પહેલાં કરતાં એની મૂર્ખતા ઓછી થઈ છે તો એ લાભ ન્હાનો સુનો નથી. પુનઃ મૂર્ખતા વધી ન જાય તે માટે તેણે જાગ્રત ખૂબ જાગ્રત રહેવું જોઈએ !

* * *

# 'સર્વ સુખોની જનની દયા'

પાંચાલ દેશમાં વરશક્તિ નામે નગરમાં સુધર્મા નામે જૈન રાજા અને જયદેવ નામે મંત્રી હતો.

મંત્રી ધર્મને મિથ્યા માનતો હતો, એથી ગમે તે રીતે માણસે સુખ મેળવવું એવી તેની માન્યતા હતી.

એક વેળા એક ચર પુરૂષે સભામાં જણાવ્યું, રાજન્ ! આપણા રાજ્યની સીમાડે રહેલો મહાબળ નામનો રાજા આપણાં ગામો લૂંટે છે. રાજાએ મંત્રી સામે જોયું.

મંત્રીએ સલાહ આપી કે, સ્વામિન્ ! એ રાંક દૂર દૂર રહીને ભલે ગર્જના કરે, એની તાકાત નથી કે યુદ્ધમાં આપની સામે એ ટકી શકે. 'જંગલમાં મદોન્મત્ત હાથીઓ ત્યાં સુધી જ ગર્જના કરે છે કે

શૂરવીર સિંહ નજરે નથી ચઢ્યો.'

બસ, પછી તો તુર્ત રણશીંગું વાગ્યું, સૈન્ય સજ્જ થયું અને રાજધર્મ સમજી રાજાએ સ્વયં મહાબળના દેશમાં જઈને યુદ્ધમાં તેને હરાવ્યો અને ત્યાં પોતાની આણા વર્તાવીને નગરે જવા પાછો ફર્યો.

વિજયના આનંદથી મગ્ન બનેલો રાજા પોતાના નગરે આવી પહોંચ્યો. પ્રવેશ માટે પ્રજાએ મોટા મહોત્સવથી સામૈયું કર્યું અને રાજા દરવાજે આવ્યો ત્યાં તો દરવાજો તૂટી પડ્યો. ન માલુમ એકાએક એમ શાથી બન્યું ?

રાજાએ અપશુકન માની પ્રવેશ કરવાનું મૂલત્વી રાખ્યું અને બુદ્ધિમાન મંત્રીએ એક જ દિવસમાં દરવાજો સજ્જ કરાવી દીધો.

બીજે દિવસે પણ એમજ બન્યું. દરવાજો વારંવાર કેમ તૂટી પડે છે ? તેનું કારણ સમજમાં ન આવ્યું અને તેથી પ્રવેશ કરવાની હિંમત ન ચાલી.

મંત્રીએ આશ્વાસન આપી પુનઃ દરવાજો તૈયાર કરાવી દીધો. 'આજે જરૂર પ્રવેશ થશે' એમ માની રાજા ત્રીજે દિવસે પ્રવેશ માટે દરવાજા પાસે આવી પ્રવેશ કરવા જાય ત્યાં વળી દરરાજો તૂટી પડ્યો.

આજે તો રાજાની વિહ્વળતા વધી પડી. શું કરવું એ સૂઝ્યું નહિ અને નિરાશ ચહેરે પાછા ફરી ઉદ્યાનમાં જ મુકામ રાખ્યો.

મંત્રી પણ એનું કારણ જાણી શક્યો નહિ. પ્રજા-વર્ગમાં પણ ભયની છાયા પથરાઈ ગઈ અને સ્વભાવ પ્રમાણે લોકો વિવિધ કલ્પનાઓ કરવા લાગ્યા. સાચો નિર્ણય કોઈ કરી શક્યું નહિ. પણ એટલું તો સહુને લાગ્યું જ કે 'પ્રવેશ કરવો હિતાવહ

નથી. નગર ઉપર કોઈ આપત્તિ આવવાનાં આ ચિન્હો છે.'

રાજાએ દરવાજો પડવાનું કારણ જાણવા મંત્રીને આદેશ કર્યો અને મંત્રીએ એક નિમિત્તિઆને પૂછી કહ્યું, નગરની અધિષ્ઠાયિકા દેવી ગમે તે કારણે કોપાયમાન થઈ છે તેથી તે આ ઉપદ્રવ કરે છે. તેને શાન્ત કરવાનો એક જ ઉપાય છે.

'રાજા પોતે અથવા મા-બાપ સ્વયં એક મનુષ્યને મારી નાખીને તેનું લોહી દરવાજે છાંટે તો દેવી શાન્ત થાય અને દરવાજો સ્થિર બને.'

દયાળુ રાજાએ કહ્યું-પુત્ર સમાન પ્રજાને મારીને જીવવું એ શું રાજધર્મ છે ? જીવવું સહુને પ્રિય છે, મારાથી એવું કામ કેમ બને ? બીજાને પણ એ માટે હું સંમતિ કેમ આપું ? જ્યાં હું ત્યાં નગર જ છે, એવો નગરનો મોહ શા માટે જોઈએ ?

રાજાના દઢ નિશ્ચય આગળ મંત્રી કંઈ બોલી શક્યો નહિ, તેણે મહાજનને કહ્યું કે–હવે રાજા આ નગરમાં આવે તેવો સંભવ નથી. માટે તમોને યોગ્ય લાગે તેમ કરો !

મહાજને રાજા પાસે આવીને દેવીનું કહ્યું કરવા માગણી કરી. ઘણી રકઝક પછી પ્રજાના આગ્રહથી રાજાએ મૌન કર્યું અને મહાજને મુંગી સંમતિ માની લીધી.

તુર્ત જ શ્રીમંતોએ ઉઘરાણું કરી એક સોનાનો મનુષ્ય બનાવ્યો, તેને વાહનમાં પધરાવીને તેની સાથે એક ક્રોડ સોનૈયાની હુંડી મૂકી અને શહેરમાં સર્વત્ર ફેરવીને ઢંઢેરો પીટાવ્યો કે ‘જે મા–બાપ પુત્રને પોતાને હાથે મારીને તેનું લોહી દરવાજે છાંટશે તેને આ સુવર્ણનું પુતળું અને ક્રોડ સોનૈયા મળશે’ ઢંઢેરો નગરમાં ફરતો એક દરિદ્ર બ્રાહ્મણના ઘર આગળ

આવ્યો અને બ્રાહ્મણે સાંભળ્યો.

બ્રાહ્મણનું વરદત્ત અને તેની સ્ત્રીનું રૂદ્રસોમા નામ હતું. તેઓને સાત પુત્રો હતા, દરિદ્રતાથી દુઃખી બ્રાહ્મણને ધન મેળવવા ઈચ્છા થઈ અને સ્ત્રીને પૂછ્યું, જો તું સંમત થાય તો નાના પુત્ર ઈન્દ્રદત્તને મારીને આ ધન લઈએ.

દરિદ્રતાથી જીવનભર પશુની જેમ જીવ્યાં છીએ, ધન હશે તો બધું ઠીક થશે, એક પુત્ર ઓછો થશે પણ છ સુખી થશે, માટે સમય વિચારીને નિર્ણય કરવો જોઈએ. જગતમાં 'ધન વિનાનો નર પશુ' મનાય છે. ધનના બળે હીન કુળવાળો પણ પૂજાય છે અને લોકો તેને નમે છે. વળી ધન મલવાથી ઘણા બ્રાહ્મણોને જમાડતાં પુણ્ય થશે તેમાં પુત્ર-હત્યાનું પાપ પણ ધોવાઈ જશે, વિગેરે સમજાવ્યું અને લોભને વશ થઈ રૂદ્રસોમાએ પણ

સંમતિ આપી.

બસ, હવે તો વરદત્તને જાણે અત્યારે ક્રોડાધિપતિ હોય તેમ તેને ખુમારી આવી અને બહાર જઈ ઢંઢેરાને ઝીલ્યો ત્યારે મહાજને કહ્યું તું અને તારી સ્ત્રી પુત્રને મારી તેનું લોહી દરવાજે છાંટો તો એ બધું તમને આપી શકાય, વરદત્તે એ કબુલ રાખ્યું અને ઢંઢેરો ત્યાં પૂર્ણ થયો.

પાસે રહેલા ઈન્દ્રદત્તે આ બધું જોયું, સાંભળ્યું અને સમજી ગયો કે સંસારમાં સહુને સ્વાર્થ જ વ્હાલો છે, પુત્ર કે માતા-પિતા, કોઈ કોઈનું નથી, સહુ સ્વાર્થમાં જ રમે છે, ધનનો ભૂખ્યો શું નથી કરતો ? વાડ ચીભડાં ગળે કે રક્ષક ભક્ષક બને ત્યાં પોકાર કોને કરવો ? એક જ પરમાત્મા સર્વ જીવોનો આધાર છે, તે રક્ષા કરશે, શા માટે દીનતા કરૂં ?

## ૨૩૬

પછી તો રાજપુત્ર કરતાંય અધિક શણગારીને મહાજન ઈન્દ્રદત્તને માતા-પિતા સાથે રાજાની પાસે લઈ ગયું. રાજાએ બ્રાહ્મણ-બ્રાહ્મણની સામે જોઈ તેની ક્રૂરતા પ્રત્યે મનમાં જ ફિટકાર આપ્યો, પણ મારવા તૈયાર કરેલા ઈન્દ્રદત્તની સામે જોઈ રાજા આશ્ચર્ય પામ્યો, તેનો પ્રસન્ન ચ્હેરો જોઈ રાજાએ પૂછ્યું, ભલા, અત્યારે રડવાને અવસરે તું આનંદી કેમ છે ? શું તને મારી નાખવાનો છે એ તું જાણતો નથી ? અને જાણે છે તો મરવાનો તને ભય નથી ?

ઈન્દ્રદત્તે શાન્તિથી કહ્યું, રાજન્ ! ભય ન આવ્યો હોય ત્યાં સુદી ડરવું વ્યાજબી છે. આવ્યા પછી તો તેમાંથી પાર ઉતરવા કે તેનો પરાભવ કરવા સત્ત્વ અને ઉત્સાહ કેળવવાં જોઈએ. સાંભળો રાજન્! એક નીતિની વાત. સઘળા ય મનુષ્યોને એ સાંભળવા જેવી છે.

'લોકમાં પિતાથી પરાભવ પામેલો પુત્ર માતાને શરણે, માતાથી ભય પામેલો પિતાના આશ્રયે, ઉભયથી ત્રાસ પામેલો રાજાને શરણે અને રાજા પણ રક્ષણ ન આપે તો મહાજનને શરણે જાય છે' કિન્તુ જ્યાં મા-બાપ સ્વયં પુત્રનું ગળું કાપવા તૈયાર થયાં હોય, રાજા તેમાં બેદરકાર હોય અને મહાજન પોતે જ ધન આપીને એ પાપ કરાવી રહ્યું હોય, ત્યારે એક પરમેશ્વર વિના કોનું શરણ લેવાનું રહ્યું ? પરમેશ્વરનું શરણ સ્વીકારીને આવેલા મેં ભયમાં પસાર થવા માટે ધૈર્ય કેળવ્યું છે, ભલે હમણાં મરણ આવે, પરમેશ્વર મારો રક્ષક છે, હવે રડવું શા માટે ?

ઈન્દ્રદત્તનું એ વચન સાંભળી કરૂણાસમુદ્ર રાજાના હૈયામાં સખત આઘાત લાગ્યો; એના અંતરનાદમાંથી અવાજ ઉઠ્યો, રાજન્ ! ત્હારો ધર્મ સંભાળ !! અને રાજા એકદમ બોલી ઉઠ્યો,

હે પ્રજાજનો ! આ પાપ કરીને એ નગરમાં રહેવા હું કદાપિ તૈયાર નથી. જગતમાં જીવ માત્ર જીવવાનું ઈચ્છે છે, કદી પણ હિંસાથી સુખ મળતું નથી. દયા જ જગતમાં સર્વ સંપત્તિને આપનારી છે. માટે સુખી થવું હોય તો કોઈની પણ હિંસા ન કરો, સર્વની દયા કરો.

બસ, આ રીતે રાજાનું ધૈર્ય, દયા તથા ઈન્દ્રદત્તની શ્રદ્ધા અને સત્ત્વ જોઈને નગરની અધિષ્ઠાયિકા દેવી પ્રસન્ન થઈ. બન્નેની ઉપર પુષ્પવૃષ્ટિ કરી, દરવાજો તત્કાળ સજ્જ કરી દીધો અને સઘળું સ્વસ્થ બની ગયું.

એ જોઈ પ્રસન્ન થયેલો પ્રજાવર્ગ રાજાની ન્યાયી વૃત્તિ અને ઈન્દ્રદત્તની શ્રદ્ધાની પ્રશંસા કરતો દયામૂળ જૈન ધર્મનો પક્ષપાતી બન્યો.

જૈન ધર્મની પ્રશંસા કરતા સહુ વિખરાયા અને રાજાએ પણ મહોત્સવથી પ્રવેશ કરી જિનમંદિરોમાં મહોત્સવ શરૂ કરાવ્યા.

ઈન્દ્રદત્ત પણ પોતાને ઘેર ગયો, મહાજને આપેલું ધન રાજાએ ઈન્દ્રદત્તને સોંપ્યું. કૃતજ્ઞ પુત્રે માતાપિતાને જરાય ન તિરસ્કાર્યાં. બલ્કે, બધી સંપત્તિ તેમને સોંપીને સંસારની અસારતા સમજતા ઈન્દ્રદત્તે સંસારની મમતા છોડીને આત્મકલ્યાણ સાધ્યુ. ઘણા જીવોને ધર્મી બનાવ્યા. નગરના લોકો પણ દયા ધર્મથી ઉત્તરોત્તર સુખી થયા.


એમ એક જ દયાના પરિણામે બધાં દુઃખ દૂર થયા અને સર્વ સંપત્તિ આવી મળી, ક્રૂર દેવી પણ વશ થઈ ગઈ, માટે સુખના અર્થીએ સર્વ જીવોને પોતાના જેવા ગણી કોઈને દુઃખ ન દેવું એ જ માનવનું પ્રથમ કર્તવ્ય છે.

બીજા ઉપર દયા કરવાથી આત્મામાં પરિણામો કોમળ બને છે, કઠોરતાનો નાશ થાય છે અને જેમ કોમળ ખેડેલી ભૂમિમાં વાવેલું બીજ ઉગે તેમ તેમાં ગુરુવર્ગના હિતકારી વચનોરૂપી સત્યનું (સન્માર્ગનું) સિંચન પચે છે, એનાથી આત્મામાં ઉત્તરોત્તર ગુણરૂપી પાક પાકે છે, અર્થાત્ જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થતી જાય છે અને પરિણામે મોક્ષ પણ થાય છે માટેજ કહ્યું છે કે **'દયા એ ધર્મનું મૂળ છે.'**

**સમાપ્તમ્**

* * *

જેમની મૂર્તિની મોહકતા આખા મલકનું મુખ મલકાવે છે..
એવા શ્રી જોટવા પાર્શ્વનાથ ભગવાન જ્યાં બિરાજે છે..
જેમના નામસ્મરણ માત્રથી પાપ-તાપ અને સંતાપ
નાશ પામે છેએવા સંતજગતના શિરમોર મહાપુરૂષ
પ.પૂ.આ.શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજાનું જે
જન્મસ્થાન છે.. તેવા ગરવા ગુજરાતના ગરવા ગૌરવ સમા..



# શ્રી જોટવા પાર્શ્વનાથ તીર્થ,

## ધીણોજ

### તીર્થસંકુલની વિશેષતાઓ

* ભવ્ય જિનાલય
* આ.શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજાનું અલૌકિક ગુરુમંદિર
* પૂ.સાધુ તેમજ સાધ્વી ભગવંતોનો ઉપાશ્રય
* ભોજનશાળા * ધર્મશાળા
* શ્રી સિદ્ધિ-ભદ્રંકર નાલંદા વિદ્યાપીઠ * ગૌશાળા

એ સુનિશ્ચિત છે કે શ્રદ્ધાથી સેવેલું પણ ઔષધ કદાચ નિષ્ફળ જાય પણ શ્રીવીતરાગની આજ્ઞાનું પાલન નિષ્ફળ થતું નથી. જીવ ન સમજી શકે તેવી રીતે તે જીવની આંતરશુદ્ધિ કરે છે અને એક સમર્થ સુભટની જેમ કર્મસેનાની સામે ઝુઝુમી જીવ મોહને પરાસ્ત કરે ત્યારે જ ઝંપે છે.

આજે પણ યથાશક્ય નિર્મોહી બનવામાં પ્રયત્નશીલ કેટલાય આત્માઓ છે. ભલે, તેઓ સંખ્યામાં થોડા હોય, પણ તેઓ જ માનવતાનું સાચું ફળ સાધનારા છે. આટલું સત્ય સમજીને જીવો આરાધક બને એ ઉદ્દેશથી બાળજીવોને ઉપકારક એવો થોડો સંગ્રહ આ પુસ્તિકામાં કરવામાં આવ્યો છે, એના શ્રદ્ધાપૂર્વકના સેવનથી જીવનું મરણ સુધરવાનો અચૂક સંભવ છે.

98203 16848